
સળંગ અંક - ૫૧ જુલાઈ -૨૦૧૧

# શ્રી સ્વામિનારાયણ

માસિક

કિંમત રૂ. ૫-૦૦



## અમેરિકા ખાતે
## પ.પૂ. લાલજીમહારાજશ્રીની અધ્યક્ષતામાં
## સૌપ્રથમ બાળ સત્સંગ શિબિર

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧

**ગુજરાત ટુરીઝમની જોવાલાયક સ્થળની યાદીમાં**
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો સમાવેશ કરવામાં આવેલ છે.**

Vibrant Gujarat
Colours of India

ક્રમાંક:માર્કેટીંગ/પ્રચાર/૨૦૧૧/ 170 8/6/11 તા:૮/૬/૧૧

પ્રતિ,
મુખ્ય કારભારીશ્રી,
મુખ્ય કારભારીશ્રી કચેરી,
શ્રી સ્વામીનારાયણ મંદિર,
કાલુપુર,
અમદાવાદ–૧

<u>વિષય</u> : શ્રી સ્વામીનારાયણ મ્યુઝિયમ, નારણપુરા – અમદાવાદને પ્રવાસન વિભાગમાં જોવાલાયક સ્થળ તરીકે નોંધણી કરવા અંગે.
સંદર્ભ : આપનો તા:૩૦/૪/૧૧નો પત્ર.

**મહાશય,**

ઉપરોક્ત વિષય અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, અમદાવાદના જોવાલાયક પ્રવાસન સ્થળોના બ્રોશરમાં શ્રી સ્વામીનારાયણ મ્યુઝિયમ, નારણપુરા – અમદાવાદનો સમાવેશ કરવામાં આવશે.

સામાન્ય રીતે ગુજરાત રાજ્યની પ્રવાસન પ્રવૃત્તિની પ્રચાર–પ્રસિધ્ધિ જુદા–જુદા માધ્યમો ધ્વારા દેશ–વિદેશમાં કરવામાં આવે છે જેથી અમદાવાદના જોવાલાયક સ્થળોનું બ્રોશર પણ ગુજરાત પ્રવાસન નિગમ ધ્વારા જ્યારે જ્યારે પ્રચાર–પ્રસિધ્ધિ કરવામાં આવે છે ત્યારે આ બ્રોશરનું વિતરણ કરવામાં આવે છે. આમ અમદાવાદના જોવાલાયક સ્થળોમાં આપના મ્યુઝિયમનો સમાવેશ થયા બાદ દેશ–વિદેશમાં આ પ્રચાર–પ્રસિધ્ધિ થશે જે આપશ્રીને વિદિત થાય.

આપના મ્યુઝિયમના ફોટોગ્રાફની શોફ્ટ કોપી તથા વિગતો નિગમની એડ એજન્સી સૌભાગ્ય એડ્વર્ટાઈઝીંગ અમદાવાદનો મોબાઈલ નં.૯૩૨૮૫૧૯૬૯૫,શ્રી દર્શનને મોકલી આપવા વિનંતી છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,
K. Parmar
મેનેજર (માર્કેટીંગ)

<u>નકલ રવાના:</u>
(૧) સૌભાગ્ય એડ એજન્સી, ૧લો માળ, શંકર ચેમ્બર્સ, એચ.કે.હાઉસ પાસે, અમદાવાદ –અમદાવાદના જોવાલાયક સ્થળોમાં શ્રી સ્વામીનારાયણ મ્યુઝિયમ, નારણપુરા–અમદાવાદ નો સમાવેશ કરવા વિનંતી છે.

Tourism Corporation of Gujarat Limited
(A Govt. of Gujarat Undertaking)
Block No. 16/17, 4th Floor, Udyog Bhavan, Sector 11, Gandhinagar - 382 016.
GUJARAT TOURISM Phone : +91-79-23222523, 23222645, 23220002 Fax : +91-79-23238908
E-mail : Website : www.gujarattourism.com






















૧.બાપુનગર એપ્રોચ મંદિરમાં ફૂલોના વાઘાથી શ્રી ઘનશ્યામ મહારાજના શ્રીનાથજી સ્વરૂપે દર્શન. ૨. નારણઘાટ મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજ ચંદનના વાઘામાં. ૩. બામરોલી (મ.પ્ર.)મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી .૪. ઝુલાસણ આપણા મંદિર પાટોત્સવ પ્રસંગે આશીર્વચન આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૫. જીવરાજપાર્ક મંદિરના પાટોત્સવ પ્રસંગે પ.પૂ.મહારાજશ્રીના સાનિધ્યમાં અન્નકૂટ દર્શન. ૬. રાજપુરા કથા પ્રસંગે પધારેલ પ.પૂ.મોટા મહારાજશ્રી

# શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

વર્ષ - ૫ | અંક : ૫૧ | જુલાઈ-૨૦૧૧


**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | આસન | ૦૪ |
| ૦૪. | જનમંગલ અભિયાન | ૦૫ |
| ૦૫. | ભૂજની વ્રજભાષા પાઠશાળાના અંતિમ આચાર્ય શ્રી શંભુદાનજીને ધર્મધુરંધર પૂ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજે બિરદાવ્યા | ૦૭ |
| ૦૬. | પીરાણાના કાકા | ૦૯ |
| ૦૭. | પૂ.બાપજી - ચિત્રકારને ચિત્રે તેવા ચિત્રકાર | ૧૧ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી..... | ૧૨ |
| ૦૯. | અવગુણ જોવા તો પોતાના જ જોવા | ૧૩ |
| ૧૦. | આનંદની હેલી | ૧૪ |
| ૧૧. | સત્સંગ સુરભિ | ૧૫ |
| ૧૨. | સત્સંગ બાલવાટિકા | ૧૭ |
| ૧૩. | ભક્તિ સુધા | ૧૯ |
| ૧૪. | પ્રશ્ન પેટી | ૨૩ |
| ૧૫. | સત્સંગ સમાચાર | ૨૪ |

# અસ્મદીયમ

શ્રીજી મહારાજે (ગ.મ. ૨૫) કહ્યું છે જે, જે ભગવાનના ભક્ત હોય તેને તો ભગવાનને તથા ભગવાનના ભક્તને જે ન ગમતું હોય તે ન જ કરવું. અને પરમેશ્વરને ભજીયામાં અંતરાય કરતા હોય ને તે પોતાના સગાં વહાલાં હોય તેનો પણ ત્યાગ કરવો. અને ભગવાનને ન ગમે એવા કોઈ પોતામાં સ્વભાવ હોય તો તેનો પણ શત્રુની પેઠે ત્યાગ કરવો. પણ ભગવાનથી જે વિમુખ હોય તેનો પક્ષ લેવો નહીં. જેમ ભરતજીએ પોતાની માતાનો પક્ષ ન લીધો. અને ભગવાનના ભક્ત હોય તેને તો સૌથી વિશેષે પોતામાં અવગુણ ભાસે. અને જે બીજામાં અવગુણ જુએ અને પોતામાં ગુણ પરઠે તે તો સત્સંગી છે તો પણ અર્ધો વિમુખ છે. માટે આપણે સૌએ મહારાજના ઉપરોક્ત વચનામૃતનું નિત્યે અનુસંધાન રાખવું અને ભગવાન શ્રીહરિના ગમતામાં રહેવું. ચાતુર્માસનો પ્રારંભ થઈ ચૂક્યો છે. જેથી આપ સૌ એ શિક્ષાપત્રીમાં દર્શાવેલા નિયમો પૈકી કોઈ એક નિયમ અવશ્ય લેજો. અને જેટલું થાય તેટલું વધારે ભજન કરજો. વર્ષાઋતુનો સમય ચાલે છે. જગતનો તાત ખેડૂત વરસાદની કાગડોળે રાહ જુએ છે. ઈષ્ટદેવને દરેકે દરેક હરિભક્ત પ્રાર્થના કરજો જેથી મેઘરાજાની મહેર થાય.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જૂન -૨૦૧૧)

૨-૩. માધાપર (કચ્છ) પધરામણી
૪. શ્રી સ્વામિનારાયણ મંદિર મોટા ગોરૈયા (તા. વિરમગામ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૫. શ્રી સ્વામિનારાયણ મંદિર દેત્રોજ પુનઃ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ગોઠીબ અને સવગઢ (પંચ મહાલ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.
૧૦. શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૨. સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.
૧૫. શ્રી નરનારાયણદેવને કેશર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.
૧૬. જેતલપુર શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજને કેશર સ્નાન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.
૧૭. પ.ભ. દશરથભાઈ પ્રહલાદભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી)ના નવા બંગલાના ખાતમૂહુર્ત પ્રસંગે પધરામણી, થલતેજ.
૧૮. પ.ભ. પ્રવિણભાઈ વી. નસીતને ત્યાં પધરામણી, વસ્ત્રાપુર.
૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર ઉનાવા મહાપૂજા પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પધરામણી.
૨૩ થી ૫ જુલાઈ અમેરિકાના ધર્મ પ્રવાસે પધરામણી.



## ભાવિ આચાર્ય પ.પૂ. શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(જૂન -૨૦૧૧)

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર પ્રાંતિજ પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૫. શ્રી સ્વામિનારાયણ મંદિર રામોલ જામફળ વાડી પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૪. થી ૭. જુલાઈ અમેરિકામાં સત્સંગ યુવા શિબિર પ્રસંગે પધરામણી.

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com    છપૈયા : www.chhapaiya.com
મહેસાણા : www.mahesanadarshan.org    ટોરડા : www.gopallalji.com

# આસન

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

આપણી વૈદિક અને પૌરાણિક પૂજન વિધિમાં જપ, તપ, યજ્ઞ, ધ્યાન, મંત્ર, પૂજન વિવિધ કર્મ હેતુમાં સાધકને બેસવાના આસન વિષે વેદોમાં લાભ હાનિનું નિરુપણ કરવામાં આવેલ છે. કાર્યની સિધ્ધિમાં આસનની ખૂબજ મહત્વની ભૂમિકા રહે છે.

વિજ્ઞાનના મતે ઉત્તરધ્રૂવનું મેગ્નેટીક પ્રેશર પૃથ્વી તરફ થતાં તત્વોની ગતિ પૃથ્વી તરફ થયા કરે છે. આપણું શરીર તે પાંચ તત્વોની બનાવટ હોવાથી બ્રહ્માંડના તત્વોની ગતિના પ્રવાહ સાથે શરીર જોડાયેલું છે. આપણે જ્યારે જપ તપ દાન યજ્ઞ હોમ પૂજા કરતા હોઈએ ત્યારે આપણા શરીરમાં વિશેષ પ્રચૂર માત્રામાં ઊર્જા શક્તિ ઉત્પન્ન થવાથી તે સમયે આપણું શરીર જમીન ભૂમિ સાથે અડેલું (સ્પર્શ) હોય અથવા આપણા અને પૃથ્વીની વચમાં ઉત્તમ આવરણ (આસન) રાખવામાં ન આવે તો તે જપ તપાદિથી ઉત્પન્ન થયેલી ઊર્જા શક્તિ પૃથ્વીમાં ચાલી જાય છે તથા પૃથ્વીની ઊર્જા સાથે ટકરાવ થતાં કલેશ અને રોગ ઉત્પન્ન કરે છે. અને તે ઉર્જા આસનના આવરણથી શરીરમાં સંચય થતાં તન મન ને પ્રભાવિત કરે છે. અને યથાર્થ ફળના ભોક્તા બનીએ છીએ. તેથી આપણા ઋષિ મુનિઓએ મસ્તક પર ટોપી, પાઘડી કે વસ્ત્ર ઢાંકવાના અને આસનોના નિયમો બનાવ્યા. આસન સાધના સિધ્ધ કરવા પાયાની જરૂરીયાત છે.

આપણા સંતોએ આસન વિષે ઘણુંજ સંશોધન કરી આસનોને પ્રમાણિત અને નિષેધ આસનો કહેવામાં આવેલ છે. ઉત્તમ આસનોના માધ્યમથી જપ તપ મંત્ર યજ્ઞ હોમનું ફળ મળે છે અને નિષેધ કરેલા આસનો અથવા આસન વિના જમીન ભૂમિ પર બેસવાથી અનેક પ્રકારના રોગ સંકટ ઉપસ્થિત થાય છે. આપણે જોઈએ છીએ કે પૂજા-પાઠ કર્યા બાદ પણ માણસ માનસિક સ્વસ્થ થયો હોય એવું જણાય નહિ તો સમજવું કે પૂજા વિધિની પ્રાથમિક જરૂરીયાતો (આસન વિગેરે)નો અભાવ છે.

આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી શ્લોક ૫૧ માં સ્વહસ્તે લખ્યું છે કે, ''ઉપવિશ્ય તતઃ શુધ્ધઃ આસને શુચિ ભૂતલે અસડકીર્ણ ઉપસ્પૃશ્યં'' એટલે કે પવિત્ર ભૂમિ પર પાથરેલું શુધ્ધ અને બીજા આસનને (કારપેટ ગાલીચો) અડ્યુ ન હોય તથા જેના પર સારી રીતે બેસાય તેમ હોય એવા આસન ઉપર બેસવું. શ્રી કૃષ્ણ ભગવાને શ્રીમદ્ ભાગવદ્ગીતા (૬-૧૧) માં કહ્યું છે કે, પવિત્ર સ્થાનમાં સ્થિર આસન બિછાવવું. જે અતિ ઉંચુ તથા અતિ નીચું ન હોવું જોઈએ.

શ્રેષ્ઠ આસનની વિગતમાં કેટલાક વિદ્વાનોના મતે આસનનું માપ લાકડાનો પાટલો ૨૪ x ૧૬ આંગળ અને ચાર આંગળ ઊંચુ હોવું જોઈએ. તથા વસ્ત્રાદિનું આસન બે હાથ લંબાઈ દોઢ હાથ પહોળાઈ હોવું જોઈએ. અર્થાત્ જેના પર સારી રીતે બેસાય. શરીર જમીનને અડે નહિ એવું આસન શ્રેષ્ઠ કહેવાય છે. પૂજાનો પાટલો સ્થાપન વિગેરેથી આપણું આસન નીચું રાખવું. હાલમાં પગના દર્દીઓની સંખ્યા વધવાથી ખુરશીમાં બેસવું પડતુ હોય તો તે પ્રમાણે ભગવાનનું સ્થાપન (પૂજા) ઉચું રાખવું. જપાત્મક પાઠ માટે હિંચકો-ખુરશી, વાહન ને આસન ગણવું હોય તો પ્રમાણિત આસન રાખીને બેસવું.

પ્રમાણિત આસનો જેવા કે, દર્ભ, ગરમ શાલ, ગરમ કામળો, મૃગચર્મ, વ્યાર્ધચર્મ, રેશમી વસ્ત્ર, સુતરાઉ વસ્ત્ર, કાષ્ટમાં-શમી, કદમ્બ, વરુણ, ખેર, શોણ, વિગેરે અને નિષેધ આસનો જેવા કે, લોખંડ, કાંસુ, સીસુ, જેમાં લોખંડની ખીલીયો લગાડી હોય તેવા પાટલા, વાંસ, પથ્થર, માટી, પાંદડાં (તૃણ), પણશ, છાંણ, પીપળાનું લાકડું, તથા જેમાં છિદ્ર હોય તુટેલું હોય એવા આસનો વર્જીત છે. પુત્રવાન, ગૃહસ્થો એ મૃગચર્મ ન વાપરવું.

યોગ સૂત્રમાં ભગવાન વ્યાસજી લખે છે કે, નિષેધ આસનોના ઉપયોગ કરવાથી જેમ કે, વાંસના આસનથી દરિદ્રતા આવે, પથ્થરના આસનથી વ્યાધિ આવે, છિદ્ર

(અનુસંધાન પાના નં. ૯ ઉપર)

# જનમંગલ અભિયાન

- સ.ગુ. શાસ્ત્રી સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર)

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અમદાવાદનો રજત જયંતી મહામહોત્સવ ૨૦૧૩ ના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અમદાવાદ દ્વારા આયોજીત "જનમંગલ કંઠસ્થ અભિયાન"નો પ્રારંભ થઈ ગયો છે. સ.ગુ. શતાનંદ સ્વામી વિરચિત મહાપ્રતાપી જનમંગલ નામાવલિનો મહિમા અને એક-એક ભગવાનના મંગળકારી નામનો અર્થ, વિસ્તાર અને મહિમા સમજવાનો એક અવસર. જનમંગલ નામાવલિ વિષે વિશેષ તો શું કહીએ પણ એ સર્વશાસ્ત્રોના મંથન કર્યા બાદ મળેલુ સાર રૂપ મોક્ષનું ભાથું છે.

સુખકારી, સર્વ મનુષ્યોનું કલ્યાણ કરે એવું આ સ્તોત્ર હોવાથી જનમંગલ એવું જન્મ સાર્થક થાય છે. આ નામાવલિનો પાઠ કરે તેને સત્સંગિજીવનના પાઠ કર્યાનું ફળ મળે છે.

એકવાર ભગવાન શ્રી સ્વામિનારાયણે સ.ગુ. શતાનંદ સ્વામીને આજ્ઞા કરી કે એક એવા શાસ્ત્રની રચના કરો કે જેમાં અમારા જન્મથી લઈ સર્વે લીલા ચરિત્રો હોય અને સાથોસાથ તેમાં નિયમ, નિશ્ચય અને પક્ષનું અદ્ભુત બંધારણ પણ હોય. ત્યાર બાદ શતાનંદ સ્વામીને શ્રીજી મહારાજની આજ્ઞાને શિરોધાર્ય રાખીને અદ્ભુત શાસ્ત્રની રચના કરી જેમાં પાંચ પ્રકરણો છે, ત્રણસો સાંઈઠ અધ્યાયો છે અને સતર હજારથી પણ વધુ શ્લોકો છે. આવા સત્સંગિજીવન શાસ્ત્રોની રચના કરી. સત્સંગિજીવન શાસ્ત્રનો નિત્ય પાઠ કરનાર ભક્ત ક્યારેય પોતાના જીવનમાં દુઃખી થતો નથી. પરંતુ સ્વામીએ વિચાર કર્યો આ તો સામાન્ય રીતે શક્ય નથી. નિત્ય સત્સંગિજીવન શાસ્ત્રનો પાઠ કરે તો વહેવાર, પ્રવૃતિ બધુ બંધ કરી દેવું પડે અને આવું શક્ય બને નહિ. તેથી સ.ગુ. શાતનંદ સ્વામીએ શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રમાંથી જ સર્વમંગળ નામાવલિ નામનું નાનું શાસ્ત્ર બનાવ્યું. જેમાં ભગવાનના ૧૦૦૮ કલ્યાણકારી નામનો સમાવેશ છે. અને આ સર્વમંગલ નામાવલિની રચના બાદ સંતોષ થયો પણ ત્યાં એમને ૨૧ મી સદીનો માણસ યાદ આવ્યો કે કળિયુગના માણસ પાસે આ સર્વમંગળ નામાવલિનો પાઠ કરવાનો સમય પણ નહિ હોય આવો વિચાર કરી સ્વામીએ કલમ ઉપાડી મહારાજનું નામ લઈ એક "ગાગરમાં સાગર" સમું અને વેદોનો પણ સાર જેમાં છે એવું જનમંગલ સ્તોત્રની રચના કરી કે જેમાં ભગવાનના ૧૦૮ પવિત્ર નામ આવે છે. પણ એમાં ભગવાનનાં ત્રણ પ્રકાર ના નામ છે. તેમાં કેટલાક નામો સ્વરૂપાનુબંધી છે. જેમાં ભગવાનનું સ્વરૂપ કેવું છે. એ સમજાવે છે. ઉ.દા. તરીકે "ૐ શ્રી નરનારાયણાય નમઃ" ત્યારબાદ કેટલાક નામ ગુણાનુબંધી. જેમાં ભગવાનમાં કેવા કેવા ગુણો છે. એનું વર્ણન છે. ઉ.દા. "ૐ શ્રી ઉદારાય નમઃ" અને કેટલાક નામ કર્માનુબંધી છે. જેમાં ભગવાનના કાર્ય નો ઉલ્લેખ અને કાર્ય દ્વારા નામ પાડ્યા છે. "ૐ શ્રી પાખંડોચ્છેદન પટવે નમઃ" આમ શ્રી જનમંગલ સ્તોત્રની રચના થઈ.

શાસ્ત્ર એમ લખે છે નિત્ય જનમંગલના ૧૧ પાઠ કરવાથી મનવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે. જેવી રીતે દેહની શુદ્ધિ સ્નાનથી થાય છે. અને મનની શુધ્ધિ જ્ઞાનથી થાય છે તેમ હૃદયની શુધ્ધિ હરિનામથી થાય છે. કદાચ ભગવાનનો ભક્ત પ્રભુને રીઝવવા માટે યજ્ઞ કરે, મહાપૂજા કરે આદિક સત્કર્મો કરે પણ એ પૂજા, યજ્ઞમાં બેસનારાના અમુક નિયમ હોય કે શુધ્ધિ કરવી પડે, દેહન્યાસ કરવો પડે, ધોતી અને ઉપવસ્ત્ર પહેરવું પડે પણ આ એક એવી ભક્તિ-ભજન છે કે જેમાં કાંઈજ નહિ કરવાનું માત્ર ને માત્ર શ્રધ્ધાપૂર્વક પરમાત્માનું નામજ લેવાનું છે ને મોટા માં મોટો ભક્તિ યજ્ઞ !

સ્તોત્રના ફાયદા વિશે તો સ્વયં સ.ગુ. શતાનંદ સ્વામીએ લખ્યું છે કે

"एतेत्संसेवमानानां पुरुषार्थ चतुष्टये ।
दुर्लभं नास्ति किमपि हरिकृष्ण प्रसादतः ॥

भूत प्रेतपिशाचानां डाकिनी ब्रह्मरक्षसाम् ।

योगिनानां तथा बालगृहादिनामुपद्रवः ॥

જે ભક્ત વળી ભક્તિ-શ્રધ્ધાપૂર્વક આ સ્તોત્ર સાંભળે, સંભળાવે તો તેના સમસ્ત પાપો મૂળમાંથી નાશ પામી જાય છે. અને આ સ્તોત્રનો પાઠ કરે તો તેને ચારેય પુરૂષાર્થ સિદ્ધ થાય છે અને ભૂત, પ્રેમ, પિશાચ, ડાકિની, બ્રહ્મરાક્ષસ યોગિની આદિક જે દુઃખ જ છે જે જોઈ શકાતા નથી. પરંતુ આ સ્તોત્રનો વિધિ પ્રમાણે કોઈ પાઠ કરે તો તેના તમામ દુઃખો નાશ પામી જાય છે. આવુ પ્રતાપી જનમંગલ સ્તોત્ર છે. શ્રી નરનારાયણદેવ યુવક મંડળના ૧૦૦૦ હજાર યુવાનો આને કંઠસ્થ કરી નિત્ય પાઠ કરે એવા શુભ સંકલ્પથી ''જનમંગલ કંઠસ્થ અભિયાન''નું આયોજન કરવામાં આવ્યું છે.

ખાસ કરીને જે ભક્તો આ અભિયાનમાં ભાગ લેવા ઉત્સાહિત છે એમના માટે દર શનિવારે જનમંગલ કથાનું આયોજન કરેલું છે. જેમાં એક શનિવાર ઘાટલોડીયા વિસ્તારમાં સભા અને એક શનિવાર બાપુનગર વિસ્તારમાં સભામાં સભાનું સ્થળ અને તારીખ આપને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, નારાયણઘાટ, રાણીપ, નવાવાડજ, બાપુનગર આદિક મંદિરોમાં બેનર લગાવેલા હશે જેમાંથી મળી જશે. તો આપ સર્વે વિશેષ લાભ આ અભિયાનનો લેશો એવી આશા છે.

---

**આસન** (પાના નં. ૪નું ચાલું)

વાળા તુટેલા આસનથી દુર્ભાગ્ય આવે, તૃણ પાંદડાના આસનથી ધન-યશની હાનિ થાય છે. પણશના આસનથી ચિતભ્રમ થાય છે, આસન વિના પૃથ્વી પર બેસવાથી રોગ અને કષ્ટ આવે છે. જેમાં પૃથ્વીની ઉર્જા અને મંત્રની ઉર્જાનો ટકરાવ થતાં કલેશ ઉત્પન્ન કરે છે. તેમજ ખનિજ પદાર્થમાંથી બનાવેલ પ્લાસ્ટીકના ચટાઈઓ, પાથરણાં, કારપેટનો ઉપયોગ કષ્ટ દાયક છે.

ધરતી પર સૌને રહેવાના ઘર ભલેને જુદા જુદા હોય પણ જીવમાત્રને રહેવાને માટે પૃથ્વી એકજ ઘર છે. તે સૌને ધારણ કરે છે. તે જડ નથી પરંતુ આધિ દૈવિક રૂપમાં ગૌ માતા છે. જે ભગવાન વિષ્ણુની પત્ની સ્વરૂપા છે. આપણે જીવ ભગવાનના સંતાનના નાતે પૃથ્વી આપણી માતા છે. તેથી સર્વ કર્મની શરૂઆતમાં પૃથ્વી માતાને પ્રણામ કરી આસન શુદ્ધિ કરવી. શ્રીહરિએ ''શુચિ ભૂતલે'' કરવું તો વંદન કરવાથી શુધ્ધ થાય છે.

પૂજા કર્મના અંતે આસનની નીચે આચમની જળ મુકીને ત્રણવાર ભૂ.ભૂવ.સ્વ. બોલીને તે જળનો મસ્તકને ત્રણવાર સ્પર્શ કરવો. એટલે આસન તળે રહેલી ઉર્જા આપણા તન મનમાં આવે છે.

હવે ખાસ ચેતવણી કે, પૂજા-યજ્ઞ-કર્મ દરમ્યાન વચમાં ઉભા થવાની આવશ્યકતા પડે અથવા વિરામના સમયે ઉભા થતા જ આસન વાળીને રાખવું. કેમ કે ઈન્દ્રાદિદેવોને પૃથ્વી લોકમાં કર્મનો અધિકાર નથી, તેથી કોઈ સાધકની અધુરી પૂજાના આસન પર બેસીને પૂજા કરી લે અને સમ્પૂર્ણ પૂજાનું ફળ લઈને પલાયન થઈ જાય છે. એમ આચાર મયુખ ગ્રન્થમાં જણાવેલ છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર બામરોલી (મધ્યપ્રદેશ) પાટોત્સવ તિથિમાં ફેરફાર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર બામરોલી (મધ્યપ્રદેશ)નો વાર્ષિક પાટોત્સવ જેઠ સુદ-૫ના બદલે હવે કાયમી **દર વર્ષે કારતક વદ-૫ (પાંચમ)ના ઉજવાશે.** તેની સૌ હરિભક્તોએ નોંધ લેવી.

**સાભાર સ્વીકાર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી હરિદ્વાર આપણા મંદિરમાં શાસ્ત્રી હરિજીવનદાસજી લિખિત **''આનંદની હેલી''** પુસ્તિકાનું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના હસ્તે વિમોચન થયું. આ પુસ્તિકામાં શ્રીહરિના રમૂજ ભર્યા અને આનંદદાયી ચરિત્રોનો સંગ્રહ છે. અને બાળકો માટે પ્રાચીન વાર્તાઓનો સંગ્રહ **''ચાલો વાર્તાઓના મેળામાં''** ભાગ-૬ ખાણ મંદિર ખાતે પ.પૂ. મહારાજશ્રીના હસ્તે વિમોચન થયું હતું.

# ભૂજની વ્રજભાષા પાઠશાળાના અંતિમ આચાર્ય શ્રી શંભુદાનજીને ધર્મધુરંધર પૂ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજે બિરદાવ્યા



- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

કચ્છ રાજ્યનો ઉદ્દભવ તથા સામાજીક, ધાર્મિક તથા રાજીકિય વ્યવસ્થા તથા રાજ્યવંશ અને રાજવીઓએ કરેલા અનેક પ્રજાહિતનું કાર્યો પર રાજકવિ શ્રી શંભુદાનજી ઈશ્વરદાનજી રત્નુનો ''કચ્છ દર્શન'' ગ્રંથ ઉત્કૃષ્ટ પ્રકાશ પાડે છે. તેઓશ્રી વર્ણવે છે કે શ્રીજી મહારાજે કચ્છના પાટનગર ભુજમાં સ્વહસ્તે શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ પધરાવી છે. તે સમયે સંવત ૧૮૭૯ ના વૈશાખ સુદ-૫ ના દિવસે આ મંદિર માટે બાગની જમીન તથા સંવત ૧૯૧૬ ના કારતક સુદ-૧૧ ના રોજ તેની અંદરનો કૂવો મહારાવશ્રી દેશળજી બીજા અને તેમના ધર્માંગના મહારાણી બાઈજીબા વાઘેલીએ આચાર્ય મહારાજશ્રી અયોધ્યાપ્રસાદજીને તુલસીપત્રે કૃષ્ણાર્પણ કરેલ છે. સંવત ૧૯૨૨ ના અષાડ સુદ એકાદશીના રોજ તેમણે શ્રી નરનારાયણદેવના નિજ મંદિરમાં ચાંદીના કમાડ કરાવી શ્રી કૃષ્ણાર્પણ કર્યા છે.

રાજકવિવર શંભુદાનજી કેવી રીતે સત્સંગના યોગમાં આવ્યા અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજી તથા શ્રી તેજેન્દ્રપ્રસાદજીના કૃપાપાત્ર બન્યા તેનો યશ તેમણે પોતાના સદ્‌ગુરૂવર્ય શ્રી બાલમુકુંદદાસજી સ્વામી કે જેઓ બ્રહ્માનંદ સ્વામીની ગુરૂપરંપરામાં આવે છે અને જેઓ હાલે ૮૭ વર્ષના જ્ઞાન વૃધ્ધ પૂ.સ.ગુ. ધ્યાની સ્વામી શ્રીહરિસ્વરૂપદાસજીના ગુરૂવર્ય થાય તેમને આપે છે. કવિવર રસપ્રદ વાત લખી જણાવે છે કે, ''શ્રી બાલમુકુંદદાસજી સ્વામી મૂળીથી પધારી ભુજમાં મંદિરમાં રહેલા. તેઓશ્રી પૂર્વાશ્રમમાં લોહાણા જ્ઞાતિના હતા. પિતાશ્રીનું નામ નથુભાઈ માતાનું નામ દેવકી બાઈ હતું. સાણંદ તાલુકાના નળકાંઠાના ગામ કુંડળના વતની હતા. તેમનો જન્મ કારતક સુદ-૧૧ સં. ૧૯૪૦ ના થયેલો. તેમણે સં. ૧૯૬૩ના કારતક સુદ-૧૧ પોતાના જન્મદિને અમદાવાદ ગાદીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના વરદ્ હસ્તે સંત દીક્ષા ગ્રહણ કરી. પોતાના ધર્મગુરૂ મૂળીના પૂ. સનાતનદાસજી પાસેથી ધર્મગ્રંથો શાસ્ત્રોનો અભ્યાસ કરી નિપુણ બનેલા. સંવત ૨૦૦૧ માં મૂળીથી ભુજ મંદિરમાં પધાર્યા.

કવિવરને પૂ. બાલમુકુંદદાસજીના ઐશ્વર્યનો થયેલો અનુભવ તેઓએ લખેલો છે. ''એ સમયે બાગ ખાતામાં મારી નોકરી હતી. રાજ્યના તમામ બાગ બગીચાની સંભાળ મારે લેવી પડતી. સામત્રા ગામથી ત્રણ ચાર માઈલ દૂર શ્રી પ્રાગસર ગાર્ડન ચાડવા રખાલમાં શેરડીનું વાવેતર સુંદર થયેલું. તેમાંથી ગોળ બનાવવાનો કોન્ટ્રેકટ હરિભક્ત કાનજીભાઈ (દાદા)ને આપેલ. તેઓએ આ પ્રસંગે ભુજ મંદિરના સંતોને પ્રેમથી નિમંત્રેલા. ત્યાં પૂ. બાલમુકુંદદાસજી સ્વામી પધારેલા. કથાવાર્તા ચાલુ હતી. ત્યાં મારે પણ જવાનું હતું. સ્વામીશ્રીએ મને ચારણ જાણી એકાદ છંદ સંભળાવવા જણાવ્યું. પછી તો સ્વામીજીએ સ્વયં અનેક છંદો સંભળાવ્યા અને પ્રેમથી સમજાવ્યા. ત્યારે હું ડઘાઈ ગયો. લગભગ અગિયાર વાગ્યા સુધી આ સભા ચાલી. મારે બીજે દિવસે ત્યાં રોકાવાનું હતું. પરંતુ મને ભુજથી માણસો બોલાવવા આવ્યા કહ્યું કે, ''તમારો નાનો પુત્ર પુષ્પદાન જરા વધારે બીમાર પડી ગયો છે. તમને અત્યારે જ ભુજ બોલાવે છે, તેથી તાત્કાલિક મેં પૂ. સ્વામીજીને બધી હકીકત જણાવી, રજા માગી. ત્યારે બાલમુકુંદદાસજી સ્વામી કહે, ''ભગવાનશ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ તમારી બધીજ ચિંતા દૂર કરી દેશે. સૌ રૂડાવાના થશે. તમારા બાબાને આરામ થઈ જાય

પછી ભુજ મંદિરમાં આવજો અને મળજો.'' વહેલી સવારે ભુજ આવ્યો. પુષ્પદાનની ગંભીર બીમારી માત્ર જોતજોતામાં દૂર થઈ ગઈ.

ત્યારબાદ પૂજ્ય સ્વામીજી પાસે જવા લાગ્યો. સંવત ૧૯૯૫-૧૯૯૬ માં મારા પડોશમાં હળવદના સાંખ્યયોગી મોતીબા રહેવા આવેલા. મારા ધર્મપત્નિ તેમના પાસે સત્સંગી થયા. એક વખત સ્વામીજી પાસે ભગવાનના દર્શન કરીને બેઠો ત્યારે તેઓ કહે અમારી ઈચ્છા છે, તમો કંઠી બંધાવી સત્સંગી બનો. નિયમ ન પાળી શકવાની મારી લાચારી અને અશક્તિ જણાવી. ત્યારે સ્વામીજીએ ફરમાવ્યું કે ગુરૂ તરીકે હું તમને મારું પુણ્ય આપું છું. ભગવાન તમારી રક્ષા કરશે.'' ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજી પાસેથી ગુરૂમંત્ર અપાવ્યો. કચ્છમાં મહારાજશ્રી પધારતા ત્યારે હું મારા કાવ્યો રજૂ કરતો. પ્રત્યેક સમૈયાઓમાં હું હાજર રહેતો. ભુજ મંદિરના સંતો મને સત્સંગી કવિ તરીકે ઓળખવા લાગ્યા. પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પરિચયમાં આવવાનું થયું. તેઓશ્રી પણ ખૂબજ પ્રેમ વરસાવવા લાગ્યા. ઈ.સ. ૧૯૫૨ માં જ્યારે હું અમદાવાદ ગયેલો ત્યારે આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજીએ મને પોતાના બંગલામાં જ રાખેલો. આ સમયે વ્રજ ભાષા વિષે ચારણી સાહિત્ય, પીંગળ શાસ્ત્ર વિષે અમારી વાતો થતી.

સદ્‌ગુરૂ સ્વામીશ્રી બાલમુકુંદદાસજી સં. ૨૦૦૧ થી સં. ૨૦૧૭ સુધી ભુજ મંદિરમાં રહી અસંખ્યાત જીવોને સત્સંગમાં જોડતા રહ્યા. સં. ૨૦૧૭ ના કારતક વદ-૬ ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરધામ સિધાવ્યા. તેમના શિષ્ય પૂજ્ય સદ્‌ગુરુ ધ્યાની સ્વામી શ્રીહરિસ્વરૂપદાસજીએ મારા પુત્ર પુષ્પદાનને વર્તમાન ધરાવ્યા. જે સારો એડવોકેટ બન્યો અને ભારતની સંસદમાં ચાર ટર્મ સાંસદ તરીકે ચૂંટાઈને રહ્યો તે પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની કૃપા અને પૂ. ધ્યાની સ્વામીજીના આશીર્વાદનો પ્રતાપ છે.

ઈ.સ. ૧૯૭૭ માં મોરજર (કચ્છ) ગામે મને તથા મારા સ્વાધ્યાયી ગુરૂભાઈઓને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો. ત્યારે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે જે શુભ સંદેશો મને પાઠવ્યો તે આ મુજબ છે.

યહ જાન કર હર્ષ હો રહા હૈ કિ આપકી સમિતિ કે દ્વારા મહારાવશ્રી લખપતજી સ્થાપિત ભુજનગર સ્થિત અતિ પુરાતન વ્રજભાષા પાઠશાલા કે ભૂતપૂર્વ સ્નાતક ખ્યાતિ પ્રાપ્ત ચારણ વિદ્વાનોં કા સન્માન સમારંભ નિકટ ભવિષ્યમેં કિયા જા રહા હૈ. ઉન સન્માનનીય વિદ્વાનોમેં કચ્છ રાજ્ય કે રાજકવિ આચાર્ય શ્રી શંભુદાનજી ઈશ્વરદાનજી રત્નુ કવિરાજકા સમાવેશ વિશેષ રસપ્રદ રહા. ચારણ વિદ્વાન ચિરકાલ સે અપની અનોખી કૃતિયોં કે માધ્યમ સે ભારત વર્ષ કે ગૌરવકા સંવર્ધન કરતે આયે હૈં, અતઃ ઈન ગુણી વ્યક્તિયોં કે ગુણોં કી પૂજા કર યહ પ્રશંસનિય પ્રયાસ આપ લોગોં કી ગુણગ્રાહી તાકા પરિચાયક સિધ્ધ હોતા હૈ. પ્રકટ પુરૂષોત્તમ કૃપામય ભગવાન શ્રી સ્વામિનારાયણસે પ્રાર્થના હૈ કિ આપ લોગોં કા યહ શુભ આયોજન સર્વથા સફલ બને. (આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી પાંડે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ શ્રી સ્વામિનારાયણ બાગ અમદાવાદ-૧૬)

## આપણા આગામી ઉત્સવો

અષાઢ સુદ-૧૫ : તા. ૧૫-૭-૨૦૧૧ શુક્રવાર ગુરુપૂર્ણિમા અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આપણા સૌના ધર્મગુરુ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન, જેતલપુર મંદિર સમૈયો.

અષાઢ વદ-૨ : તા. ૧૭-૭-૨૦૧૧ રવિવાર હિંડોળા દર્શન પ્રારંભ.

અષાઢ વદ-૧૦ : તા. ૨૫-૭-૨૦૧૧ સોમવાર આપણા ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૪ મો પ્રાકટ્યોત્સવ અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજનીય સંતો હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાશે. સમસ્ત સત્સંગને આ પ્રસંગનો લાભ લેવા ભાવભીનું આમંત્રણ છે. - મહંત સ્વામી

શ્રાવણ સુદ-૮ : તા. ૬-૮-૨૦૧૧ શનિવાર શ્રી સ્વામિનારાયણ મંદિર દિલ્હી પાટોત્સવ.

શ્રાવણ સુદ-૧૫ : તા. ૧૩-૮-૨૦૧૧ શનિવાર મુકુટોત્સવ પૂનમ રક્ષાબંધન, બળેવ.

શ્રાવણ વદ-૫ : તા. ૧૯-૮-૨૦૧૧ શુક્રવાર શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર (રાજસ્થાન) પાટોત્સવ.

# પીરાણાના કાકા

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

આ જગ્યા કોની છે ? શ્રીજી મહારાજે રોણ ગામના લોકોને પૂછ્યું.

મહારાજ ! આ અમારા પીરાનપીરનું સ્થાનક છે. એમનું સમાધિ સ્થળ છે.

સામે ગાદી ઉપર બેઠા એ કોણ છે ?

એ અમારા કાકા છે.

કાકા એટલે ?

મહારાજ ! ગામનો આગેવાન બોલ્યો, અમારા પીરની ગાદીના જે વડા હોય એને અમે કાકા કહીએ છીએ.

ભગવાન શ્રીહરિ ગુજરાતના ચરોત્તર પ્રદેશમાં વિચરણ કરી રહ્યા હતા. વડતાલથી વિદાય લઈ હરિભક્તોને માટે સંજાયા, ચાંગા વગેરે નાના ગામોમાં ફરતા ફરતા રોણ ગામે આવ્યા. તેમણે આ મોટી જગ્યા જોઈ એટલે ઉભા રહ્યા. એ જગ્યા પીરની હતી. મુસલમાન જ્ઞાતિમાં તેમના મજહબ અનુસાર જે પુરૂષ પાક હોય - પવિત્ર હોય તેને પીર કહે છે. ગામમાં મોટા ભાગની વસતિ પટેલોની-પાટીદારની હતી. તેઓ બધા આ પીરાણા પંથના અનુયાયી બન્યા હતા. શ્રીહરિએ ગાદી પર બેઠેલા કાકા પાસે જઈને પૂછ્યું.

તમે બધા પટેલ જ્ઞાતિના ઉચ્ચ વર્ણના છો છતાં હિન્દુ ધર્મ છોડીને મુસ્લિમ ધર્મ કેમ સ્વીકાર્યો ? ધર્મ પરિવર્તનથી તમને શું લાભ થયો છે ?

કાકાએ કહ્યું, આગળ કોઈ એક સમર્થ રસૂલ થઈ ગયા. તેમણે અમારા વડવાઓને ઘણા ચમત્કારો બતાવેલા. ત્યારથી અમે પણ એજ માર્ગ અપનાવ્યો છે.

કેવા ચમત્કારો બતાવેલા તે કંઈ જાણતા હો તો કહો. તમને કોઈ ચમત્કારો થયા છે ? શ્રીહરિએ પૂછ્યું.

હા મહારાજ. કાકા બોલ્યા. ગામમાં કોઈની ભેંસ દોવા ન દેતી હોય તો આ કબરને ઘીનો દીવો માને એટલે ભેંશ દોવા દે. માણસ માંદો પડ્યો હોય તો માનતા રાખવાથી સાજો થઈ જાય. કોઈને વળગાડ હોય તો અહીં આવી માથું ટેકવે અને ઘીનો દીવો કરે એટલે વળગાડ જતો રહે. અમો તો પ્રત્યક્ષના સિધ્ધાંતમાં માનીએ છીએ. વર્તમાન કાળે જે લાભ મળે અને ફાયદો થાય તે જ ખરું છે. મર્યા પછી મરનારની શી ગતિ થાય છે તે કોણે જોયું છે !

મહાપ્રભુએ ફરી પૂછ્યું, તમને હાલમાં કોઈ પરચા પીર આપે છે ?

હા, અમારા પીર હાજરા હજૂર છે. આ ઘીનો દીવો અહીં અખંડ જલે છે, પીર જ્યોતિ સ્વરૂપે પ્રત્યક્ષ છે. અમે મૂર્તિ પૂજામાં માનતા નથી. જેને જેવો લાભ થયો હોય અને ભાવ હોય તે પ્રમાણે લોકો નવટાંકથી માંડીને દસ મણ સુધી ઘીની માનતા માને છે. અત્યારે પણ પીર અમને સહાય કરે છે. કોઈના લગ્ન થતાં ન હોય તો અહીં આવીને અરજ કરે એટલે લગ્ન થઈ જાય છે. ઘેર પારણું ન હોય તો પારણું લાગી જાય છે. કોઈને સાસુમા નડતા હોય તો એ નડતર દૂર થઈ જાય છે. મધરાતે કોઈના આંગણે કૂતરા ભસતા હોય અને બીક લાગતી હોય તો દીવાની માનતા માને એટલે કૂતરા ભસતા બંધ થઈ જાય.

કાકાની વાત સાંભળ્યા પછી શ્રીહરિ બોલ્યા, માણસના મનોરથ પુરા કરે એવા એક સમર્થ ઈશ્વર મૂર્તિ અત્યારે આ ભૂમિ ઉપર વિચરણ કરે છે તેની ખબર છે ?

અમે નથી માનતા પણ એવું હોય તો અમને તે પુરૂષની મુલાકાત કરાવો. પ્રત્યક્ષ જોયા વિના પરીક્ષા થાય નહિ. અને કોઈનાં કહેવાથી મનાય નહિ.

શ્રીહરિએ કહ્યું, સ્થિર મન કરીને તમારા અંતરમાં દ્રષ્ટિપાત કરો. કાકાએ અંતર દ્રષ્ટિ કરી. તેમના મુઠ્ઠી જેટલા હૃદયમાં બ્રહ્માંડ જેટલો અવકાશ દેખાયો. અવકાશમાં શ્વેત અને શીતળ આહ્‌લાદક પ્રકાશ દેખાયો. પ્રકાશમાં અત્યંત સુંદર સિંહાસન જોયું. સિંહાસન ઉપર તેમણે બહાર શ્રીહરિને જોયા હતા તે જ શ્રીહરિ દિવ્ય સ્વરૂપે વિરાજમાન હતા. અનંત કોટિ દેવો, રૂષિઓ, મહર્ષિઓ, વિદ્યાધરો, ગાંધર્વો અને બીજા અનેક સ્ત્રી પુરુષો તેમનાં દર્શન કરતા હતા. જય જયકાર કરતા હતા. સ્તુતિ કરતા હતા. સેવા કરતા હતા. આવું પોતાનું દિવ્ય દર્શન આપી પછી શ્રીહરિએ કાકાને કહ્યું, ચાલો હવે તમને સંયમની બતાવું. સંયમનીમાં ગયા ત્યારે યમરાજાએ શ્રીહરિનો અદ્‌ભુત સત્કાર કર્યો. મહાપ્રભુએ કહ્યું, તમારે ત્યાં અનેક જીવો આવે છે તેમને ક્યા કારણસર કેવા પ્રકારની સજા થાય છે દંડ દેવામાં આવે છે તે બતાવો.

યમરાજાએ અનેક નર્કના કુંડોમાં અનેક જીવને

સબડતા દેખાડ્યા. નિર્દય યમદૂતોના મારથી ત્રાસથી અને ભયથી અત્યંત રીબાતા અને અસહ્ય દુઃખ પામતા આત્માઓ કરૂણાભરી ચીસો પાડી રહ્યા હતા. આક્રંદ કરી રહ્યા હતા તે બતાવતાં કહ્યું કે માનવ અવતાર પામીને જે મનુષ્યો શાસ્ત્રોક્ત નીતિ નિયમો અને સદાચારને નેવે મુકી સ્વચ્છંદી થઈ જાય છે, પુણ્ય કરતા નથી, પાપથી ડરતા નથી, ધર્મને અનુસરતા નથી, ઈશ્વરને માનતા નથી તેવા લોકોને તેમના જીવનના અંતકાળે મારા સેવકો અહીં ખેંચી લાવે છે. તેમના કૃત્યોની આ તમે જુઓ છો તેવી સજા આપે છે.

આટલું બતાવ્યા પછી ભગવાન શ્રીહરિ કાકાને તેની મૂળ સ્થિતિમાં લાવ્યા.

કાકા પોતાની ગાદી પરથી એકદમ ઉભા થઈ ગયા. સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં ઢળી પડ્યા. કહ્યું, હે પ્રભુ ! આપ સ્વયં સર્વોપરી છો. મને આપના શરણે લ્યો. તમારા સંતોના મંડળમાં સ્થાન આપો. આવું કહીને બાજુમાં ઉભેલા એક સંતે પહેરેલી અલફી કઢાવીને પોતે પહેરી લીધી. પોતાના સર્વ શિષ્યોને કહ્યું, હું તમારા ગુરુ તરીકે સત્ય વાત કહું છું. આ સ્વામિનારાયણ સ્વયં સર્વોપરી ઈશ્વર પ્રગટ થયા છે. તમારે મોક્ષ જોઈતો હોય, તમારું કલ્યાણ કરવું હોય તો તેમનો આશરો સ્વીકારો. ત્યારે શિષ્યો સૌ બોલ્યા કે એમનો પંથ તો નવો છે. સાચો ખોટો કોઈ જાણતું નથી. આપણો પંથ તો પુરાણો છે. વર્ષોથી ચાલ્યો આવે છે તે છોડાય નહિ. તમારું તો માથું ફર્યું છે. સ્વામિનારાયણે તમને માયાજાળથી ભરમાવી દીધા છે. કેટલાક લોકો તો સ્વામિનારાયણથી બીવા લાગ્યા કે આપણને પણ ફસાવી દેશે. કેટલાક લોકો જેમ તેમ બોલવા લાગ્યા અને કેટલાક લોકો શ્રીહરિ સાથે ઝઘડો કરવા લાગ્યા. કેટલાક લાગણીવશ થઈ રોવા લાગ્યા અને કહેવા લાગ્યા કે તમે અમારા ગુરુને અલફી પહેરાવી તે ઉતરાવી નાખો નહિતર તમારે અને અમારે ભારે લડાઈ થાશે. લોકોનો આવો શોર બકોર સાંભળી કાકાએ કહ્યું, અલફી તો મેં આ કાઢી નાખી પણ મારા મનમાં સ્વામિનારાયણનો નિશ્ચય થયો છે તે નહીં ટળે. અત્યાર સુધી હું સત્ય અને અસત્યનો ભેદ પારખી શક્યો નહિ. હવે સમજાયું છે કે સત્ય વાસ્તવિકતા છે. અસત્ય વાસ્તવિકતા જેવો લાગતો ભ્રામક પડછાયો છે સત્ય એટલે પરમેશ્વર અને પરમેશ્વર એટલે સ્વામિનારાયણ ભગવાન. તમે બધા અજ્ઞાની છો કારણ કે સત્યને સમજતા નથી. હવે અજ્ઞાનને જ્યાં આશીર્વાદ મનાય છે ત્યાં ડહાપણ દેખાડવું વ્યર્થ છે.

શ્રીહરિ ગામના લોકોને ઉદ્દેશીને બોલ્યા, તમને તમારા ગુરુનું વચન ન મનાતું હોય તો ભલે ગુરુથી વિમુખ રહો. ગુરુનું વચન ન મનાય તે પણ અપરાધ ગણાય છે. જેનામાં પાત્રતા હોય તેને અમે બે શબ્દો સદુપદેશના કહીએ છીએ. પાત્ર ન હોય તેને અમે કંઈ કહેતા નથી. તેમ કરવાથી કલેશ-કંકાસ થાય. કાકાને વ્રતમાન નિયમ ધરાવી શ્રીહરિ ત્યાંથી બોચાસણ ગામે સેવક કાશીદાસને ઘેર જવા માટે ચાલતા થયા.

**હરિભક્તોને ખાસ સૂચન**

**શ્રી નરનારાયણદેવ દેશના ગામોના હરિભક્તો અને કોઠારીશ્રીઓને ખાસ જણાવવાનું કે આપના ગામમાં નામ-ધર્માદો ઉઘરાવવા આવનાર સંતો પાસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો લેખિત આજ્ઞાપત્ર હોય તેમને જ ધર્માદો કે અન્ય ફંડ ફાળો આપવો. આજ્ઞાપત્ર વિના કોઈને પણ ફંડફાળો આપવો નહી. - આજ્ઞાથી, મહંત સ્વામી**

**શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યોને સરનામા બદલવા અને અન્ય કામ જોગ**

શ્રી સ્વામિનારાયણ માસિકના દરેક સભ્યોને જણાવવાનું કે આપને સરનામું બદલવા, અંક ન મળવા અંગે અથવા અન્ય કોઈ શ્રી સ્વામિનારાયણ માસિકના કામ માટે સવારે ૧૦-૦૦ થી ૫-૦૦ દરમ્યાન સંપર્ક કરવો. વહેલી સવારે કે રાત્રીના સમયે ફોન કરવો નહીં. સરનામું બદલવા માટે જે તે માસની ૨૫ તારીખ પહેલા મોકલી આપવું.

**શ્રી સ્વામિનારાયણ અંક ન મળવાની ફરિયાદ અંગે**

આપણું શ્રી સ્વામિનારાયણ માસિક દર માસની ૧૧ તારીખે નિયમિત અને ચોક્કસાઈ પૂર્વક પોસ્ટ કરવામાં આવે છે. છતાં કોઈ સભ્યને અંક ન મળે તો ૨૦ તારીખ પછી આપની સ્થાનિક પોસ્ટમાં તપાસ કરાવ્યા બાદ સભ્ય નંબર સાથે જાણ કરવી. સભ્ય નંબર વગર ફરિયાદ લેવામાં નહીં આવે. જો સ્ટોકમાં અંક હશે તો ફરી મોકલવામાં આવશે.

# પૂ.બાપજી - ચિત્રકારને ચિત્રે તેવા ચિત્રકાર

- પ્રફુલ ખરસાણી

એક વખત એક સ્કૂલમાં શિક્ષકે વિદ્યાર્થીને પૂછ્યું બનાના નો સ્પેલીંગ બોલ વિદ્યાર્થીએ ઉભા થઈને કહ્યુંકે ‘‘મને સ્પેલીંગ તો આવડે છે, પણ કયાં અટકવાનું તે ખબર નથી (બી.એ.એન.એ.એન.એ.એન.એ.........) આવુ ઘણાને બને છે. કયાં અટકવું તેની ખબર નથી પડતી -બનાનાનો સ્પેલીંગ નથી આવડતો. પરંતુ આપણા પૂ. મોટા મહારાજશ્રી એટલેકે બાપજીને બનાનાનો સ્પેલીંગ પાક્કો આવડે છે. અને તેની સાબિતી એટલે આપણું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ. પૂ. બાપજી જ્યારે પદ ઉપર આરૂઢ હતા ત્યારે સંપ્રદાયના વડા તરીકે ખૂબજ વ્યસ્તતામાં પણ પોતાના કલા પ્રેમને પોષતા રહ્યા હતા. ફોટોગ્રાફી અને સંગીત પ્રેમ વિશે તો આપણે સૌ વાકેફ છીએ જ પરંતુ બાપજીને ચિત્ર દોરવાનો પણ શોખ છે.ચિત્ર દોરવાનો સમય પોતાની વ્યસ્ત દૈનિકચર્યામાંથી ચોરી લેતા. સભામાં બેઠા બેઠા નાના કાગળ પર કોઈને પણ ખબર ના પડે તે રીતે કોઈ સત્સંગીનો સ્કેચ બનાવી દેતા. અને પોતાના બાળપણના પરમ મિત્ર એવા પ્રસિધ્ધ ચિત્રકાર શ્રી અમીતભાઈ અંબાલાલને બતાવતા. આવી રીતે અમીતભાઈ પૂ.બાપજીની આ ચેષ્ટાથી પરિચિત હતા. હવે બન્યું એવું કે આજથી લગભગ છ વર્ષ અગાઉ (વિવાદમાં સપડાયા પહેલા)પ્રસિધ્ધ ચિત્રકાર એમ. એફ.હુસેન શ્રી અમીતભાઈના સુપુત્ર અનુજના લગ્ન સમારોહમાં હાજરી આપવા અમદાવાદ આવેલ. મિત્રતાની રૂએ બાપજી પણ તે સમારંભમાં હતા. બાપજીને એક વિચાર સ્ફૂર્યો આ માણસ તો અનેક ચિત્રો બનાવે છે પણ તેનું ચિત્ર હું બનાવું તો ? પરંતુ કોઈના લગ્ન સમારંભમાં ચિત્ર બનાવવાના સાધનો ક્યાંથી



હોય? બાપજીએ ખુદ હુસેન પાસેથી પેન લીધી અને ભોજન સમારંભમાં વપરાતા પેપર નેપકીન પર હુસેનના સાઈડફેઈસનો ગણત્રીની મિનિટોમાં આબેહૂબ સ્કેચ કર્યો, અને તેમને બતાવ્યો. તેમના મોઢામાંથી ઉદ્ગાર નિકળ્યા ‘‘વાહ કયા બાત હૈ’’ એટલું જ નહીં તે પેપર નેપકીન પર ‘હુસેન’ એમ ગુજરાતી તથા અંગ્રેજીમાં ઓટોગ્રાફ પણ કરી આપ્યો. નાનામાં નાની વસ્તુની જાળવણી કરવાની બાપજીની આદત ના કારણે તે પેપર નેપકીન હજુ પણ અકબંધ જળવાયેલ છે. તાજેતરમાં એમ.એફ.હુસેન તો મૃત્યુ પામ્યા પરંતુ એ પેપર નેપકીન પર અંકિત થયેલ હુસેન આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આચાર્ય પરંપરાવાળા હોલમાં બાપજીના કોર્નરમાં હંમેશ માટે સ્થાન પામેલ છે. મ્યુઝિયમની મુલાકાત લો ત્યારે અવશ્ય નિહાળશો.

જય શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં જૂન, ૨૦૧૧માં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી**

તા.૫, શ્રી નરેશભાઈ વાડીલાલ ઠક્કર અમદાવાદ
શ્રી વાડીલાલ નાનજીભાઈ ઠક્કર અમદાવાદ
શ્રી રીકીનભાઈ નરેશભાઈ ઠક્કર અમદાવાદ
તા. ૧૨, પાર્ષદ કાન્તિ ભગત ગુરૂ સ્વા. બાલસ્વરૂપદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ
તા. ૧૭, શ્રી કચરાભાઈ સાંકાભાઈ
શ્રી રામાભાઈ સાંકાભાઈ
હ.કૌશિકભાઈ કચરાભાઈ પટેલ-અરોડા,ઈડર
તા. ૧૯, સર્વે સત્સંગી ભાઈઓ તથા બહેનો
શ્રી સ્વામિનારાયણ મંદિર, વાસણા
હ. રાજુભાઈ લલીતભાઈ ઠક્કર
તા. ૨૬, શ્રી અમથાલાલ કરશનદાસ મોદી
સેવંતીભાઈ તથા નારણભાઈ
હ. ઉદયનભાઈ મહારાજા
તા. ૨૯, શ્રી બિપીનભાઈ ડી. સોની - અમદાવાદ

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિભાવ ભેટયોજના અંતર્ગત દરમહિને નિયમિત ભેટ નોંધાવનાર દાતાશ્રીઓની યાદી**

| | |
|---|---|
| મહેશભાઈ એચ. પટેલ (લાલોડા) હાલ વાપી | રૂા. ૫૦૦૦/- |
| માણેકબેન જીવાલાલ ચૌહાણ | |
| હ.ઈન્દુબેન રાકેશભાઈ, મૌલીન ચંદુભાઈ | રૂા. ૫૦૦૦/- |
| ઘનશ્યામ એન્જી. ઈન્ડસ્ટ્રીઝ બોપલ, અમદા. | રૂા. ૫૦૦૦/- |
| શશિકાન્તભાઈ પટેલ ઉંઝા | રૂા. ૫૦૦૦/- |

## અભિપ્રાય

I had an excellent opportunity to visit our new museum on my recent visit to Amdavad.
to say that I was impressed would be the understatement of my life.
I was flabbergasted and astonished to see the quality of display.
and I am not talking about the exhibits. they are superb but that is because of our faith and reverence to Swaminarayan Bhagwan.
I am talking about the way the exhibits were displayed and the whole ambiance of the museum.
i have seen the best of the museums in the UK, USA and France, so i know the quality I am comparing our museum with.
Our museum beats almost all of them in the way the exhibits are displayed and layered.
i had a chance to visit the museum many times while iot was being constructed, so I was aware of the scale and quality of the infrastructure.
however, when I saw the completed structure, I was overwhelmed by the scale and grandeur of it.
this is beyond my imagination.
never did I think that we could better the best in the world.

You and your team of saints and Haribhaktos have proved beyond point that we have the dedication and expertise to take on the world.

once again, I would like to congratulate you for presenting the world class masterpiece to our sampraday.

Jay swaminarayan
from
Jethalal Savani (Kera) (London)

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭
પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminara anmuseum.org/com

# અવગુણ જોવા તો પોતાના જ જોવા

- જયંતિલાલ કે. સોની (મેમનગર-અમદાવાદ)

સામાન્ય રીતે ભક્તો મંદિરમાં પોતાનો મોક્ષ પાકો કરવા જ આવતા હોય છે. પણ કુસંગથી કે પક્ષપાતથી અન્ય ભક્તોનાં અભાવ-અવગુણ લઈ મોક્ષમાર્ગથી પડવાનું કૃત્ય થઈ જતુ હોય છે. બીજા સારા ગુણો હોવા છતા ગમે તેમ કરી અવગુણ સોધી શકવાનો સ્વભાવ જો પડી જાય તો અસહ્ય નુકશાન એટલે કે કલ્યાણના માર્ગથી પડી જવાય છે. આનાથી બચવા દરેકમાં ગુણ જોવાની ટેવ પાડવી. પોતાના જ ગુણ જોઈ અન્યના અવગુણ જોવાથી મોટા મોટા મહાપુરુષો પણ મહારાજનાં વખતમાં કલ્યાણનાં માર્ગથી પડી ગયા છે. મહારાજના વખતનાં સંત પુરુષોમાં નિર્વિકલ્પાનંદ સ્વામી, રોડાનંદ સ્વામી, ગોતીતાનંદ સ્વામી કીડી સખી વિગેરેએ પોતામાં ગુણ જોઈ અને મહારાજમાં અવગુણ પરઠ્યા જેને લીધે કલ્યાણનાં માર્ગથી પડી ગયા. જ્યારે દાદાખાચરને ગુણ લેવાનો સ્વભાવ હતો તો તેમને રાજ્ય સંબંધી ઘણી મુશ્કેલીઓ હોવા છતા. આખી જીંદગી મહારાજનું સુખ લીધુ, આનાથી વિરૂદ્ધ જીવાખાચર મહારાજના નજીકના હોવા છતાં મહારાજનું સુખ માણી ન શક્યા. તેવી જ રીતે અલૈયાખાચર પણ અવગુણ લેવાના સ્વભાવને લીધે મહારાજથી દૂર થઈ ગયા છેલ્લે છેલ્લે તો પોતાના ઈષ્ટદેવ માન્યા હતા તો પણ મહારાજનો દુષ્ટ પ્રચાર સુધીનું હીણ કૃત્ય પણ કર્યુ જેના લીધે મહારાજના મુખારવિંદના અંતિમ દર્શન પણ કરી ન શક્યા. કલ્યાણનો માર્ગ ગુમાવી બેઠા.

પરોક્ષના ભક્તમાં રાધાજી ઘણા મોટા હતા (ગોલોકના મહારાણી) ભગવાનને વિષે પ્રેમ પણ અતિશય હતો, પણ જ્યારે પોતામા ગુણ માન્યો અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે અવગુણ માન્યો ત્યારે પોતાનાં પ્રેમમાં તમોગુણનો ભાગ આવ્યો પછી શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીદામા સાથે વઢવેડ કરી પછી શ્રીદામાનો શ્રાપ થયો તેણે કરીને ગોલોકમાંથી પડીને ગુર્જરને ઘેર અવતાર લીધો. ભગવાન વિના અન્ય પુરુષ હતો તેને ધણી કર્યો એવા મોટા લાંછનને પામ્યા. શ્રીદામા એ પણ પોતામા ગુણ માન્યો અને રાધિગ્રમાં અવગુણ પરઠ્યો તો રાધિકાનાં શ્રાપને કારણ દૈત્ય થવું પડ્યું આ તો ભગવાનની આવી ઈચ્છા હતી. તો પણ જે ધામમાંથી પડવાની રીત નથી, છતાં રાધિકા જેવા મોટા હોય ને તે પોતામાં ગુણ માનીને ભગવાનનાં ભક્તનો અવગુણ લે તો તે પણ પડી જાય, તો બીજાની શી ગણતી? અભાવ-અવગુણ ત્યાગ માટે વચનામૃતમાં મહારાજે વારંવારની ટકોર કરી છે જે તપાસીએ.

વડતાલ-૧૪ વચનામૃત મુજબ.

“જે કુપાત્ર જીવ જણાતો હોય ને તેને પણ સમાધિ થઈ જાય છે. તેનું શું કારણ હશે?

શ્રીજી મહારાજનો જવાબ છે. “ધર્મશાસ્ત્રને વિષે જે વર્ણાશ્રમનાં ધર્મ કહ્યા છે તે થકી જે બાહ્ય વર્તતો હોય તેને સર્વ લોક એમ જાણે જે, “આ કુપાત્ર માણસ છે” અને તે કુપાત્રને ભગવાન કે ભગવાનનાં સંતનો જો હૈયામાં ગુણ આવે તો એને એ મોટુ પુણ્ય થાય છે, અને વર્ણાશ્રમનાં ધર્મ લોપ્યા હતા તેનું જે પાપ લાગ્યુ હતું તે સર્વે નાશ થઈ જાય છે. અને તે જીવ અતિશે પવિત્ર થઈ જાય છે. તેનાથી વિરૂદ્ધ જે ધર્મ શાસ્ત્રે કહ્યા એવા જે વર્ણાશ્રમનાં ધર્મ તેને પાળતો હોય ત્યારે તે સર્વલોક ધર્મવાળો જાણે પણ ભગવાન કે ભગવાનનાં સાધુ તેનો જો દ્રોહ કરતો હોય તો તે સત્પુરુષના દ્રોહનું એવુ પાપ લાગે છે, જે વર્ણાશ્રમનાં ધર્મ પાળ્યાનું જે પુન્ય તેને બાળીને ભષ્મ કરી નાખે છે. માટે સત્પુરુષનો અભાવ-અવગુણ અને દ્રોહ કરતો હોય ને તે ગમે તેવો ધર્મવાળો જણાતો હોય તો પણ મહાપાપી છે.

ભગવાનના અવતાર પૃથ્વી ઉપર થાય છે તે ધર્મનાં સ્થાપનને અર્થે થાય છે. તે કેવળ વર્ણાશ્રમનાં ધર્મ સ્થાપન કરવાને અર્થે જ નથી થતા. કેમ જે વર્ણાશ્રમનાં ધર્મ તો સત્પર્ષિ આદિક જે પ્રવૃત્તિધર્મનાં આચાર્ય છે તે પણ સ્થાપન કરે છે. ભગવાનના અવતાર તો પોતાનાં એકાંતિક ભક્તનાં જે ધર્મ તેને પ્રવર્તાવવાને અર્થે થાય છે. એકાંતિક ભક્તને દેહે કરીને મરવું તે મરણ નથી. એને તો એકાંતિકના ધર્મમાંથી પડી જવાય એજ મરણ છે, જ્યારે ભગવાન કે ભગવાનના સંત તેનો હૃદયમાં અભાવ આવ્યો ત્યારે એ ભક્ત એકાંતિકનાં ધર્મમાંથી પડ્યો જાણવો.

વર્ણાશ્રમનાં ધર્મ કડક પણે પાળતા હોઈએ અને અન્ય ભક્તો સંતોના આચરણમાં થોડું ઘણું શિથિલપણું દેખાય તે જોઈને જો ભક્તનો અભાવ-અવગુણ આવે તો તે ભગવાનનાં ધામને તો ન જ પામે, પણ ધર્મવાળા અને તપસ્વી હોય તો તે ધર્મે કરીને કે તપે કરીને દેવલોકમાં જાય. પણ ભગવાનનાં ધામને તો ન પામે. માટે વિવેકીએ મોટા વર્તમાનમાં ફેર પડે ત્યારે જ તેનો અવગુણ લેવો અન્યથા નહિ.

શ્રી જનમંગલ સ્તોત્ર-નામાવલિમાં ભગવાનનું એક

નામ વિશિષ્ટ છે. ''ગુણગ્રાહિણે નમઃ'' ભગવાન પોતાનાં ભક્તોનાં ગુણને જ ગ્રહણ કરે છે. અવગુણ સામું જોતા નથી. જો ફક્ત અવગુણ સામું જોઈને ફળ આપવાનું નક્કી કરે તો આપણું શું થાય ? પણ તેવું કરતા નથી. આપણે તો ભગવાનનાં દાસ છીએ તો આપણામાં પણ આપણા ઈષ્ટદેવનાં ગુણ આવવા જોઈએ એટલે દરેકમાંથી ગુણ લેવાની ટેવ પાડવી.

જો મહારાજ અવગુણ જોઈને ફળ આપવાનું નક્કી કરે તો જોબનપગી બહારવટીયાએ અનેક બ્રહ્મહત્યા કરી ટ્રક ભરાય તેટલી જનોઈ ભેગી કરી હતી અને અન્ય જીવોની હત્યાનો કોઈ પાર ન હતો તેવી રીતે વેરાભાઈ બહારવટીયાએ પોતાની તલવારની ધાર કેવી છે તેનું પરિક્ષણ કરવા મસ્જીદમાં નમાજ પઢતા સત્તર મુસ્લીમોનાં માથા ઉપર ફેરવી ધડથી જુદા કરી દીધા. જેતલપુરની વેશ્યા જેને આખી જીંદગી અધમ કૃત્ય કર્યા હતા આવા અનેક અવગુણોનાં ભંડાર હતા તેનું કોટી કલ્પે પણ કલ્યાણ થાય એવું ન હતુ પરંતુ મહારાજનું શરણું સ્વીકારવાથી આને આ જન્મે અક્ષરધામનાં અધિકારી બની ગયા. મહારાજે વચનામૃતમાં વારંવાર અવગુણ તજી ગુણ ગ્રહણ કરવાની ટકોર કરી છે.

(૧) ગઢડા પ્ર.પ્ર. ૪ વચનામૃતમાં, ''જેની ઉપર ઈર્ષ્યા હોય તેનાં જેવા ગુણને ગ્રહણ કરવા અને પોતાના અવગુણને ત્યાગ કરવા.''

(૨) ગઢડા પ્ર.પ્ર. ૬ વચનામૃતમાં, ''આ સત્સંગમાં વિવેકી છે તે તો દિવસે દિવસે પોતાને વિષે અવગુણને દેખે છે. અને ભગવાન કે ભગવાનના ભક્તને વિષે ગુણને દેખે છે.

(૩) ગઢડા પ્ર.પ્ર. ૧૬ ''ભગવાનના ભક્તને સત્-અસતનો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે. અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેને ત્યાગ કરી દે અને તેનાં જે ગુણ તેનું જ ગ્રહણ કરે.

(૪) ગ.પ્ર.પ્ર. ૫૩ ''મોટા સાધુ તેનો જે અવગુણ લે છે તે ઘટતો જાય છે અને સાધુનો જે ગુણ લે છે તેનું અંગ વૃધ્ધિને પામતું જાય છે. પણ અવગુણ ત્યારે લેવો જ્યારે પરમેશ્વરની બાંધેલી જે પંચવર્તમાનની મર્યાદા તેમાંથી કોઈક વર્તમાનનો તે સાધુ ભંગ કરે ત્યારે તેનો અવગુણ લેવો અન્યથા નહિ.

આમ એકાંતિક ધર્મને પામવા ભક્તનો ગુણ લેવો પણ અવગુણ તો ક્યારેય ન લેવો. આ લેખ ખૂબજ ઝીણવટથી વાંચી જીવમાં ઉતારી આને આ દેહે કલ્યાણનો માર્ગ પાકો કરી લેવો એજ ડાહપણનું કામ છે.

# આનંદની હેલી

## કરણીબાનું ઘી

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

કચ્છનું ધમડકા ગામ શ્રીહરિને ખૂબ પ્રિય હતું. ત્યાંના રાયધણજી, રામસંગજી વગેરે ભાઈઓ તથા કરણીબા જેવી બાઈઓ અતિ પ્રેમી ભક્ત હતા. અવાર-નવાર ત્યાં પધારીને મહારાજે ઘણી લીલાઓ કરી છે.

એકવાર ધમડકા ગામે બિરાજતા શ્રીહરિએ કરણીબાને કહ્યું કે કરણીબા ! અમે સાંભળ્યું છે કે તમારે ત્યાં ઘી બહુ સારૂં થાય છે. કરણીબા કહે, હા મહારાજ ! આપના પ્રતાપે ઘી બહું સારૂં થાય છે. મારે ત્યાં આઠ ભેંસો દૂઝણી છે. તેનું દૂધ એટલું સારૂં છે કે એમાંથી ઘણું માખણ ઉતરે છે. એમ કહીને કરણીબાએ વલોણું કરીને માખણ ઉતાર્યું. એમાંથી ઘી બનાવી ટાઢું કર્યું. એક મોટી તાંસણીમાં ઘી ભરી શ્રીજી મહારાજને આપ્યું. તાંસળી પોતાના હાથમાં લઈ શ્રીજી મહારાજ બોલ્યા આ ઘી તો બહુંજ સારૂં છે. તમે આ ઘી અમને પીવા આપ્યું છે ? હા મહારાજ ! આપ સુખેથી પીવો. કરણીબાએ જવાબ આપ્યો.

શ્રીજી મહારાજ તાંસળી મોંઢે માંડીને બધું જ ઘી પી ગયા. કરણીબાએ તાંસળી હાથમાં લઈને એમાં આંગળી ફેરવીને જોયું. જરાય ચિકાશ દેખાઈ નહિ. માતૃભાવ હોવાથી મહારાજને બધુંજ કહી દેતાં. કરણીબા બોલ્યા. કૃષ્ણાવતારમાં માસી પૂતના કૃષ્ણને સ્તનપાન કરાવવા આવી હતી. બાલકૃષ્ણ પ્રાણ સાથે તેનું દૂધપાન કરી ગયા. એ રીતે તમે પણ ઘી બધું જ પી ગયા. જરાય ચિકાશ પણ રહેવા દીધી નથી. મહારાજ કહે તમે અમને પીવા આપ્યું એટલે અમે પી ગયા. ચિકાશ રાખવાનું તમે ક્યાં કહ્યું હતું?

અરે ! જરા પ્રસાદી તો રહેવા દેવી હતી ! આ સાંભળીને મહારાજ બહુ હસ્યા, અને સૌને નવીન વાતો કરીને બહુ હસાવ્યા.

# સત્સંગ સુરભિ

## "અમારું કાર્ય જ જીવોને બંધનમાંથી છોડાવવાનું છે"

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (મેમનગર-અમદાવાદ)

ફરતાં ફરતાં નીલકંઠવર્ણીએ ખંભાતની ખાડીને તીરે ધનકા તીર્થમાં રાતવાસો કર્યો. ચાતુર્માસ ચાલી રહ્યો હતો. સ્નાન કરવા ઉમટેલી જનમેદનીને દર્શન દાન દઈ નીલકંઠવર્ણી શિકોતરના આરે પધાર્યા. અહીં ખંભાતની ખાડીના મુખ પાસે મહી અને સાબરમતી બંને નદીઓ સમુદ્રને મળે છે. આજુબાજુનાં ગામોના ગણ્યાગાંઠ્યા કોળી લોકો અહીંથી માછલીઓનો શિકાર કરી ગુજરાન ચલાવતા.

એવો જ વડગામનો લાખો નામનો કોળી આખો દિવસ માછલાં મારી ટોપલો તૈયાર કરી રહ્યો હતો. દિવસ આથમવાને હજુ ચારેક ઘડીની વાર હતી. વિસામો લેવા બેઠેલા લાખા કોળીએ હોકલી કાઢી તમાકુ ભરી અને સળગાવી. જ્યાં પહેલો ઘૂંટ લેવા જાય છે ત્યાં જ નીલકંવર્ણી તેની પાસે પધાર્યા.

વર્ણીનું અનુપમ રૂપ જોઈ લાખાની આંખો એમનાં રૂપમાં જડાઈ ગઈ ! હાથમાંથી હોકલી સરી પડી. ટૂંકું પંચિયુ ફાટેલ અડધી બંડી, ગૂંચળાઈ ગયેલા અઘોરી જેવા ગંદા વાળ, નખશિખ કાળું કોલસા જેવું શરીર, લાખાનો આ ગંધાતો વરવો વેષ એના પાપ કર્મોની ચાડી ખાતો હતો.

નીલકંઠ મહાપ્રભુએ એના ઉપર કરુણાભરી દૃષ્ટિ કરી. લાખાને કોઈ અગમ્ય શાંતિનો અનુભવ થયો ! બાજુમાં પડેલી પથ્થરશીલા ઉપર મૃગચર્મ પાથરીને નીલકંઠ બેઠા. લાખા સાથે પૂર્વની પ્રીત હોય તેમ હેતથી નામ ઠામ પૂછ્યાં.

"મહારાજ ! હું વડગામનો કોળી છું ને પાપનો ધંધો કરું છું." પાપના ધંધાની આવી નિખાલસ કબૂલાતથી વર્ણી પ્રસન્ન થયા. વર્ણી બોલ્યા : "ભાઈ ! કોળી તો ઉતરતી જાતિમાં શ્રેષ્ઠ ગણાય છે. તું પોતાને અધમ-નીચ શા માટે ગણે છે ?"

"મહારાજ ! મને લોકો જ નીચ અને અધમ ગણે છે વળી આ પાપ કરું છું એટલે પાપી જ સમજો ને !"

નીલકંઠ હસી પડ્યા. "લાખા ! તું પાપ કરે છે, એની તને સમજણ છે. તો પાપને શા માટે વળગી રહ્યો છે ? છોડી દે ને?"

"બાપજી ! અમારી કોમમાં કોને આવું જ્ઞાન હોય ? ને ધંધો બાપ-દાદાનો વારસામાં મળ્યો છે, તે કુટુંબનું પોષણ કરું છું." વર્ણી કહે, "તું આ પાપ કરીને કયે ભવે છૂટીશ ? જીવ માત્રની રક્ષાના કરનારા ભગવાન છે, જન્મ આપે છે ને જિવાડનાર પોષણ કરનાર એ જ છે. શું તમારા ગામના બધા જ આ જ ધંધો કરે છે ?"

"ના રે બાપ ! આ તો અમારા કરમ એવા......"

"ગમે તેવા કરમ હોય તો પણ ભગવાન ફેરવી દે છે. ભગવાનનો આશરો કર, એનું શરણું લે. પાપનો પસ્તાવો કર, પ્રાર્થના કર એ તને ઉગારી લેશે."

બાળ બ્રહ્મચારીના આ શબ્દો લાખાને અસર કરી ગયા. એનાં પૂર્વના સંસ્કાર જાગી ઉઠ્યા હતા. વર્ણીરાજ, લાખાની બદલાતી કેમેસ્ટ્રી ઉપર બારીકાઈથી જોઈ રહ્યાં. પાપી જીવનું કલેવર બદલાય અને એનું રૂડું થાય એવો ઉપદેશ નીલકંઠવર્ણી વરસાવવા લાગ્યા.

"લાખા ! મારવા કરતાં જિવાડનાર મોટો છે. તું તો માનવી છો, રૂડા હાથ-પગ મળ્યા છે, આંખ-કાન મન-વાણી જેવી ઈન્દ્રિયો મળી છે. અને સૃષ્ટિનાં બીચારાં જીવો તો નિર્દોષ છે. ભગવાનની આ સૃષ્ટિમાં ક્યાંય દોષ નથી. દોષ તો તારા જેવા કાળા માથાનાં માનવી ઊભાં કરે છે. જાણે અજાણે નિર્દોષ જીવોને હણે છે. સુખનાં હવાતિયા માટે સૃષ્ટિ સાથે ચેડાં કરે છે. ન ખાવાનું ખાય છે, ન પીવાનું પીવે છે. ન કરવાનાં કાર્યો કરે છે. તારે માથે ય મોત તો ભમે જ છે ! જ્યારે ત્યારે મોત આવીને તને ઝાલશે, ફાંફા મારીશ તોય છૂટી શકીય નહી. ઈશ્વર તારા પાપ કર્મોનો હિસાબ માંગશે. શું જવાબ આપીશ ? ભગવાનનો પાડ માન કે તારા માટે ભગવાને દાણો-પાણી આપ્યાં છે, હવા-ઉજાસ આપ્યાં છે, રૂડી મતિ તને આપી છે. કરવી હોય તો કોઈની સહાય કર પણ આ નિર્દોષ જીવોને હણવાનો તને શો અધિકાર છે?

વર્ણીના એક એક વેણથી લાખાનું અંતર ભિંજાઈ ગયું. હૃદય વિંધાઈ ગયું. આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. લાકડી પડે તેમ સીધો જ નીલકંઠવર્ણીના ચરણોમાં ઢળી પડ્યો.

"મહારાજ ! મને માફ કરી દો. આ પાપી જીવનો ઉદ્ધાર કરો." વર્ણીએ વિશેષ ચોટદાર વાત કરતાં કહ્યું, "લાખા ! જીવમાત્રને કર્મનું બંધન છે. તું અત્યારે કુકર્મ-પાપ કરીને મોજ કરતો હશે પણ આવતા જન્મે આ તે

હણેલાં એક-એક જીવ તારા શરીરને ફોલી ખાશે. જીવતાં જીવ નરકની વેદના ભોગવવી પડશે.''

નીલકંઠ વર્ણીનો એક એક શબ્દ ધારી અસર કરી રહ્યો હતો. સંધ્યાના રંગ સંગમના જળ પર અનેરી ઝાંય પાથરી રહ્યાં હતાં તો આ બાજુ વર્ણીરાજનાં તેજ લાખાના હૃદયને અજવાળી રહ્યાં હતાં. લાખાએ મક્કમતાથી કહ્યું, ''બ્રહ્મચારીજી ! હવેથી હું જીવ હિંસા ક્યારેય નહિ કરું. પણ આ મરેલાં જીવ (માછલાં) છે એનું શું કરું ?''

વર્ણી કહે, ''આ ટોપલો કાંઠા પર લઈ લે.'' લાખાએ તેમ કર્યું. શ્રીહરિએ જળથી અંજલિ ભરી અને એ મરેલાં જીવો પર છાંટી કે તરત જ એ માછલાં એક પછી એક કૂદી કૂદીને સાબરમતીના જળમાં ગેલ કરતાં ગરકાવ થઈ ગયાં!''

લાખો કોળી આ દૃશ્યથી આભો બની ગયો ! ''જરૂર આ કોઈ મોટા મહાપુરુષ છે અને બાળ બ્રહ્મચારીનો વેષ ધારી મને ઉગારવા જ આવ્યાં છે.'' એણે કહ્યું ''બ્રહ્મચારીજી ! મને આ પાપમાંથી મુક્ત કરો. તમારો પાડ કદી નહીં ભૂલું !''

વર્ણી કહે, ''અમારું કાર્ય જ જીવોને બંધનમાંથી છોડાવવાનું છે. હવે તું નિયમ લે. હાથમાં જળ મૂક. કદી કોઈ જીવની હિંસા ન કરવી. અરે ! એને પીડા થાય તેવું વર્તન પણ ન કરવું.''

લાખાએ એ પ્રમાણે નિયમ ધાર્યા. વર્ણીના ચરણોમાં માથું નમાવીને બોલ્યો, ''હે પ્રભુ ! આજે તમે મને ખરો માણસ બનાવ્યો. માનવીના ધર્મ હું ચૂક્યો હતો.''

નીલકંઠ વર્ણી કહે, ''શાસ્ત્ર પ્રમાણે જો ધર્મ આચરવામાં આવે તો ક્યારેય દુઃખ આવતું નથી.''

લાખો કહે, ''મહારાજ ! હું શાસ્ત્રનું કાંઈ ન જાણું પણ તમે મને નિયમ આપો છો તો હવે જીવું ત્યાં સુધી પાળીશ.''

''તો હવે તારે માસ ન ખવાય તેમ તમાકું પણ ખવાય પીવાય નહી.''

''હવે તો એ બધું ગયું મહારાજ !'' એમ કહી તેણે હોકલી પથ્થર સાથે અફાળીને તોડી નાંખી.

વર્ણીરાજ લાખાની આ શૂરવીરતા નિહાળી રાજી થયા. પછી લાખો કહે, ''મહારાજ ! હવે સાંજ પડી ગઈ છે. તમે ક્યાં જશો ? અને આ મહી-સાબરમતીનો સંગમ છે એટલે વાંસ-ઊંડા પાણી વહે છે. ભલભલા તરવૈયાઓની છાતી બેસી જાય તેવી ભમરીઓ ઊઠે છે વળી સામે કાંઠે ઝાડીમાં વાઘ દીપડા પણ વસે છે. માટે કાલે ભરતી ઊતરે પછી ચાલજો. આજે મારે ગામ વડગામ પધારો ત્યાંથી હું બીજે રસ્તે ધોલેરા સુધી મૂકી જઈશ.''

પણ વર્ણી ન માન્યા તે ન જ માન્યા. સાબરમતીના જળમાં એમણે ઝંપલાવ્યું. ત્યાં લાખો કહે, ''તમે સામે કાંઠે પહોંચી ગયા છો તે મને કેમ ખબર પડશે ?'' નીલકંઠવર્ણી કહે, ''સામે કાંઠે પહોંચીને આ મૃગછાલા ઊંચી કરીને હવામાં ફેરવીશ તેનાથી જાણી લેજે.''

એટલું કહેતાંક એ તો ઝપ્પ..... દઈને તરવર તરવર હાથ વીંઝતા સડસડાટ સામે તીર પહોંચી ગયા. અંધારામાં એક તેજ લીસોટો જાણે અગાધ જળનાં બે ભાગ કરી રહ્યો હતો ! વર્ણી તરીને ગયા કે પાણી પર ચાલતા ગયા તે લાખાને કાંઈ સમજાયું નહિ !

લાખો તો અહોભાવમાં સામે કાંઠે નજર નાંખી રહ્યો. થોડી જ વારમાં મૃગછાલા વીંઝતા નીલકંઠે પોતે હેમ ખેમ છે તેની ખાતરી કરાવી. વર્ણીરાજના દેદિપ્યમાન તેજમાં મૃગછાલા સ્પષ્ટ દેખાતી હતી. અને નીલકંઠ વર્ણીનું મધુરું હાસ્ય પણ લાખો અનુભવી રહ્યો. એને ઘડીભર એમ થયું કે લાવ હુંય તરતો સામે કાંઠે પહોંચી જાઉં. બ્રહ્મચારીને ઝાલી લઉં. અને સદાય એમની ભેળો ચાલ્યો જાઉં... પણ હિંમત ચાલી નહિ, પગ પાછા પડતા હતા.

સંગમનાં નીર ઝંપી ગયા. પંખીઓ પોત પોતાના માળામાં લપાઈ ગયાં. તમરાંનો તીણો અવાજ વાતાવરણને સૂમસામ બનાવી રહ્યો.

''મારા પ્રભુ ક્ષણવારમાં ઓઝલ થઈ ગયા ?'' લાખો કોળી ખિન્ન હૃદયે ઘર તરફ વળ્યો. અંતરમાં નીલકંઠ વર્ણીની સલૂણી મૂર્તિને અને એમણે દીધેલા ઉપદેશને ચિંતવવા લાગ્યો. ત્યાં તો જાણે ચમત્કાર થયો ! લાખાને આભાસ થયો કે પોતે એકલો નથી, આકાશમાંથી એ જ સલૂણી મૂર્તિ તરતી તરતી એની સંગાથે આવીને જાણે ચાલી રહી છે. અને કહી રહી છે.'' લાખા મૂંઝાઈશ નહી, હું તારી ભેળો જ છું.'' લાખાનું હૃદય ફરીથી હર્ષોલ્લાસથી ઉછળી રહ્યું.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો ચાર ઘડીનો સહવાસ પામનાર એક પાપી જીવનું અંતર સમૂળું પલટાઈ ગયું હતું. વર્ણીરાજે એને અભયદાન દીધું હતું. જીવન પર્યંત લાખાએ શ્રીહરિનાં વચન પાળ્યા અને જીવ્યો ત્યાં સુધી બટૂક બ્રહ્મચારીને યાદ કરતો રહ્યો.

એનો અંતકાળ નજીક આવ્યો ત્યારે એ જ મૃગછાલાવાળા - કૌપીન સભર હાથમાં દંડ-કમંડલૂ ધારણ કરીને નીલકંઠવર્ણીએ એને દર્શન દીધાં અને એને પરમગતિ પમાડી.

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## સાધનાથી સંગીત પ્રગટે

- શાસ્ત્રી હરિપ્રિયદાસજી (ગાંધીનગર)

એક ગવૈયો બહુ સુંદર વીણા વગાડે. તે એટલું સુંદર વગાડે કે બધા ડોલી ઉઠે. કોઈ ધનપતિએ પૂછ્યું. આવી વીણા ક્યાંથી મળે ? કલાકારે સરનામું આપ્યું અને કિંમત પણ જણાવી. ધનપતિ તો સરનામે ગયા. અને એવી જ વીણા ખરીદી લાવ્યા. પોતાના બંગલામાં ખૂબ સરસ રીતે ગોઠવી દીધી. જે કોઈ મિત્ર-સ્નેહી આવે તે ધનપતિના ઘરમાં શોકેસની વીણા જોઈ ખુશ થાય. તેમનાં બંગલે આવેલા તેમના એક જીગરજાન મિત્રે તેમને કહ્યું, આ વીણા તમે વગાડો છો ? ધનપતિએ વીણા હાથમાં લઈ વગાડવાનો પ્રયત્ન કર્યો. તેમાંથી મધુર સ્વર નીકળવાના બદલે ઘોંઘાટ થયો. આથી ધનપતિ ખૂબ નારાજ થઈ ગયા. અને મનમાં વિચારવા લાગ્યા કે આ વીણામાં કાંઈક ગરબડ લાગે છે. કલાકારે મને ખોટું સરનામું બતાવ્યું લાગે છે. અને આ શેઠ તાત્કાલિક પેલા વીણા વગાડનાર કલાકાર પાસે પહોંચી ગયા અને કહે છે તમારા જેવી જ વીણા તમારા બતાવેલા સરનામેથી હું ખરીદી લાવ્યો છું. પણ તે તો તમારી વીણા જેવી વાગતી નથી. ઘોંઘાટ કરે છે. આવું કેમ થાય છે ?

ત્યારે વીણાવાદક કલાકારે કહ્યું, શેઠ સાહેબ ! તમારી પાસે તો ખૂબ સંપતિ છે. તો સંપત્તિથી પલંગ ખરીદી શકાય પણ ઉંઘ ખરીદી શકાતી નથી. ભોજન ખરીદી શકાય પણ ભૂખ ખરીદી શકાતી નથી, માણસ ખરીદી શકાય પણ વફાદારી ખરીદી શકાતી નથી, વીણા ખરીદી શકાય પણ સંગીત ખરીદી શકાતું નથી. સંગીત તો સાધનાથી પ્રગટે છે. હું તો છેલ્લા વીસ વર્ષથી આની નિયમિત સાધના (પ્રેકટીસ) કરૂં છું ત્યારે સંગીત પ્રગટે છે. તમે પણ હિંમત હાર્યા વિના સાધના શરૂ કરી દો, તમારાથી પણ મધુર સંગીત જરૂર પ્રગટશે જ. સાધન નાનું હોય કે મોટું પરંતુ સાધના વિના સિધ્ધિ મળથી નથી. તમે નિષ્ણાંત માર્ગદર્શક (ગુરૂ) પાસેથી તાલીમ લો તે પછી સતત પ્રેકટીસ ચાલુ રાખો તો સિધ્ધિ મળે.

જે માણસે પોતાનું આખું જીવન આળસ અને પ્રમાદમાં ગાળ્યું હોય તે માણસ બીજા જ દિવસે એકદમ ઉદ્યોગી બની જાય એ સંભવ જ નથી. એક ઉડાઉ માણસ રાતોરાત કરકસરીયો બની જાય અને સ્વચ્છંદી માણસ સદ્‌ગુણી બની જાય એ બહુ ઓછું સંભવી શકે. એના માટે પ્રયત્નશીલ રહેવું પડે.

પ્રભુએ આપેલી આપણી અણમોલ જિંદગી પણ એક વીણા છે. તેના માલિક થવાથી સંગીત નથી પ્રગટતું. પરંતુ જિંદગીને એવી સાધનામય બનાવો કે જીવનમાંથી સંગીત પ્રગટે. એ સાધાનનું નામ છે સંયમ એની સાથે સદ્‌ભાવ, સંતોનો સત્સંગ, ઈષ્ટદેવની ભક્તિ આ બધા જ સદ્‌ગુણો માનવની જીંદગીમાંથી સુમધુર સંગીત પ્રગટાવવાની સાધનાઓ છે.

ધ્રુવજીએ પાંચ વર્ષની ઉંમરમાં જ કઠોર સાધના કરીને અદ્‌ભુત સંગીત પ્રગટાવ્યું. ભક્ત પ્રહલાદજીએ સહનશક્તિની કસોટીમાંથી પસાર થઈને નામસ્મરણની સાધના ચાલુ રાખી સાત જ વરસમાં સંગીત પ્રગટાવ્યું. સ્વામિનારાયણ ભગવાનના હજારો સંતો તથા લક્ષાવધિભક્ત જનોએ વિવિધ વા, વંટોળોને સહન કરીને પ્રતિકુળતાઓ પચાવીને પ્રગટ પુરૂષોત્તમની ઉપાસનાની સાધના ચાલુ રાખી એવું અનોખું-દિવ્ય રમણીય સંગીત પ્રગટાવ્યું. તે સંગીતના મધુર ધ્વનિ આજે પણ આપણને અને સમાજને પવિત્ર બનાવે છે.

મિત્રો ! તમે નાના છો, હજુ વિદ્યાઅભ્યાસ કરો છો તો તમને પણ એક વાત કહેવાનું મન થાય છે. વેકેશન પુરૂ થયું. શાળા કોલેજોનાં સત્રો પુનઃ શરૂ થયાં તો યાદ રાખો કે તમે શાળા કોલેજોમાં ભણવા જાવ છો એ સાધના છે. કેવળ મોંઘાભાવના પુસ્તકો ખરીદી લાવવાથી કે ઉંચા પ્રકારના ટ્યુશનો રાખવાથી સ્નાતક થઈ જવાતું નથી. વિદ્યાની દેવી સરસ્વતી સાધનાથી એટલે કે મહેનત કરવાથી પ્રસન્ન થાય છે. સ્વામિનારાયણ ભગવાને પણ જગતને એજ ઉપદેશ આપ્યો છે કે જે મહેનત કરતો નથી તેના ઉપર ભગવાનની કૃપા પણ થતી નથી. માટે ખૂબ મહેનત કરો અને આગળ વધો. પરંતુ જીંદગીના કોઈપણ તબક્કે સત્સંગને ભક્તિથી વિખૂટા ન પડી જવાય તેની સાવધાની રાખજો.

●

## તીર્થધામમાં ગુસ્સો કેમ આવ્યો ?

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

"છો તો એકને દિસો છો દોય,
તેનો ભેદ જાણે જન કોય."

ભગવાનનાં નામ, ગુણ, ચરિત્રો અપરંપાર છે. એવા અનંત, અમાપ, અપાર એવા પરમાત્મા સ્વામિનારાયણ

ભગવાનનું એક નામ છે. ''નરનારાયણ''. તો ચાલો આજે આપણે સ્મરણ કરીએ કે પ્રભુનું આ નામ કઈ રીતે પડ્યું.

આદિ સતયુગની કથા છે. ધર્મ અને મૂર્તિ, જેને આપણે ભક્તિ કહીએ છીએ. એમનું સતયુગમાં મૂર્તિ એવું નામ હતું. ધર્મ અને મૂર્તિ એ ખૂબ તપ કર્યું. દેવતાઓના બાર હજાર વરસ સુધી તપ કર્યું. ભગવાન તો ''તપઃ પ્રિયાય'' છે. ભગવાનને તપ પ્રિય છે. ધર્મ-મૂર્તિના તપથી પ્રસન્ન થયેલા ભગવાને વર માંગવા કહ્યું, ત્યારે ધર્મ-ભક્તિ એ એ વખતે માગ્યું કે તમે અમારા પુત્ર થાવ. બીજી વાર કહે માંગો. બીજી વાર બોલ્યા, ચાર વખત બોલ્યા તમે અમારા પુત્ર થાવ. ભગવાને તથાસ્તુ કહ્યું. એ સમય જુદો હતો. શાસ્ત્રની કથા પ્રમાણે સંકલ્પથી સૃષ્ટિની વૃધ્ધિ થતી.

આદિ સતયુગમાં સંકલ્પ સૃષ્ટિ હતી. ધર્મ અને ભક્તિ ચાર વખત બોલ્યા એટલે ભગવાને તથાસ્તુ કહ્યું ચાર સ્વરૂપે એમની પાસે આવીને ઉભા રહ્યા. નર, નારાયણ, હરિ અને કૃષ્ણ એમાં પોતાના ભક્તોનાં હિત માટે નર અને નારાયણ એ બે સ્વરૂપે ભગવાન બદરીકાશ્રમમાં કાયમ રહ્યા છે.

એક સમયે મરિચ્યાદિક ઋષિ મહર્ષિઓએ ભારતભરના તમામ તીર્થોની યાત્રા કરી. પરંતુ પૃથ્વી પર ચાલતા અધર્મ પાખંડને જોઈ અત્યંત દુઃખી થઈ ગયા. પવિત્ર એવી ભારત ભૂમિના તીર્થોની આવી દશા જોઈ સૌ બદરિકાશ્રમમાં શ્રી નરનારાયણદેવ પાસે ગયા. નરનારાયણદેવનાં દર્શન કરી ત્યારબાદ તીર્થોની હાલત તથા ધરતી પરના અધર્મ, કુસંગ, પાખંડ વધતા જાય છે. તેની ચિંતા ઋષિ મહર્ષિઓએ નરનારાયણદેવ આગળ વ્યક્ત કરી.

આ ઋષિ-મહર્ષિઓની સભા ભરાઈ હતી. અને દુર્વાસાજી ત્યાં આવી પહોંચ્યા. અહીં એક અજબ ઘટના બની. બદરિકાશ્રમ એ નરનારાયણ દેવના તપથી એવું પવિત્ર સ્થાન છે કે ત્યાં સર્પ-નોળીયામાં શત્રુતા રહેતી નથી. અંતઃશત્રુનો ત્યાં પ્રવેશ જ નથી. પણ દુર્વાસાજી ત્યાં ક્રોધને સાથે લઈ પહોંચી ગયા. બસ આજ એક અજબની ઘટના છે. દુર્વાસા ઋષિ તો સભાને છેડે આવી ઉભા રહ્યા. બધા જ મહર્ષિઓ શ્રી નરનારાયણદેવના સ્વરૂપમાં તન્મય બની ગયા હતા. તેથી ખબર ન રહી કે મોટા મહર્ષિ પાછળ આવીને ઉભા છે. દુર્વાસાજીને પોતાનો આદર ન થતો જોઈ ક્રોધે ભરાઈ ગયા. અને શાપ દેવા લાગ્યા. જેને શાપ દેવા હોય એ ગમે ત્યાં દે એને માટે કોઈ ચોક્કસ જગ્યા ન હોય. પ્રવચન કરવું હોય તો માઈક પાસે આવવું પડે. પણ શાપ દેવો હોય તો સભાને છેડે બેઠા પણ દેવાય. દુર્વાસાજી શાપ દેવાવાળા. જેમ માણસને ગાળો દેવી હોય તો ઘરમાં પણ દે. અને ઓફિસમાં પણ દે. અને મંદિરમાં પણ ગાળો દે. છેક બદરીકાશ્રમમાં જઈને ઋષિએ સભાને શાપ દીધો. માણસ જ્યાં યાત્રા કરવા જાય તેવા પવિત્ર સ્થળે અગિયાર હજાર ફીટની ઉંચાઈએ જઈને શાપ દીધો. અહીં બેઠેલા બધા ઉદ્ધત છો. અભિમાની છો. મારું સન્માન નથી કરતા. એટલે કળિયુગમાં જન્મ લ્યો. અને હેરાન થાવ. અને દુર્વાસાજીએ પોતાના શાપનું નિમિત્ત નરનારાયણદેવને પણ બનાવ્યા.

અહી શતાનંદ સ્વામી એક રહસ્ય ઉચ્ચારે છે. અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણ ધરતી ઉપર છપૈયા ગામમાં ધર્મ ભક્તિ થકી પ્રગટ થવાના હતા. એટલે નરનારાયણદેવને નિમિત્ત બનાવ્યા.

નરનારાયણદેવે ધર્મ-ભક્તિને કહ્યું, ''તમે ચિંતા ન કરતા. અસૂરોથી રક્ષા કરવા માટે અમે તમારા થકી જન્મ ધારણ કરશું.''

ભગવાન બદરીકાશ્રમમાં બે સ્વરૂપે છે અને છપૈયામાં પ્રગટ થયા ત્યારે એ સ્વરૂપ તો એક જ હતું. અને એજ અક્ષરધામના અધિપતિ સ્વામિનારાયણ ભગવાન જે નરનારાયણદેવને નિમિત બનાવી પ્રગટ થયા માટે સ્વામિનારાયણ ભગવાનનું જ એક નામ ''નરનારાયણાય નમઃ'' એવું શતાનંદ સ્વામીએ જનમંગલમાં આલેખ્યું. તો પ્રેમથી બોલો ''શ્રીનરનારાયણદેવની જય.''

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં પ્રકાશિત માટે મોકલાતા સત્સંગ સમાચાર અને ફોટા અંગે હરિભક્તોને સૂચન**

આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના હાલ હજારોની સંખ્યામાં વાચકો છે. અંક નિયમિત નિયત તારીખે પ્રકાશિત કરી પોસ્ટ કરવામાં આવે છે. આ અંકમાં પ્રકાશિત અર્થે મોકલવામાં આવતા **સત્સંગ સમાચાર અને ફોટા દર માસની ૨૫ તારીખ સુધીમાં મોકલી આપવા. સમાચાર ખૂબજ ટૂંકાણમાં સ્વચ્છ અક્ષરે મુદ્દાસર લખીને મોકલવા. ખૂબજ લાંબા સમાચાર લખવા નહીં. તેનું ખાસ ધ્યાન રાખવું. ૨૫ તારીખ બાદ આવેલા સમાચાર તે પછીના** અંકમાં પ્રસિધ્ધ થશે તેની ખાસ નોંધ લેવી.

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી કર્મના પ્રકાર**

સંકલન : કોટક વર્ષા નટવરલાલ (ઘોડાસર)

ગીતામા શ્રીકૃષ્ણ ભગવાનને અર્જુન પૂછે છે કે કર્મ અને જ્ઞાન એ બેમાંથી સારૂ શું છે ? તો શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે કર્મનો ત્યાગ કરીને કોઈ ત્યાગી થઈ શકતું નથી કેમ કે પ્રત્યેક વ્યક્તિને તેણે ભૌતિક પ્રકૃતિથી મેળવેલા ગુણો અનુસાર વિવશ થઈને કર્મ કરવું જ પડે છે. તેથી કોઈપણ મનુષ્ય એક ક્ષણ માટે પણ કર્મ કર્યા વગર રહી શકતો નથી અને આપણામાં જે આત્મા રહેલો છે તે આત્માનો સ્વભાવ જ એવો છે કે તે હંમેશા સક્રિય રહે છે. આત્માની ઉપસ્થિતિ વગર ભૌતિક દેહ હાલી પણ શકતો નથી. તેની હાજરીથી જ આપણા શરીરમાં સ્વાભાવિક કર્મો ચાલતા રહે છે. આપણને જે કોઈ વ્યક્તિ કર્મ કરતી દેખાય છે તે સ્થુળ કર્મ કહેવાય છે. તમે નેત્ર, મુખ, કાન કે વિચાર દ્વારા જે કર્મ કરો છો તેને સુક્ષ્મ કર્મ કહેવાય છે. સુક્ષ્મ કર્મ વધારે શક્તિશાળી છે કેમ કે સુક્ષ્મ કર્મમાંથી સ્થૂળ કર્મનો જન્મ થાય છે. પ્રથમ તો સુક્ષ્મ મન દ્વારા વિચાર આવે છે પછી જ તે કર્મ થાય છે. કર્મ ઘણા પ્રકારના છે. પણ આપણે અહીયા મુખ્ય પાંચ પ્રકારના કર્મો લઈએ તો (૧) સ્વાભાવિક કર્મ (૨) સહજ કર્મ (૩) નિયત કર્મ (૪) પરિસ્થિતિ પ્રાપ્ત કર્મ અને (૫) યજ્ઞ કર્મ.

(૧) સ્વાભાવિક કર્મ : આપણા શરીરની અંદર આત્માની હાજરીથી જ આપણું હૃદય, મગજ, ફેંફસા વગેરે શરીરના અંગો જે છે તે જે કાર્ય કરે છે તેને સ્વાભાવિક કર્મ કહેવામાં આવે છે.

(૨) સહજ કર્મ : સહજ કર્મ છે તે એવા કર્મ છે કે જે શીખવા પડતા નથી. માણસ જોઈને સહજ કરવા લાગી જાય છે. સંસ્કારથી સ્હેજે થઈ જતા હોય છે. દા.ત. બાળક જન્મે છે તો અમુક ક્રિયાઓ તેને શીખવવી પડતી નથી. સહજ કરવા લાગે છે.

(૩) નિયત કર્મ : નિયત કર્મ એટલે વર્ણ વ્યવસ્થા પ્રમાણે આપણે ત્યાં ચાર વર્ણ પ્રમાણે એટલે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર ચાર વર્ણ વ્યવસ્થા છે. જે મૂળ ધર્મ પ્રમાણે અથવા તો સમાજમાંથી સામાજિક સંસ્કાર પ્રમાણે પ્રાપ્ત થાય છે. તે કર્મોને માણસના જીવનના નિયત કર્મ કહેવામાં આવે છે.

(૪) પરિસ્થિતિ પ્રાપ્ત કર્મ : પરિસ્થિતિ પ્રાપ્ત કર્મ એટલે અમુક કાર્ય માણસને ન કરવું હોય તો પણ માણસના જીવનમાં અમુક પરિસ્થિતિ ઉભી થાય છે કે અમુક સમયે વિપત્તિ આવી જાય અથવા તો બીજા કોઈપણ સંજોગો જીવનમાં આવી જાય તે પ્રમાણે ઉચિત કર્મ તેને કરવુ પડે છે. તેને પરિસ્થિતિ પ્રાપ્ત કર્મ કહેવામાં આવે છે.

(૫) યજ્ઞ કર્મ : યજ્ઞ કર્મ એટલે હોમ કર્મ, અથવા તો જ્ઞાન યજ્ઞ, સેવા યજ્ઞ, અથવા તો કોઈપણ સારૂ કર્મ આપણે કરીએ છીએ તેને યજ્ઞ કર્મ કહેવામાં આવે છે. માણસ પોતના જીવનમાં આગળના ચાર કર્મ છે તે તો દરેક વ્યક્તિ કરે જ છે. અને તેને જે વ્યવસ્થિત સંજોગો પ્રાપ્ત થયા હોય તે રીતે કરવાનું હોય જ છે. પરંતુ એવુ નથી કે માણસે એટલા જ કર્મ કરવાના છે. પરંતુ તે બધા કર્મ કરતા પણ માણસે યજ્ઞ કર્મને વિશેષ મહત્વ આપવાનું છે. યજ્ઞ કર્મમા ઘણા બધા પ્રકાર છે.

# ભક્તિસુધા

(૧) બ્રહ્મ-કર્મ : બ્રહ્મ કર્મ એટલે વેદ-શાસ્ત્રો વગેરેનું જે અધ્યયન કરવામાં આવે છે. તેને બ્રહ્મ કર્મ કહેવામાં આવે છે.

(૨) દેવ-કર્મ : દેવ કર્મ એટલે તમે તમારા ઈષ્ટદેવની જે ભક્તિ - ઉપાસના વગેરે કર્મ કરો છો તેને દેવ-કર્મ કહેવામાં આવે છે.

(૩) પિતૃ-કર્મ : પિતૃ કર્મ એટલે માતા-પિતાની સેવા કરવાની જે શાસ્ત્રમાં બતાવેલી છે તેને પિતૃકર્મ કહેવામાં આવે છે. તમે ભજન-ભક્તિ, શાસ્ત્ર-અધ્યયન બધું કરતા હશો પણ માતા-પિતાની સેવા નહિ કરતા હો તો તમને એ બધા કાર્યનું ફળ નહિ મળે માટે પિતૃકર્મ પણ જરૂરી છે.

(૪) ભૂત યજ્ઞ : ભૂત યજ્ઞ એટલે પશુ-પક્ષી પ્રત્યે દયા ભાવ રાખવો તેનું પોષણ કરવું ગાયને રોટલી આપો પક્ષીને ચણ આપો આ બધું નિયમિત કરવાનું હોય છે.

(૫) મનુષ્ય કર્મ : મનુષ્ય કર્મ એટલે દરેક માણસ માટે પ્રેમ અને આદર ભાવ રાખવો. કોઈ ખરાબ વર્તન કરે તો પણ તેનો અવગુણ નહિ લેવો. કેમ કે તેવા માણસો દયાને પાત્ર હોય છે. કેમ કે તેમને અજ્ઞાન હોય છે. આપણે કોઈને સુધારી શકતા નથી તેવા લોકો હોય છે. તે પોતાના અનુભવથી સુધરે છે. અને કુદરત દરેક વ્યક્તિને પોતાના કર્મનું ફળ આપે જ છે. માટે આપણે હંમેશા દરેક વ્યક્તિને નિર્દોષ જોવી અને માનવતા રાખવી અને ભગવાનના દાસ થઈને રહેવું એટલે ભગવાનના નોકર થઈને રહેવાની વાત નથી પણ જે ભગવાનનો દાસ હોય છે તેને કહેવું પડતુ નથી અને તેનું વર્તન ભગવાનની આજ્ઞા પ્રમાણેનું જ હોય છે. તેને દાસપણું કહેવામાંઆવે છે. તો તે તમે નિષ્કામ ભાવે આટલા કાર્યો વ્યવસ્થિત રીતે કરશો તો તમને કળિયુગમાં પણ સત્તયુગ જેવી અનુભૂતિ થશે અને જેવી રીતે વૃક્ષના મૂળમાં પાણી સિંચવાથી તેના પાંદડા તથા ડાળીઓને આપોઆપ પાણી મળી જાય છે. તેવી રીતે ભગવત્ ભાવના પરાયણ બની કર્મ કરવાથી મનુષ્ય દરેક જીવની અર્થાત્ પોતાની, કુટુંબની, સમાજની, દેશની, માનવતાની વગેરે બધાની સર્વોચ્ચ સેવા કરી શકે છે. અને જો મનુષ્યના કર્મોથી ભગવાન પ્રસન્ન થઈ જાય તો પ્રત્યેક વ્યક્તિ સંતુષ્ટ થઈ જશે. તો નરનારાયણ દેવ તમને તે પ્રમાણે કર્મ કરવાની શક્તિ આપે તે જ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

●

**ગુરુના ઋણનું સ્મરણ કરવાનું પર્વ એટલે ગુરુપૂર્ણિમા**

- સાંખ્યયોગી ગીતાબા તથા આનંદીબા (વિરમગામ)

સર્વાવતારી સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્વરૂપનું પ્રગટ અને પ્રત્યક્ષપણુ અખંડ રાખવા સંવત ૧૮૮૨ ના કારતક સુદ-૧૧ પ્રબોધની એકાદશીના દિવસે વડતાલ દેશ અને અમદાવાદ દેશ એમ બે વિભાગ કરી આચાર્ય પદે પોતાનું અપર સ્વરૂપ સ્થાપન કર્યું. એ વખતે મહારાજ પાસે હજારો નંદ સંતો હતા તેમના આચરણ અને શ્રીહરિના બળને લઈને તે દરેક સંત એક એક અવતાર જેવું કાર્ય કરવાને સમર્થ

હતા તેમ છતાં તેઓ સર્વ મુમુક્ષુઓ ફક્ત વર્તમાન ધરાવતા પણ દીક્ષામંત્ર તો મહારાજશ્રી થી આપી શકાય. બીજી વાત પ્રથમના વચનામૃતમાં પણ મુક્તાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું કે ભગવાનનો ભક્ત જ્યારે પંચભૂતનાં દેહને મૂકીને ભગવાનનાં ધામમાં જાય છે ત્યારે તે કેવા દેહને પામે છે. ત્યારે શ્રીજી મહારાજે જ તેનો ઉત્તર આપ્યો છે કે ધર્મકુળને આશ્રિત એવો ભક્ત ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે અને જ્યારે દેહને મૂકીને ભગવાનનાં ધામ પ્રત્યે જાય છે ત્યારે કોઈક તો ગરૂડ ઉપર બેસીને જાય છે. અને કોઈક વિમાન પર બેસીને જાય છે અને કોઈક તો રથમાં બેસીને જાય છે. એવી રીતે ભગવાનનો ભક્ત ભગવાનના ધામમાં જાય છે. આમ વચનામૃતમાં પણ શ્રીજી મહારાજે ઘણી જગ્યાએ ધર્મકુળનો મહિમા ખૂબજ કહ્યો છે.

કચ્છ જતા ઘાટીલા ગામમાં એક સમયે પ.પૂ. આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ પધાર્યા હતા ત્યારે એક ખેડૂત હરિભક્ત જેઠા પટેલ અને ભક્તજનોએ અયોધ્યાપ્રસાદજી મહારાજનું ખૂબજ ભવ્ય સ્વાગત કર્યું અને ગામની પશ્ચિમ દિશામાં આવેલા મોટા તળાવ પાસે તંબુઓ તાણ્યા. પરંતુ તળાવમાં પાણી નહિવત હતું. બીજા દિવસે જવાનો નિર્ણય કર્યો. ગામના હરિભક્તો અને જેઠા પટેલે હાથ જોડી આગ્રહ ભરી વિનંતી કરી કે, મહારાજ અમે તો અગિયાર પ્રકારની રસોઈ અગિયાર દિવસ સુધી બનાવી આપ સૌને ભોજન કરાવવાની તૈયારી કરી છે. કૃપા કરી અગિયાર દિવસ રોકાઈ અને અમોને પાવન કરો અમદાવાદ છોડે ઘણા દિવસ થઈ ગયેલા તેથી કોઈને રોકાવું પસંદ નહોતુ. તેથી કોઈએ કહ્યું આ ગામની ચારેય બાજુ એટલું પાણી નથી જે પૂરુ પડે. વીરડાઓમાંથી થોડું પાણી મળે છે તે પાણી આ રસાલાને ક્યાં પુરુ થાય. ગામમાં એક જ કૂવો છે. તેમાં પણ ખારું પાણી છે. વળી કોઈ કહે કે, મહારાજ અષાઢ માસ બેસી ગયો છે. જો વરસાદ પડશે તો નીચાણવાળા રસ્તામાં પાણી ભરાઈ જશે વળી ચીકણી માટી થઈ જશે તો આપણને અમદાવાદ પહોંચવા મુશ્કેલી થઈ પડશે. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે ગામના આગેવાન ભક્ત આણંદજી પટેલને પૂછ્યું કે તમે શું કહો છો ? આણંદજી પટેલ કહે મહારાજ પાણીની અછત તો જરૂર છે પણ અમે બધા ગામવાસી આપ સૌ માટે રાત દિવસ મહેનત કરી વિરડાઓમાંથી પાણી લાવીને આપને કોઈ જાતની તકલીફ પડવા નહિ દઈએ માટે કૃપા કરી આપ અત્રે રોકાઈ જવા માટે દયા કરો. ત્યાં તો રસાલામાં અખાભાઈ કરીને એક ગરાસીયા હતા તે બોલ્યા મહારાજ રસ્તે જતાં કાલાવાડ બાજુનો પટ તો ખૂબજ ચીકણો અને લપસણો છે. હવે જો ચાર છાંટા પડશે તો પણ ચાલી નહિ શકાય. અયોધ્યાપ્રસાદજી મહારાજે પ્રત્યુતર વાળ્યો તમે કાંઈ ચિંતા ન કરો અખાભાઈ જ્યાં સુધી આપણે અમદાવાદ નહિ પહોંચીએ અને શ્રી નરનારાયણદેવના દર્શન નહિ કરીએ ત્યાં સુધી વરસાદ આવશે જ નહિ. જેમને ઉતાવળ હોય તેઓ ભલે જાય પણ હું અહિં રોકાઈશ. આવા ભક્તોને નારાજ નહિ કરાય. બીજું ''હું શ્રીહરિને પ્રાર્થના કરું છું ગામમાં આ એક જ કૂવો જે ખારાપાણીનો છે. તે કૂવાનું પાણી મીઠું થઈ જાય !'' પાણી મીઠું થઈ જતાં કોઈ તકલીફ નહિ પડે ને જેટલું જોઈએ એટલે તેટલું આ ઢોરોને પણ પીવડાવજો અને લોકોને પણ પાણી પાજો !

બીજા જ દિવસે શ્રીહરિએ આચાર્ય મહારાજશ્રીની અરજ સાંભળીને ખારા કૂવાનું પાણી મીઠું બની ગયું ને પાણી પણ ઉપર આવી ગયું. આવા ઐશ્વર્યથી સૌ કોઈ જોતા રહ્યા આમ, શ્રીહરિ સદાય અયોધ્યાપ્રસાદજી મહારાજની સમીપ રહેતા તેની આ બનેલી ઘટના છે. અગિયાર દિવસ બાદ ગામવાસીઓને રાજી કરીને સૌ અમદાવાદ સિધાવ્યા અને તેઓ સૌએ શ્રી નરનારાયણદેવના દર્શન કરી લીધા કે તરત જ વરસાદ તૂટી પડેલો. આવું અજોડ સામર્થ્ય તથા વચન સિધ્ધિ અયોધ્યાપ્રસાદજી મહારાજથી લઈને વર્તમાન લાલજીશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજની પરંપરામાં રહેલ છે. આમ આપણે સૌએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો તથા સમગ્ર ધર્મકુળનો મહિમા સમજીને તેના આશ્રિત છીએ અને તેના જ આશ્રિત થઈને રહીશું.'' એવો દઢ નિશ્ચય કરી લેવો જોઈએ. તો જરૂર આપણો મોક્ષ નક્કી થઈ ગયો છે. માટે બીજે ક્યાયં હવે માથા ભટકાડવાની જરૂર નથી. ''બીજે કોઈ ઠેકાણે મોક્ષ નથી, કોઈ એક માણસ તો કંઈ જોવે મોક્ષ જોઈએ છીએ ? તો આવો અમારી પાસે ! 'એ' તો ધર્મકુળ જ કહી શકે ! આ વાત પ્રેમાનંદ સ્વામીના શબ્દોમાં પણ છે,

જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ
આજ ધર્મવંશીને દ્વાર, નરનારી....
શીદ જાઓ છો બીજે શિર કુટવા રે લોલ
યાં તો તરત થાશે, પાવન નરનારી.....
ભૂંડા શીદને ભટકો છો મંત પંથમાં રે લોલ
આવો સત્સંગ મેલીને મોક્ષરૂપ, નરનારી....
જુઓ આંખ ઉઘાડીને વિવેકની રે લોલ,
શીદ કરો ગોળ ખોળ એકપાડ, નરનારી.....

શ્રીજી મહારાજ આ પૃથ્વી ઉપર પધાર્યા ને એકાન્તિક ધર્મનું સ્થાપન કર્યું પછી ૪૯ વર્ષની ઉંમરે પોતાની લીલા સંકેલી લીધી ને પોતાનું કાર્ય એમના પુત્રોને આચાર્યશ્રીને સોંપ્યું. આમ, અક્ષરધામની પ્રણાલી મહારાજ અક્ષરધામમાંથી લઈને આવેલા આચાર્ય મહારાજને કહેલું કે તમે એમની પ્રસ્થાપિત મૂર્તિની આરતી ઉતારો પછી હું એમાં રહી અને હું બધી સેવા અંગીકાર કરીશ અને પછી જ એનું પૂજન થઈ શકે. આચાર્ય મહારાજે જે મૂર્તિની પ્રતિષ્ઠા ન કરી હોય તે મૂર્તિ પછી નંગજડિત આખા હીરાની હોય કે પછી ગમે તેની હોય પણ એની પૂજા ન થઈ શકે. કદાચ જો એની પૂજા કરીએ તો શું પુરૂષોતમ નારાયણ એ શું પૂજાનો અંગીકાર કરે ?

''કરશે દર્શન ને ગુણ લેશે રે,
વળી પો'ચ્ય પ્રમાણે કાંઈ દેશે રે.
શ્રધ્ધા સહિત સેવા કરે સોઈ રે,
વળી રાજી થાશે એને જોઈ રે.
એવા જન જે જે જગમાંય રે,
તેની કરવી મારે સહાય રે.''

પુરુષોતમ પ્રકાશમાં નિષ્કુળાનંદ સ્વામીએ મહારાજના વચન આલેખ્યા છે. આ વચન પ્રમાણે જો આપણી સંપત્તિ ગુરુને માટે કામ ન લાગે કે ગુરુ માટે જો આપણાથી કોઈ કાર્ય ન થઈ શકે તો શું ખાલી ખીચડી ખાવા થોડા આ પૃથ્વી પર આવ્યા છીએ. અરે, ખીચડી ખાવા નથી આવ્યા ! ખીચડી તો અનેક

જન્મમાં ખાધી અને અનેક જન્મમાં મળશે. અરે ! આવા ગુરુ પૂર્ણિમાના પર્વના દિવસે જો ગુરુના ગુણ ગાઈ લઈએ ને ગુરુને રાજી કરીએ તો ફરી ખીચડી ખાવાનો વારો ન આવે.

આથી ગુરુ પૂર્ણિમાના દિવસે આવા આપણા ગુરુનું પૂજન કરીને તથા વંદન કરીને તેમને રાજી કરવા પ્રયત્ન કરવો જોઈએ તેથી આ પર્વના દિવસે અવશ્ય તેમના ચરણ સ્પર્શનું સુખ લેવું જોઈએ. કારણ કે આવા પૂજનીય કે વંદનીય ગુરુના અજાણતા ચરણ સ્પર્શથી પ્રવાહિત થતી ઊર્જા (શક્તિ) પ્રાપ્ત થાય છે જે સદ્‌માર્ગ તરફ લઈ જવા માટે માર્ગદર્શક બનતી હોય છે. જે આપણા મન, પ્રાણ અને વિચારોને શુધ્ધ કરે છે શ્રીજી મહારાજે ચીંધેલા માર્ગે ચાલીને તેમને પ્રસન્ન કરીને આદર્શ જીવન જીવવું જોઈએ.

●

**સૌથી મોટો પરોપકાર ક્યો**

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

પરોપકાર શબ્દનો ગુજરાતી શબ્દ કોશમાં અર્થ એમ થાય છે જે દાન, દયા તથા પરમાર્થ આ ત્રણ મુખ્ય અર્થો છે. દાન એ પરોપકારના પર્યાય અર્થમાં વપરાય છે. દાન ત્રણ પ્રકારના હોય છે. (૧) સાત્વિક (૨) રાજસ (૩) તામસ, જે દાન સુપાત્રને કોઈ વળતરની અપેક્ષા વગર આપવામાં આવે છે તેને સાત્વિક દાન કહે છે. આવા દાનને સાત્વિક પરોપકાર પણ કહે છે, જે દાન વળતરની સાથે તેમજ દાન આપનારના અંતઃકરણમાં દુઃખ તથા કલેશ સાથે પરાણે આપવામાં આવે છે તેને રાજસ દાન કહે છે. અથવા રાજસ પરોપકાર કહે છે. જે દાન કુપાત્રને અનિચ્છાથી આપવામાં આવે તેને તામસ દાન કહે છે. અથવા તામસ પરોપકાર કહે છે.

પરોપકારનો બીજો મુખ્ય અર્થ દયા છે. કોઈપણ સંકટમાં આવી ગયા હોય તો તેની યથાશક્તિ રક્ષા કરવી એને દયા કહે છે. ભગવાન સ્વામિનારાયણ કેવા દયાળુ હતા. સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ લખ્યું છે. અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો પરદુઃખ હારી રે વારી બહુનામીનો કોઈને દુખિયો રે, દેખી ન ખમાયે દયા આણી રે, અતિ આકળા થાય અન્નધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે કરૂણા દૃષ્ટિ રે.

ભગવાન સ્વામિનારાયણની દયાળુ સ્વભાવની પરાકાષ્ટા તો જુઓ ! પોતાના ગુરુ રામાનંદ સ્વામી પાસેથી ઉદ્ધવ સંપ્રદાયનું ગુરૂપદ સ્વીકાર્યું ત્યારે બે વરદાન માગ્યા હતા જે તમારા આશ્રિતને જીવનમાં એક વીંછીની વેદના હશે તો તેના બદલે મને રૂંવાંડે રૂંવાંડે કરોડ વીંછીની વેદના થાય પણ તેમને વેદના થાય નહિ. તેમજ બીજુ માગ્યું જે તમારા આશ્રિતોના પ્રારબ્ધમાં રામપાતર લખ્યું હોય તો તે મને આવે ને તમારા આશ્રિતો અન્ન વસ્ત્રે દુઃખી ન થાઓ. આ બે વરદાન માગ્યા છે, પરોપકારી સ્વભાવનું આ સર્વ શ્રેષ્ઠ ઉદાહરણ કહી શકાય.

હવે પરમાર્થના અર્થમાં પરોપકાર શબ્દનો વિચાર કરીએ. પરમ કૃપાળુ પરમાત્મા અને તેમના એકાંતિક સંતો જ સાચા અર્થમાં પરમાર્થી છે. પરમ પરોપકારી છે. પરમાર્થના અર્થમાં પરોપકાર તો જીવાત્માના પરમ કલ્યાણથી પણ વધી જાય છે. કેમ કે જીવાત્માને કાળ, કર્મ અને માયાના બંધનથી મુક્ત કરી અભયદાન આપવામાં આવે છે.

શ્રીહરિ અને સુરાખાચર વડતાલ જતા હતા. રસ્તામાં ભાલ પ્રદેશમાં પહોંચતા સવાર થઈ ગયું. તેથી શ્રીહરિ કહે, ‘‘દાતણ લઈને આવો, અમે દાતણ કર્યા સિવાય ચાલીશું નહિ.’’ તેવું સાંભળી સુરાખાચર બાજુમાં ‘‘સોઢી’’ ગામ હતું ત્યાં ગયા. પરંતુ આખા ગામમાં ક્યાંય બાવળનું દાતણ ન મળ્યુ. પછી પછવાડે એક મુસ્લિમ સ્ત્રી રહેતી હતી. તેણે એક બાવળનો રોપ ઉછેરેલો. સુરાખાચરે તે માંગ્યો. ત્યારે બીબડીએ ના પાડી તેથી સુરાખાચરે શ્રીહરિનો તે સ્ત્રીને નિશ્ચય કરાવ્યોને કહ્યું કે, ‘‘સ્વયં ખુદાને દાતણ જોઈએ છીએ.’’ આ રીતે ખૂબ લીલા ચરિત્રો કહી તેને સાથે લઈ દાતણ કપાવી, શ્રીહરિ પાસે લાવ્યા. બીબીએ શ્રીહરિના હાથમાં દાતણ આપ્યું અને કહ્યું : ‘‘ઈસ ભક્તને કહાં હૈ કી આપ ખુદા હો ઈસ લીયે મૈં આપકી પાસ દુવા માંગતી હું કી આપ મુજ પર નજર રખના.’’

બીબીનું આવું વચન સાંભળી મહારાજ બોલ્યા : ‘‘તેં ખુદા જાણીને દાતણ આપ્યું છે માટે મારા એકાંતિક ભક્તોની જેવું કલ્યાણ કરીશ તેવું જ કલ્યાણ તારું કરીશ. આમ કહી સુરાખાચરને બાથમાં લઈને મળ્યા અને કહ્યું કે, ‘‘યવન જાતીની સ્ત્રીને મારો નિશ્ચય કરાવ્યો છે તેથી હું તમારા ઉપર બહુજ રાજી થયો છું. અજ્ઞાની માણસને કોઈ મારો નિશ્ચય કરાવે તેને એક બ્રહ્માંડ ઉગાર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે. અર્થાત આ બ્રહ્માંડમાં આગ લાગી હોય તેને કોઈ વ્યક્તિ મેઘાસ્ત્ર બાણ મારીને અથવા મંત્ર પ્રતાપે કરીને બુઝાવી નાખે ને તમામ જીવાત્માઓ અબજોની સંખ્યામાં બચી જાય અને આગ બુઝાવનારને જેટલું પુણ્ય થાય તેટલું પુણ્ય હે સુરાખાચર, એક માણસને સત્સંગી કરવાથી થાય છે. એટલા માટે તો ‘‘પુરુષોત્તમ પ્રકાશ’’માં નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે :-

(ચોપાઈ)

બીજા કોટી કોટી કરે દાન રે,
નાવે જીવ ઉધ્ધાર્યા સમાન રે,
જેથી જન્મ મરણ દુઃખ જાય રે,
પામે અભય પદ સુખી થાય રે.
એ તો પરમાર્થ મોટો ભારી રે,
સહુ જુઓ મનમાં વિચારી રે,
એમ પોતે બોલ્યા પરબ્રહ્મ રે,
પૂર્ણ કામ જે પુરુષોત્તમ રે.

(અર્થ)

શાસ્ત્રોમાં અનેક પ્રકારો દાનના બતાવ્યા છે. તે પૈકીનું કોઈ કરોડોની સંખ્યામાં દાન કરે તો પણ એક જીવને, એક માણસને મોક્ષને માર્ગે જ્ઞાન આપીને, કથાવાર્તા કરીને ચડાવે, તેની સામે કરોડોનું દાન કંઈ ગણનામાં નથી, કેમ કે દાનથી તો પુણ્ય ખૂટે છે. જ્યારે પરમાર્થથી તો હરિધામની પ્રાપ્તિ થાય છે. આ પરોપકાર સર્વે પરોપકાર કરતા મોટો છે. માટે સૌ વિચાર કરો અને અજ્ઞાની લોકોને મોક્ષના માર્ગે ચઢાવો.

●

**કાર ચડે કે સંસ્કાર**

- સાંખ્યયોગી ઉષાબા (સુરેન્દ્રનગર)

આપણા પૂર્વજો દીકરીઓને સાસરે વળાવતા, ત્યારે કેવા ઉપદેશ આપતા તે સાંભળીએ.

‘‘દાદા સમજાવે દીકરી દીકરી ડાહ્યા થઈ રહેજ્યો,
સાસુ સસરાના ગઢપણ પાળજ્યો, તેની સેવા રે કરજ્યો.
જેઠ દેખીને જીણા બોલજ્યો, જેઠાણીને વાદ ન વદશો,

નાનો દીયર હોય લાડકો, તેના હસવા ખમજો.
નાની નણંદ જાય સાસરે, તેના માથડા ગુંથજો,
સૌ સાથે સંપીને રહેજ્યો, કોઈની સાથે ન લડશો.
પિયરના સંસ્કારો દીપાવજો, સાસરિયામાં સમાવજ્યો.
પતિવ્રતાના ધર્મો પાળજો, પતિને દેવતુલ્ય માનજો.
સાસરીયાને પિયર માનજો, એવું સમજીને રહેજ્યો,
પતિની આજ્ઞામાં રહેજ્યો, તેની રજા લઈ આવજ્યો.''

આપણા વડવાઓ આવો ઉપદેશ આપતા, તેઓ કરિયાવરમાં સંપત્તિ નહિ પરંતુ સંસ્કાર આપતા. અને હવેના માતા-પિતાએ સંસ્કાર આપવાના બંધ કર્યા. અને સંપત્તિ આપવાની શરૂ કરી.

વર્તમાન સમયમાં ટીવી સેટ, સોફાસેટ, કિંચન સેટ, ટી સેટ, ડીનર સેટ આવી સંપત્તિ લઈને સ્ત્રી સાસરે જાય છે. સાસરિયામાં બધાને, આવા સેટો બતાવી બતાવીને પોતે અપસેટ થઈ જાય છે. કોઈ તેના પિયરની વસ્તુનો ઉપયોગ કરે તુરંત કહી દે છે કે, ''એ તો હું મારા પિયરથી લાવી છું. તેનો ઉપયોગ કરવો નહિ. ત્યાર પછી ઝગડા કરવાનું શરૂ કરે છે.

માતા-પિતાને સમાચાર મળતાં તેઓ એવી શિખામણ આપે છે કે, ''તું આપણી મિલ્કત લઈને આવતી રહે, તારો અમો સારા ઠેકાણે સંબંધ કરી દઈશું. મા-બાપની શિખામણથી પેલી સ્ત્રી પિયરમાં આવતી રહે છે. પછી તેનો કેવળ ધનપતિ સાથે સંબંધ કરે છે. નથી તેના સંસ્કાર જોવામાં આવતા કે નથી તેમનું ચારિત્ર્ય જોવામાં આવતું. શાસ્ત્રો પુકારી પુકારીને કહે છે કે માણસ ગમે તેટલો વિદ્યાવાન હોય, ગમે તેવો સત્તાધીશ હોય. નિરોગી શરીર હોય, અનેક પ્રકારનાં વૈભવો હોય, અનેક દેશોમાં ઓળખાણ હોય, અઢળક સંપત્તિનો માલિક હોય પરંતુ તેનામાં એક સજ્જનતા ન હોય તો તે બધું ન હોવા બરાબર છે. ચંદ્રમાં જેવું સુંદર મુખ હોય, ગોરા ગાલ હોય, નમણું નાક હોય, હંસ જેવું સુંદર ચાલતો હોય ને વાંકડીયા સુંવાળા વાળ હોય આ બધું જ હોય પરંતુ એક ચારિત્ર્યમાં ખામી હોય તો તે બધું નકામું છે.

હે ભક્તો ! પાણી વિનાના તળાવની શોભા નથી, ફળ વિનાના વૃક્ષની શોભા નથી, પ્રાણીઓ વિના પ્રદર્શનની શોભા નથી, તેમ સંસ્કાર વિનાના માણસની શોભા નથી.

હે ભક્તો, અંતમાં આ બધા સંસ્કારોના પ્રસંગોમાંથી એ જાણવાનું કે, જો તમારે આલોકમાં અને પરલોકમાં સુખી થવાની ઈચ્છા હોય તો તમારા બાળકોને સંસ્કાર આપી તેઓને મોક્ષના માર્ગે ચઢાવી દો. અંતમાં એટલું કહું છું કે તમો ''કાર'' (મોટર ગાડી) નહિ આપો તો ચાલશે પરંતુ ''સંસ્કાર'' તો જરૂર આપજો.

●

## ભગવાન ભક્તના શુભ સંકલ્પ પુરા કરે છે

- ભગવતીબહેન કાંતિલાલ સોની (પાટણ - ઉ.ગુ.)

ગઢપુરમાં અજુભાઈ પટેલ સારા સત્સંગી હતા. તેમના ઘરની નજીક ઘેલા ધાંધલના મકાનો હતા. ક્યારકે બહારના હરિભક્તો આવે તો મહારાજ ત્યાં ઉતારો આપતા.

અજુભાઈએ બહાર ગામથી આવતા ભક્તોને પોતાના પાડોશીને પીવાના પાણીની સગવડ મળે માટે એક કૂવો ગળાવ્યો તે કુવામાં સ્વાદિષ્ટ જળ આવ્યું. તે નિમિત્તે વરૂણદેવનું પૂજન કરવું જોઈએ એવું અજુભાઈએ વિચાર્યું. પણ આર્થિક મુશ્કેલીના હિસાબે સાનુકૂળતા એ પ્રસંગ કરવાનું વિચાર્યું. એ દરમ્યાન એક સરસ પ્રેરણા દાયક પ્રસંગ બની ગયો.

ગઢપુરમાં કોળી જ્ઞાતિના લાડુભાઈ કરીને વિધવા નિરાધાર ડોશીમાં હતા. તેમને મહારાજમાં ખૂબજ પ્રેમ, ભક્તિ હતી. ડોશીમાં મજૂરી કરીને પોતાનો નિર્વાહ કરતા. ખેડૂતો તેમને ખેતરમાં શાક, વિગેર લેવા દેતા.

એક દિવસ ખેતરમાંથી સરસ કંટોલા લાવ્યા ને સંકલ્પ કર્યો કે આ કંટોલા મહારાજ જમે ને મારો મોક્ષ કરે. આમ વિચારી દરબારમાં જતા રસ્તામાં મહારાજ મળ્યા. મહારાજે કહ્યું, માડી શું વિચાર કરો છો ? ત્યારે માડીએ કંટોલા આપી કહ્યું. આ શાક જમીને મારો મોક્ષ કરજો. મહારાજે કંટોલા સ્વીકારી પૂછ્યું. તમારા જીવન નિર્વાહનું આ વૃધ્ધાવસ્થામાં શું થશે ? મહારાજ હાલ તો મજૂરી કરું છું. પણ તમારો મારે આધાર છે મને તમારો વિશ્વાસ છે. ત્યારે મહારાજે કહ્યું હવે તમારે ક્યાંય મજૂરીએ જવું નહિ. દરબારની ઘોડશાળામાં વાસીદુ વાળી લાડુબાને ત્યાં ભોજન કરવું. અમે લાડુબાને કહીશું. ભલે મહારાજ આપે મારા પર કૃપા કરી. બીજે દિવસે પ્રભુએ જાતે ધીમા શાક વધારી વાસુદેવ નારાયણને શાક, રોટલો જમાડી પોતે જમ્યા ને સંતોને પ્રસાદી આપી.

આના પરથી પ્રેરણા લઈ અજુભાઈ મહારાજ પાસે આવ્યા. કહ્યું કે વરૂણ દેવના પૂજન નિમિત્તે કંટોલાનું શાકને રોટલા મહારાજને સંતોને જમાડીએ. આમ વિચારી પ્રભુ પાસે આવ્યા. મહારાજ કહે તમારો સંકલ્પ પૂરો કરીશું. તમારે કેટલું ખર્ચ કરવું છે. એ સમયમાં અજુભાઈ પાસે ૧૧૭ રૂપિયા હતા. તે મહારાજને આપ્યા. મહારાજ કહે ભલે ઉત્સવ સારો થશે. વરૂણદેવના પૂજનનો દિવસ નક્કી કરી સીધુ મંગાવ્યું. ૧૬ ગાંસડી કંટોલા મંગાવી અંદર ૧૭ મણ ઘીનો વઘાર કરી મહારાજે જાતે શાક બનાવ્યું. સંતોએ બાજરાના રોટલા બનાવ્યા. તેમાં ખૂબજ ઘી નાંખ્યુ. થાળ કરી મહારાજ, સંતો, ભક્તો બધા જ જમ્યા. અજુભાઈએ મહારાજની પૂજા કરી, વસ્ત્ર, ૫ સોના મહોર ભેટ ધરી. મહારાજે તેમને સમાધિ કરાવી દિવ્ય ધામના દર્શન કરાવ્યા. મહારાજને થાળામાં બેસાડી કૂવાના જળથી સ્નાન કરાવી પ્રસાદીનું જળ કૂવામાં પધરાવ્યું. પછી મહારાજની સ્તુતિ કરી કે મહારાજ હવે સંસારમાં રહેવાની ઈચ્છા નથી. મારી તમામ સંપત્તિ આપને અર્પણ કરી આપની સેવા કરવી છે. મને સાધુ કરો.

મહારાજે થોડા સમય પછી દીક્ષા આપીને સંત બનાવ્યા. આજીવન સત્સંગની સેવા કરી. શ્રીહરિ, સંતો અને ભક્તોનો રાજીપો મેળવ્યો.

આ રીતે હાલ પણ મહારાજ સત્સંગમાં સર્વે ભક્તોના શુભ સંકલ્પ પૂરા કરેજ છે. આપણો દૃઢ વિશ્વાસને ઉપાસના અને આશરો પાકો જોઈએ.

**ટોરડા સારંગપુર એસ.ટી.બસ સેવા ચાલુ થઈ**

સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના જન્મ સ્થાન ટોરડા થી સારંગપુર (હનુમાનજી) એસ.ટી.બસ સેવા ચાલુ થઈ છે. સવારે ૯-૦૦ કલાકે ટોરડાથી ઉપડે છે. રાત્રે ૯-૩૦ કલાકે પરત સારંગપુરથી ટોરડા ઉપડે છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ શ્રીજી મહારાજે માનવ કલ્યાણ માટે સર્વ વેદ-શાસ્ત્રોના રહસ્ય સિધ્ધાંતરૂપે શિક્ષાપત્રી લખી છે. તેમાં સર્વ આશ્રિતોને સદાચાર માટે એક ખાસ મહત્વની કઈ આજ્ઞા અથવા સૂચના કરી છે?

પ્ર. : ૨ ઉપલેટા ગામના ક્ષત્રિય-ગરાસિયા વેરાભાઈ રહેતા હતા. પ્રથમ તો તેમનું જીવન દુષ્ટ-ક્રિયામય બનેલું હતું પણ ભગવાન સ્વામિનારાયણના સંતો ગામમાં પધારેલા ને તેમના સમાગમથી જીવન પરિવર્તન થયું ને ભક્તિમય બન્યું. સમય જતાં તેમની ભક્તિ ચરમ સીમા પર પહોંચી ને સાચું-સુખ તો ભગવાન પાસે રહેવામાં છે એમ સમજીને પ્રભુ પાસે આવીને સાધુ થવાની વાત રજુ કરી ત્યારે શ્રીહરિએ અમુક મહિના પાર્ષદમાં પોતાની પાસે રાખીને પછી સાધુ કરીને નામ શું પાડ્યું?

પ્ર. : ૩ સ્વામિનારાયણ ભગવાનના હસ્તાક્ષરના દર્શન મ્યુઝિયમમાં ક્યાં ખંડમાં થાય છે?

પ્ર. : ૪ રત્નપુરીનો રાજા મયુરધ્વજની કસોટી કરવા બ્રાહ્મણરૂપે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને લઈને તેના યજ્ઞમંડપમાં આવીને રાજાની પાસે આવીને માગ્યું કે .........?

પ્ર. : ૫ એવા (છ લક્ષણે યુક્ત) સાધુનો દ્રોહ કરે તો ભગવાનનો દ્રોહ કર્યા બરાબર પાપ લાગે જે શ્રીજી મહારાજે ક્યા વચનામૃતમાં કહ્યું છે?

પ્ર. : ૬ ક્યા ધર્મનું આચરણ ક્યારેય ન કરવું?

પ્ર. : ૭ "અરજી એક અબ તણી, તમે સાંભળજો, ઘનશ્યામ રે, પ્રીતમ પૂરણ કામ વાલીડા, નંદલાલજી રે." ગોપીઓની વિરહની વેદનાને રજુ કરતું આ પદ ક્યા નંદ સંતની કલમે લખાયું છે?

## જૂન-૨૦૧૧ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** "અમ જેવા ઘણા તમને, મને આશ તમારી રે, તે માટે રાખજે, વા'લા મને, પોતાની સંભારી રે. **(૨)** પ્રથમ દિવસે, છઠ્ઠા દિવસે અને દશમે દિવસે. **(૩)** રામાનુજાચાર્યે કર્યું એવું જે વ્યાસ સુત્રનું શ્રી ભાષ્ય તથા શ્રીમદ્ ભગવત્ ગીતાનું ભાષ્ય. **(૪)** શ્રી કૃષ્ણ ભગવાનને વિષે સત્સંગ અને ભક્તિ એ બે વિના વિદ્વાન હોય તો પણ અધોગતિને પામે છે. **(૫)** (૧) કાળકુટ ઝેર (૨) ચંદ્રમાં (૩) કામ દુધા ગાય (૪) ઉચૈશ્રવા ઘોડો (૫) ઐરાવત હાથી (૬) કલ્પવૃક્ષ (૭) કૌસ્તુભમણી (૮) અપ્સરા (૯) સુરા (૧૦) સારંગ ધનુષ્ય (૧૧) પાંચજન્ય શંખ (૧૨) લક્ષ્મીજી (૧૩) ધનવંતરી વૈદ્ય (૧૪) અમૃત. **(૬)** ભગવાન જે કાંઈ કરે છે તેથી ભગવાનને કર્તા પણાનો દોષ લાગતો નથી તેથી અકર્તા સમજવા. **(૭)** "મોટો એક કેશ છે તેની પાસે."

૧. પટેલ વિનોદ પી. (વહેલાલવાળા)
૨. સોની વર્ષાબેન અરવિંદભાઈ (મેમનગર)
૩. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૪. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૫. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૬. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૭. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૮. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૯. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (રાણીપ)
૧૦. સાં. રંજનબા, નાનીબેન (વિરાટનગર સ્વા.મંદિર)
૧૧. પટેલ સવિતાબેન રમેશભાઈ (વિરાટનગર)
૧૨. સાં. શિલ્પાબા, શિતલબા (હવેલી-અમદાવાદ)
૧૩. સાં. ગોપીબા, લલીતાબા (રામપરા)
૧૪. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૧૫. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૧૬. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૧૭. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુર)
૧૮. ભાવસાર અભિલાષા જીતેન્દ્રભાઈ (પાલડી)
૧૯. ભાવસાર વીણાબેન રતિલાલ (નવરંગપુરા)
૨૦. ભાવસાર અરવિંદાબેન એન. (ચાંદલોડીયા)
૨૧. સાંખ્યયોગી મંજુબા-ભારતીબા (હવેલી-અમદાવાદ)
૨૨. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૨૩. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૨૪. પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૨૫. પટેલ કંચનબેન બાબુભાઈ (રતનપર-મૂળી)
૨૬. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૨૭. ખંધડીયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૨૮. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૨૯. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૩૦. પટેલ ગોરધનભાઈ શંકરભાઈ (સોજા)
૩૧. ભાવસાર કપિલાબેન નટવરભાઈ (લાંઘણજ)
૩૨. ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૩૩. સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)
૩૪. પટેલ પ્રવિણભાઈ બી. (ન્યુજર્સી)
૩૫. પટેલ કોકીલાબેન પી. (ન્યુજર્સી)
૩૬. પરમાર ભૂમિકા ભગવાનજીભાઈ (સુરત)
૩૭. આદ્રોજા માધવજીભાઈ હરખજીભાઈ (મોરબી)
૩૮. વસંતીબા (સ્વા. મંદિર, લાંઘણજ)
૩૯. પટેલ ડહીબેન આત્મારામદાસ (લાંઘણજ)
૪૦. ભાવસાર પલ્લવીબેન વિજયકુમાર (લાંઘણજ)
૪૧. વિઠ્ઠલાપરા અમરશીભાઈ (નવસારી)

# સત્સંગ સમાચાર

**અમદાવાદ મંદિરમાં શ્રીહરિની અંતર્ધાન વિરહની કથા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તથા પૂ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા કોઠારી પાર્ષદ દિગંબર ભગતની પ્રેરણા માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં જેઠ સુદ-૧૦ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અંતર્ધાન તિથિ નિમિત્તે પ્રસાદીના દિવ્ય સભા મંડપમાં સાંજે ૫-૩૦ થી ૭-૩૦ પર્યન્ત સ.ગુ. શા. સ્વામી વિશ્વવિહારીદાસજી ગુરુ મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (ભુજવાળા)એ શ્રીહરિના વિરહની કથા એવી અદ્‌ભુત કરી હતી કે દરેક સંત-ભક્તોના અશ્રુમાં વિરહના હૃદયહાવક આંસુ વહેવા માંડ્યા હતા. જાણે એવું લાગતું હતું કે મહારાજ સ્વયં આજે જ પોતાના ધામમાં જવાના છે. પ.ભ. જયેશભાઈ સોની અને તેમની ટીમે વાજીંત્ર અને ઢોલકના સૂર એવા બજાવ્યા હતા કે સંત-હરિભક્તો કથામાં રસતર બોળ અને તલ્લીન બની ગયા હતા. પૂ. મહંત સ્વામીએ કથાના સમાપનમાં કહ્યું કે આવી કથા કાયમ થતી રહે તો સૌને ખૂબજ સુખ આવે. તેજ રીતે સૌ શ્રવણ કરતા હરિભક્તોના પણ એવા ઉદ્‌ગાર હતા કે આવી વિરહની કથા અમે પહેલીવાર સાંભળી છે. કાયમ આ સમયે આવી કથા થાય તેવી સૌએ લાગણી દર્શાવી હતી. આ કથાના યજમાન પ.ભ. હેમચંદભાઈ સોની હ. પ.ભ. જયેશભાઈ સોની (ગાયક કલાકાર) એ સુંદર લાભ લઈને સૌને તેમનો પણ લાભ મળ્યો હતો. ઘણા સંત હરિભક્તોએ કથાનો લાભ લીધો હતો. (સાધુ નારાયણમુનિદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં ચંદ્રગ્રહણ નિમિત્તે કીર્તન ભક્તિ અને ધૂન થયા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં જેઠ સુદ-૧૫ ને બુધવાર તા. ૧૫-૬-૨૦૧૧ ના રોજ ચંદ્ર ગ્રહણ નિમિત્તે રાત્રે ૧૧ થી સવારના ૩-૪૫ સુધી શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શન મુજબ આપણા સંતોમાં શા. રામ સ્વામી (કોટેશ્વર), વિશ્વસ્વરૂપ સ્વામી, વિશ્વવિહારી સ્વામી, બળદેવ સ્વામી, હરજીવન સ્વામી અને સંપ્રદાયના સુપ્રસિદ્ધ ગાયક કલાકાર પ.ભ. જયેશભાઈ સોની, નિતિનભાઈ સોની, અમરીશ સોની આદિ સંત-હરિભક્તોએ કીર્તન, ભક્તિ અને શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. રાત્રે પણ સંત-હરિભક્તોની ઉપસ્થિતિથી સમગ્ર વાતાવરણમાં દિવ્યતા અને અલૌકિકતા પ્રસરી ગઈ હતી. ફક્ત મહારાજનું ભજન જ સતત ચાર કલાક થયું. (જે.પી. સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રામોલ (જામફળવાડી મહાદેવનગર)નો ૪ થો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાનિધ્યમાં અને સ.ગુ. શા.સ્વા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) ની પ્રેરણાથી અત્રે રામોલ જામફળવાડી મંદિરનો ૪ થો પાટોત્સવ તા. ૫-૬-૧૧ ના રોજ ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે સવારે ૭-૩૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું આયોજન કર્યું હતું. અને સવારે ૧૦-૧૫ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. અને તેઓશ્રીના વરદ્ હસ્તે અન્નકૂટ આરતી અને ધૂનની પૂર્ણાહુતિ થઈ હતી.

પ્રાસંગિક સભામાં યજમાન પરિવારોનું સેવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સ.ગુ.શા. સ્વા. રામકૃષ્ણદાસજી, સ.ગુ. શા.સ્વામી અભયપ્રકાશદાસજી, સ્વા. દિવ્ય પ્રકાશદાસજી અને સ.ગુ.શા.સ્વા. નારાયણમુનિ દાસજીએ પ્રસંગોચિત આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજન સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ કર્યું હતું. (પુરૂષોતમભાઈ લહેરી)

**ન્યુ રાણીપ વિસ્તારમાં ચોથી રાત્રીય સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા માર્ગદર્શનથી ન્યુ રાણીપ વિસ્તારમાં તા. ૨૯-૫-૧૧ રવિવારના રોજ ચોથી ભવ્ય સત્સંગ સભાનું આયોજન થયું હતું.

ન્યુ રાણીપ વિસ્તારમાં ભક્તોને સુપ્રસિદ્ધ કલાકારો અને વિદ્વાન સંતો દ્વારા કીર્તન ભક્તિ અને કથા વાર્તાનો લાભ પ્રાપ્ત થયો હતો.

પ્રથમ સભામાં કીર્તનકાર મયંક મોદી દ્વારા કીર્તન ભક્તિનો લાભ મળ્યો હતો અને સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી અને સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ (કોટેશ્વર) કથા વાર્તાનો લાભ આપ્યો હતો. બીજી સત્સંગ સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દર્શન અને સાથે સંતોમાં અમદાવાદ મંદિરના મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, સ.ગુ. દેવ સ્વામી, પી.પી. સ્વામી આદિ સંતો પધાર્યા હતા. સભામાં શા.સ્વામી રામકૃષ્ણદાસજી, શા.સ્વા. અભય સ્વામી અને શા. દિવ્યપ્રકાશ સ્વામી આદિ સંતોએ સુંદર કથાનો લાભ આપેલ. ત્રીજી સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. જેમાં શ્રી દિનેશભાઈ વઘાશીયા દ્વારા કીર્તન ભક્તિ અને શા.સ્વામી સિધ્ધેશ્વરદાસજીએ કથા વાર્તાનો લાભ આપ્યો હતો. અને આ ચોથી સત્સંગ સભામાં સંપ્રદાયના સુપ્રસિધ્ધ કલાકારશ્રી પૂરવભાઈ પટેલ દ્વારા કીર્તન ભક્તિ અને શા. રામ સ્વામી અને ચેતન સ્વામી દ્વારા કથા વાર્તાનો લાભ મળ્યો હતો. દરેક સભામાં ધર્મકુળના અલૌકિક આશીર્વાદનો લાભ હરિભક્તોને મળ્યો હતો. દરેક સભાના સંચાલક સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મહંતશ્રી) રહ્યા હતા. પ.પૂ. મોટા મહારાજશ્રીએ પોતાના આશીર્વાદ પ્રવચનમાં અત્રે ભવ્ય મંદિરનો સંકલ્પ કર્યો હતો. અને આ સત્સંગ સભાની પરંપરા ચાલુ રહે એવી ભલામણ કરી હતી. જેથી પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાને શિરોધાર્ય રાખી દર મહિને સત્સંગ સભા કરવાનું નક્કી કર્યું છે. જેમાં વિદ્વાન સંતો દ્વારા કથા વાર્તા અને કીર્તનકારો દ્વારા કીર્તન ભક્તિ થશે. જેની સૌ હરિભક્તોએ નોંધ લેવી.

સત્સંગ સભાનું સ્થળ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ

ગામનું રાણીપ મંદિર થતા નવા વાડજ મંદિરમાં બેનર લગાડવામાં આવશે. જેમાં સ્થળ અને તારીખનો ઉલ્લેખ કર્યો હશે. દર મહિને નવા બેનર સાથે સ્થળ અને તારીખ હશે. જેની સૌ ભક્તોએ નોંધ લેવી. ઉપરોક્ત ચારેય સત્સંગ સભાના યજમાન નીચે મુજબ રહ્યાં હતાં.

(૧) પ્રયાગ માધવદાસ (મારૂસણા) તા. ૨૬-૨-૧૧
(૨) પટેલ સાંકળચંદ રેવીદાસ ચોકસી તા. ૨૪-૩-૧૧
(૩) પટેલ ભાવેશકુમાર ભીખાભાઈ (વડુ) તા. ૨૪-૪-૧૧
(૪) પટેલ બળદેવભાઈ જમનાદાસ (ડાંગરવા) તા. ૨૯-૫-૧૧

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ન્યુ રાણીપ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણનો ૩૪ મો પાટોત્સવ ઉજવાયો**

શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત એવા ઝુલાસણ ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૩૪ મો પાટોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૬-૫-૧૧ થી તા. ૩૦-૫-૧૧ પર્યન્ત પંચ દિનાત્મક રાત્રીય ભક્તિ ચિંતામણી (પરચા પ્રકરણ)ની પારાયણ નવ યુવાન શાસ્ત્રી ભક્તિનંદનદાસજી ગુરુ પી.પી. સ્વામી (જેતલપુરધામ)ના સુમધુર કંઠે વિધિવતિ થઈ હતી. ગામ અને આજુબાજુના ગામોના હરિભક્તો કથાનો લાભ લેવા પધાર્યા હતા. તા. ૨૯-૫-૧૧ સવારે ધજાની શોભાયાત્રા યજમાનશ્રીના ઘરેથી વાજતે ગાજતે આખા ગામમાં ફરીને પરત મંદિરે આવીને મંદિર ઉપર ધજા રોપવામાં આવી હતી. તા. ૩૦-૫-૧૧ના રોજ પ્રથમ સવારે ઠાકોરજીની મહાપૂજા ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક અને અન્નકૂટ આરતી થઈ હતી. ત્યારબાદ સભામાં પધાર્યા હતા. જ્યાં કથાની પૂર્ણાહુતિ બાદ યજમાન પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. સંતોનું પૂજન આદિ થયું હતું. પ્રાસંગિક સભામાં શા.સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (માણસા મહંત) મૂળીથી શાસ્ત્રી સત્યપ્રકાશ સ્વામી, કાલુપુર મંદિરના મહંત સ્વામીના શિષ્ય નારાયણમુનિ સ્વામી, શા. હરિૐ સ્વામીએ (જેતલપુર વાડી) પ્રસંગોચિત પ્રવચન કરેલ. અન્ય સંતોમાં વંદનપ્રકાશ સ્વામી (લીંબડી), પૂ. શ્યામ સ્વામી (જેતલપુર) શા. ઉત્તમ સ્વામી (મહેસાણા) કાલુપુર મંદિરથી શા. વિશ્વસ્વરૂપ સ્વામી, વિષ્ણુ સ્વામી આદિ ધામો ધામના સંતો પધાર્યા હતા. છેલ્લે સમસ્ત ગામને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપી અતિ રાજી થયા હતા. અત્રે મદિરમાં રવિ સભાના યુવાન સત્સંગીઓએ પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંદિરના નવ યુવાન કોઠારી પ્રકાશભાઈ ગજ્જર અને પ.ભ. પિયુષભાઈ બારોટના નેતૃત્વ હેઠળ યુવક મંડળે કર્યું હતું. સમગ્ર ઉત્સવમાં જેતલપુરના મહંત પૂ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી અને પૂજ્ય પી.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શન રહ્યું હતું.

(સાધુ વિશ્વપ્રકાશદાસ, કલોલ નૂતન મંદિર મહંતશ્રી)

**પ્રાંતિજ મંદિરનો ૧૨૪ મો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા તથા પૂ. મોટા મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળના રાજીપાથી તથા અ.નિ. સ.ગુ. ગવૈયા સ્વામી કેશવજીવનદાસજીની દિવ્ય પ્રેરણાથી અત્રે મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૧૨૪ મો પાટોત્સવ અ.નિ. પ.ભ. સોની અંબાલાલ પોપટલાલના પરિવાર તરફથી જેઠ સુદ-૨ તા. ૩-૬-૧૧ ના રોજ પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં ધામધૂમથી ઉજવાયો. શ્રી ઘનશ્યામ મહારાજના અભિષેકના યજમાન અ.નિ. તારાબેન બાબુલાલ પરીખ પરિવારે લાભ લીધો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર સંપન્ન થયો હતો.

પ્રાસંગિક સભામાં યજમાન પરિવારે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. પૂ. પી.પી. સ્વામી (જેતલપુરધામ), પૂ. શા. ઘનશ્યામ સ્વામી (સભા સંચલાક) આદિ સંતોએ પ્રેરક પ્રવચન કર્યું હતું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર આયોજન મહંત સ્વામી માધવપ્રસાદદાસજી અને ટ્રસ્ટી મંડળે કર્યું હતું. તા. ૨-૬-૧૧ ની રાત્રે પ.ભ. જયેશભાઈ સોનીનો ભક્તિ સંગીતનો સુંદર કાર્યક્રમ થયો હતો. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ બહેનોના મંદિરમાં આરતી ઉતારીને યજમાન પરિવારને ઘેર પધરામણી કરી હતી. (કોઠારી હરિભાઈ મોદી)

**નવાગામ (કપડવંજ) મંદિરમાં પ્રથમ પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુર મંદિરના મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા રંગ મહોલના પૂજારી રામ સ્વામીની પ્રેરણાથી નવા ગામનો પ્રથમ પાટોત્સવ તા. ૨૨-૫-૨૦૧૧ના રોજ ધામધૂમથી ઉજવાયો. સૌ પ્રથમ જેતલપુરના શા. હરિૐ સ્વામીએ પૂજારી સંતો દ્વારા ઠાકોરજીનો અભિષેક અન્નકૂટ આદિ થયા હતા.

પ્રાસંગિક સભામાં શા. હરિૐ સ્વામી, સ્વામી વિશ્વપ્રકાશદાસજી (કલોલ મંદિર મહંત), શા. ઉત્તમ સ્વામી (મહેસાણા), પૂ. શ્યામ સ્વામી, શા. ભક્તિ સ્વામી અને વિષ્ણુ સ્વામી ઉપસ્થિત રહ્યા હતા. યજમાન પદનો લાભ પ.ભ. દશરથભાઈ શાંતિલાલભાઈ પટેલે (કોઠારી) લીધો હતો. સમસ્ત ગામે દર્શન કરી પ્રસાદ લઈ ધન્યભાગી બન્યા હતા.

(રામ સ્વામી, રંગમહોલ ઘનશ્યામ મહારાજના પૂજારી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રાબડીયા (પંચમહાલ) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદથી તથા જેતલપુરના મહંત પૂ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ.શા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી પંચમહાલના જૂના રાબડીયા ગામે નૂતન હરિ મંદિર નિર્માણ કાર્ય પૂર્ણ થતા વૈશાખ સુદ-૯ને તા. ૧૨-૫-૨૦૧૧ ના રોજ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત ત્રિદિનાત્મક કથા શા.સ્વા. દેવસ્વરૂપદાસજી (જયપુર મહંતશ્રી)ના વક્તા પદે અને સંહિતા પાઠના વક્તાપદે સ્વા. વિશ્વપ્રકાશદાસજી રહ્યાં હતાં.

ત્રિદિનાત્મક મહા વિષ્ણુયાગનું પણ આયોજન થયું હતું. જેના આચાર્ય પદે શ્રી તુષારભાઈ લહેરૂએ (સ્વા. સંસ્કૃત વિદ્યાલયના

વિદ્યાર્થી) વિધિ કરાવી હતી. આ પ્રસંગે ઠાકોરજીની નગર યાત્રા જળયાત્રા આદિ ધામધૂમથી થયા હતા.

તા. ૧૨-૫-૨૦૧૧ના રોજ આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે સંત-હરિભક્તોએ ખૂબજ ભવ્ય અને ધામધૂમથી સ્વાગત સામૈયુ કરીને વધાવ્યા હતા. ત્યારબાદ નિજ મંદિરમાં પધારી ઠાકોરજીની મૂર્તિ પ્રતિષ્ઠા વેદ વિધિસર પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થઈ હતી. ત્યારબાદ યજ્ઞ અને કથાની પૂર્ણાહુતિ કરી હતી.

પ્રાસંગિક સભામાં મૂર્તિ અને સિંહાસનના યજમાન દાતા પ.ભ. પ્રેમજીભાઈ કેશરાભાઈ રાધવાણી તથા અન્ય સેવાના યજમાનોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે જેતલપુરના મહંત કે.પી. સ્વામી, છપૈયા, નાથદ્વારા ચરાડવાના મહંતશ્રીઓ તથા શા.સ્વા. અખિલેશ્વરદાસજી, જેતલપુરના શ્યામ સ્વામી, અમદાવાદ મંદિરના મહંત સ્વામીના શિષ્ય નારાયણમુનિ સ્વામી અને વિશ્વસ્વરૂપ સ્વામી આદિ ધામો ધામના સંતો પધાર્યા હતા. છેલ્લે સમસ્ત ગામને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવી ખૂબજ રાજી થયા હતા. મહોત્સવનું માર્ગદર્શન શા. માધવજીવનદાસજી (માઉન્ટ આબુ) દ્વારા થયું હતું. સભા સંચાલન શા.સ્વા. ભક્તિનંદનદાસજીએ શોભાવ્યું હતું. સમસ્ત ગામ અને આજુબાજુના ગામોના હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. (ગોપાલભાઈ ભગત)

**મેરાની મુવાડી મંદિરનો બીજો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા જેતલપુર મંદિરના મહંત સ્વામી સ.ગુ. શા. આત્મપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી મેરાની મુવાડી ગામના શ્રી સ્વામિનારાયણ મંદિરનો બીજો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

સૌ પ્રથમ ઠાકોરજીનો અભિષેક બાદ અન્નકૂટ આરતી થઈ હતી. સભામાં જેતલપુર ધામના શા. ભક્તિનંદન સ્વામીએ કથા વાર્તાનો લાભ આપ્યો હતો. અન્ય સંતોમાં મહેસાણાથી શા. ઉત્તમ સ્વામી કોઠંબાથી માધવ સ્વામી પધાર્યા હતા. યજમાન પરિવારનું સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા. સમસ્ત ગામે દર્શન કરી પ્રસાદ લઈ ધન્યભાગી બન્યા હતા. (બિજલભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૧૨-૬-૨૦૧૧ ને રવિવારના સવારે ૮ થી સાંજના ૬ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન યોજવામાં આવી હતી. જેમાં દરેક હરિભક્તોએ લાભ લીધો હતો.

(કોઠારીશ્રી)

**એપ્રોચ (બાપુનગર) મંદિર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા એપ્રોચ મંદિરના મહંત સ.ગુ. લક્ષ્મણજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૧૮૧ મી અંતર્ધાન તિથિ નિમિત્તે તા. ૧૧-૬-૨૦૧૧ના રોજ સવારના ૮ થી ૧૧ ત્રણ કલાક શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન્ય થઈ હતી.

(ગોરધનભાઈ સીતાપરા)

**હર્ષદ કોલોની (બહેનોનું) મંદિર**

પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મંદિરના પૂજારી રળિયાતબાની પ્રેરણાથી સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૧૮૧ મી અંતર્ધાન તિથિ નિમિત્તે જેઠ સુદ-૧૦ ના દિવસે સળંગ ૬ (છ) કલાકની ષડ્ક્ષરી 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન્ય થઈ હતી.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મરતોલી ૧૯ મો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમજ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી આપણા સંપ્રદાયના વિદ્વાન કથાકાર સંત પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૯ મો પાટોત્સવ તા. ૧૩-૫-૨૦૧૧ના રોજ સંત-હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવાયો.

યજમાન પદે પ.ભ. બળદેવભાઈ જોઈતારામ પટેલ રહ્યાં હતાં. આ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક અન્નકૂટ અને સમૂહ મહાપૂજા થઈ હતી. પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજી (સ્વા. મંદિર ગાંધીનગર સેકટર-૨૩) એ કથા વાર્તાનો લાભ આપી સૌને રાજી કર્યા હતા સભા સંચાલન કોઠારી મણીભાઈએ કર્યું હતું. હરિભક્તોએ દર્શન કરી પ્રસાદ લઈ કૃતકૃત્ય થયા હતા. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ડીસા દશાબ્દી મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના પૂર્ણ રાજીપાથી અત્રે ડીસા શ્રીસ્વામિનારાયણ મંદિરને દશ વર્ષ પૂર્ણ થતા દશાબ્દી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૬-૫-૨૦૧૧ થી તા. ૨૧-૫-૨૦૧૧ પર્યન્ત શા.સ્વા. ચંદ્રપ્રકાશદાસજી (સિધ્ધપુર મહંતશ્રી)એ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત સ્નેહગીતાની કથાનો સુંદર લાભ આપ્યો હતો. આ પ્રસંગે ધોળકા, સાપાવાડા આદિ ધામોના સંતો પધાર્યા હતા. સમગ્ર ઉત્સવ શ્રી નરનારાયણદેવની કૃપા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ખૂબજ ઉમંગ અને ઉત્સાહથી ઉજવાયો હતો. હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી દર્શન કરી કથા-શ્રવણ કરી અલૌકિક લાભ લીધો હતો.

(ગુણવંતભાઈ પટેલ, ડીસા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પાટણ**

સમસ્ત બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી તથા સાં. પૂ. કમળાબાની પ્રેરણાથી તથા સાં. ભક્તિબા અને હીરાબાના સાથ સહકારથી તા. ૨૧-૫-૨૦૧૧ ના રોજ અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૧ મો પાટોત્સવ સોની પ્રભાબેન જસુભાઈના યજમાન પદે ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સાં. કોકીલાબા (સુરેન્દ્રનગર)ના વક્તા પદે થઈ હતી. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા. બહેનોએ ભવ્ય સ્વાગત સામૈયુ કર્યું હતું. આ પ્રસંગે પાટણ, વાંકાનેર, લીંબડી, વિહાર અને સુરેન્દ્રનગરના ઉષાબાએ સભામાં પ્રેરણાદાયી પ્રવચનો કર્યા હતા. છેલ્લે પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ સોની પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા અને સમસ્ત બહેનોને દર્શનનું અલૌકિક સુખ આપ્યું હતું. (સાં. હીરાબા, પાટણ)

**હર્ષદનગર (બાપુનગર) બહેનોના પ્રથમ અને ભાઈઓના મંદિરનો ૨૬ મો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પ.ભ. દાસભાઈની પ્રેરણાથી તા. ૨૫-૫-૨૦૧૧ ના રોજ ઉપરોક્ત મંદિરોનો પાટોત્સવ ઉજવાયો હતો. બન્ને મંદિરમાં દોઢ કલાક મહામંત્ર ધૂન થઈ હતી.

અન્નકૂટ આરતી (બન્ને મંદિરમાં) પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારીને દર્શનનો અલૌકિક લાભ આપ્યો હતો. પ્રાસંગિક સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હરિભક્તોને પોતાના સગા-મિત્રો સૌને દર્શન કરવા અનુરોધ કરી રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજી તથા અમદાવાદ કાલુપુર મંદિર અને એપ્રોચ મંદિરના સંતો પધાર્યા હતા. (ગોરધનભાઈ સીતાપરા)

**મેમનગર (ભક્તિનગર) મંદિરનો ૧૨ મો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપૂર્ણ રાજીપાથી મેમનગર ભક્તિનગર શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૨ મો પાટોત્સવ વૈશાખ વદ-૯ ને તા. ૨૫-૫-૨૦૧૧ ના રોજ વિધિવત ઉજવાયો.

પ્રાતઃ ૬-૩૦ કલાકે મહાપૂજા સંપન્ન થઈ હતી. જેમાં યજમાન પ.ભ. રાજેન્દ્રભાઈ દેસાઈ અને પટેલ વિનોદભાઈ રામદાસભાઈ આદિ પરિવારોએ લાભ લીધો હતો. સવારે ૭-૦૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રી અમદાવાદ મંદિરના મહંત સ્વામી આદિ સંત મંડળ સાથે પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર અભિષેક વિધિવત થયો હતો.

ત્યારબાદ પ્રાસંગિક સભામાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, શા. વિશ્વવિહારીદાસજી આદિ સંતોએ ભગવાન સંબંધી વાતો કરી હતી. છેલ્લે પ.પૂ. **મોટા મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે સુખીયા થવું હોય તો શ્રીજી મહારાજનો મહિમા જેમ છે તેમ જાણવો જોઈએ અને મહિમાએ સહિત જો ભજન ભક્તિ કરીશું તો સુખ અનાયાસે જ પ્રાપ્ત થશે. ભક્તિ બે પ્રકારે થાય, ભયથી અથવા પ્રેમથી, ચોર પોલીસના ભયથી થોડા સમય માટે ચોરી ન કરે તેથી તે ચોર મટી જતો નથી. તેમ ભયથી ભગવાનને ભજીશું તો ભગવાનને નહીં ગમે. પ્રેમથી ભક્તિ કરીએ એજ સુખિયા થવાનો સરળ ઉપાય છે. અત્રે મંદિર ભલે નાનું છે પરંતુ સર્વોપરિ શ્રીજી મહારાજ અહીં પ્રત્યક્ષ બિરાજમાન છે. એમ કહી રૂડા આશીર્વાદ વરસાવી સૌ ભક્તો પર અતિ રાજી થયા હતા.** છેલ્લે ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી સૌને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી.

(અતુલ પોથીવાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસામાં પાટોત્સવ અને કથા પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી અત્રે ત્રણ કથા પારાયણ યોજવામાં આવી હતી.

જેમાં પ્રથમ માધવપાર્ક સોસાયટીમાં વાઘેલા દિપસિંહ માધુસિંહ તથા વાઘેલા શણગારબા દિપસિંહની જીવન ચર્યા નિમિતે સુંદર ભાગવત પારાયણ શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજીના વક્તા પદે થઈ હતી. આ પ્રસંગે આશીર્વાદ આપવા પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા.

બીજી શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ શ્રી રાધાકૃષ્ણદેવના પાટોત્સવ પ્રસંગે હરિભક્તોના મંડળ તરફથી થઈ હતી. જેના યજમાન રામોલ શાંતાબા રણજીતસિંહ અને રવિન્દ્રસિંહ અને જીતેન્દ્રસિંહ રહ્યાં હતાં.

આ પ્રસંગે પ.પૂ.મોટા મહારાજશ્રી પધાર્યા હતા. અને ઠાકોરજીનો મહાભિષેક પોતાના વરદ્ હસ્તે વિધિવત થયો હતો. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી. અને સર્વે હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદનું સુખ આપવા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. પાટોત્સવના યજમાન બાપુપુરાના પ.ભ. ચૌધરી જેશંગભાઈ સવાભાઈ (કોઠારી)એ લાભ લીધો હતો. આમ ત્રણેય કથાનું સુંદર આયોજન થયું હતું. અને હરિભક્તોએ પણ કથા શ્રવણ કરી જીવન ધન્ય બનાવ્યું હતું. હમણાં તીરૂપતિ તુલસી સોસાયટીમાં સત્સંગ સભા થઈ હતી. જેમાં ઘણા હરિભક્તો જોડાયા હતા.

(વિજય ભગત જમીયતપુરા)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકન (યુ.એસ.એ.) ૨૪ મો પાટોત્સવ ઉજવાયો**

શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકનનો ૨૪ મો પાટોત્સવ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને પ.પૂ.મોટા મહારાજશ્રી ના આશીર્વાદથી ધામધૂમથી ઉજવાયો.

અત્રે પૂજારી સંતોએ ઠાકોરજીને મહા ભિષેક વેદ વિધિસર કરી સૌ હરિભક્તોને દર્શનનો સુંદર લાભ આપ્યો હતો. આ પ્રસંગે પ્રાસંગિક સભામાં બોસ્ટનથી પધારેલા ચરાડવા મંદિરના મહંત શા.સ્વા. હરિપ્રકાશદાસજી, બ્ર.શા. હરિસ્વરૂપાનંદજી, વિહોકન મંદિરના મહંત શા.સ્વા. માધવપ્રસાદદાસજીએ પ્રસંગોચિત પ્રવચનમાં દેવનો અને પાટોત્સવનો મહિમા કહ્યો હતો.

ખાસ પાટોત્સવ પ્રસંગે દર્શન કરવા પૂ. બિન્દુરાજા, શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમાર પધાર્યા હતા. મુખ્ય યજમાન પરિવારને ભૂદેવ શ્રી ઈશ્વરભાઈ શુકલ અને શ્રી પિનાકીન જાનીએ સમગ્ર પાટોત્સવની પૂજન વિધિ વિધિવત કરાવી હતી. કથા વાર્તા અને કીર્તન ભક્તિબાદ ઠાકોરજીની અન્નકૂટ આરતી થઈ હતી. જે પ્રસંગના દર્શનનોમાં હજારો હરિભક્તોએ લાભ લીધો હતો.

સભામાં બાળકોની સત્સંગ પ્રવૃતિને માધવ સ્વામીએ બિરદાવી હતી. પ.ભ. પ્રહલાદભાઈ પટેલે મંદિરની તમામ માહિતીથી સૌને વાકેફ કર્યા હતા. મંદિરના પ્રેસિડેન્ટ પ.ભ. ભક્તિભાઈએ આગામી ૨૫ મા પાટોત્સવની જાહેરાત કરી હતી. (પ્રવિણભાઈ)

**કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર**

શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા ન્યુજર્સી ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી નૃસિંહ જયંતી ઉત્સવ સંત-હરિભક્તોએ સાથે રહી ઉજવ્યો હતી. સભામાં મહંત સ્વામીએ કથાના રૂપમાં નૃસિંહ ભગવાનની કથા માહાત્મ્ય કહ્યું હતું.

પરશુરામ જયંતી નિમિત્તે સભામાં ધૂન કીર્તન બાદ મહંત સ્વામીએ વચનામૃતની કથા દ્વારા પુત્ર માટેનું 'મા' નું શ્રેષ્ઠ સ્થાન છે તે માટે સંપ્રદાયની રીત મુજબ શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ દરેક મા-બાપના સંતાનોને પોતાના મા-બાપની આજ્ઞામાં વર્તવા અને તેમની સેવા કરવા પર ખાસ અનુરોધ કર્યો હતો. (પ્રવિણભાઈ શાહ)

**વોશિંગ્ટન ડી.સી. (આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટર)**

અત્રે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી સત્સંગ સભા નિયમિત રૂપે થાય છે. જેમાં ઘણા હરિભક્તો લાભ લેવા પધારે છે.

તા. ૬-૫-૧૧ ને શુક્રવારે સાંજે ૭-૧૫ થી ૧૦-૦૦ કેન્ટન્સવીલની ડેઈઝ ઈનમાં સત્સંગ સભા થઈ હતી. જેમાં ધૂન કીર્તન વચનામૃત વાંચન અને પ.પૂ. મોટા મહારાજશ્રીની તસવીરનું પૂજન કરીને પ્રાકટ્યોત્સવ ધામધૂમથી મનાવ્યો હતો. છેલ્લે જનમંગલ પાઠ, આરતી-થાળ કરીને પ્રસાદ વહેંચવામાં આવેલ.

૨૧ મે ના શનિવારના સાંજના ૪-૩૦ થી ૯-૦૦ સુધી સાડા ચાર કલાક ઈલ્કરીઝના હોલમાં સભા થઈ હતી. ધૂન-ભજન-કીર્તન કથા વાર્તા નિત્ય નિયમ, જનમંગલ પાઠ, થાળ, આદિ સત્સંગની સુંદર પ્રવૃતિ થઈ હતી. (કનુભાઈ પટેલ)

**કલિવલેન્ડ (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર નો ત્રીજો પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે કલિવલેન્ડ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ત્રીજો પાટોત્સવ વિધિવત ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૪-૫-૨૦૧૧ થી તા. ૩૦-૫-૨૦૧૧ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ શા.સ્વા. રામાનુજદાસજી અને શા.સ્વા. વ્રજવલ્લભદાસજીના વક્તાપદે થઈ હતી. આજ પ્રસંગમાં સમૂહ મહાપૂજા પણ યોજવામાં આવી હતી. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો.

તા. ૩૦-૫-૨૦૧૧ ના સવારે ૮ થી ૯ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો મહાભિષેક ષોડશોપચાર પૂર્વક વેદ વિધિસર ધામધૂમથી સંપન્ન થયો. જેના દર્શન હજારો ભાગ્યશાળી મુમુક્ષુઓ કર્યા. ત્યારબાદ કથાની પૂર્ણાહુતિ અને અન્નકૂટ આરતી થઈ હતી. ભાવિ પેઢીના ઉગતા સિતારા ચિ. ઋષિલ અને ચિ. ઋષભે મૂળ સંપ્રદાય અને શ્રી નરનારાયણદેવ ગાદી વિષે સુંદર વાત કરી. યજમાનો દ્વારા પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન અને આરતી ઉતારવામાં આવી. પ્રાસંગિક સભામાં પૂ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ) અને શા.સ્વા. ધર્મવલ્લભદાસજીએ ઉદ્બોધન કર્યું હતું. સભામાં સ્વા. સ્વયંપ્રકાશદાસજી, મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી, શા.સ્વા. રામાનુજદાસજી અને હજુરી પાર્ષદ વનરાજ ભગતનું પણ પૂજન કરવામાં આવ્યું હતું. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે શિકાગો, ડિટ્રોઈટ, કોલંબસ, સનસીટી અને ન્યુયોર્કના હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. તમામ સ્વયં સેવકોની સેવા પ્રેરણારૂપ હતી.

(પ્રકાશ પટેલ કલિવલેન્ડ)

**બામરોલી (મધ્યપ્રદેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા**

શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું મધ્યપ્રદેશમાં ગ્વાલિયર સ્ટેટમાં મોરેના તાલુકાનું બામરોલી ગામ ચંબલની ઘાટીમાં આવેલું છે. આપણા આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ જ્યારે જ્યારે છપૈયાધામ જતા ત્યારે આ રસ્તે અને અહીં બામરોલી ગામમાં વિશ્રામ માટે રોકાતા. ઠાકોર દરબારોની વસતી ધરાવતા આ ગામના ભાવિકો પૂ. અયોધ્યાપ્રસાદજી દાદાના દર્શને આવતા અને તેઓના મન દર્શન કરી નિર્મળ બની જતા. પછી તો આ ગામ પર અતિ રાજી થઈ આખા ગામ ફરતે દૂધની ધાર કરી ને સૌને કહ્યું કે આ ગામમાં કોઈનું પણ મૃત્યુ થાય ત્યારે યમનું તેડું નહી આવે. આવું અલૌકિક વચન-વરદાન આપીને કાયમી આ ગામને યમથી વંચિત કર્યું. જે આજે પણ તે પરંપરા પ્રમાણે ચાલુ છે. ત્યારબાદ અહીં પ.પૂ. આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના સંકલ્પ અને ઈચ્છાથી શિખર બધ્ધ મંદિર નિર્માણ થયું. આ ગામ હરિભક્તોને જવા આવવા માટે પહેલા દુર્ગમ રસ્તો અને ચંબલના ડાકુઓની બિકે બહુજ ઓછા ભક્તો જતા પણ હવે રસ્તો સારો બન્યો છે અને ડાકુ પણ રહ્યા નથી. જો કે આપણા મંદિરને કોઈ ડાકુઓએ ક્યારેય કાંઈ નુકશાન નથી કર્યું.

અહીં દર વર્ષે પાટોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી કે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી કોઈને કોઈ અવશ્ય પધારે છે.

આ વખતે જેઠ સુદ-૫ ના અસહ્ય ગરમીમાં પણ પ.પૂ. મોટા મહારાજશ્રી સંત-હરિભક્તો સાથે પધાર્યા હતા. અમદાવાદથી શ્રી નાથદ્વારા આપણા મંદિરે રાત્રિ નિવાસ કરી ઠાકોરજી જમાડી બીજે દિવસે મથુરા મંદિર રોકાયા અને ત્યાં ઠાકોરજી જમાડીને બામરોલી જવા પ્રયાણ કર્યું. અહીં ધોમધખતા તાપમાં પણ બામરોલી મંદિરના મહંત સ્વામી અને ગામના ઠાકોર-દરબારોએ ખૂબજ ભવ્ય સામૈયું કર્યું હતું. આજે પણ અહીંના ઠાકોરોની ભાવના નિષ્ઠા પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજમાં જેવી હતી તેવી ને તેવી આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી પ્રત્યે જોવા મળી. મુરેના ગામમાં એક અતિ ભાવિક આપણા સંપ્રદાય પ્રત્યે ગુણ ભાવવાળા શ્રી કમલ ગોયેલ પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન કરી એટલા પ્રભાવિત થયા કે પ.પૂ. મોટા મહારાજશ્રી અને સંત-હરિભક્તો માટે એટલી સુંદર આગતા સ્વાગતા કરી કે એમનું જીવન ધન્ય બની ગયું. બીજે દિવસ પ્રાતઃ બામરોલી મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવનો ષોડશોપચાર મહાભિષેક પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત થયો. અન્નકૂટ આરતી સ્વયં ઉતારીને સભામાં પધાર્યા. સભામાં અમદાવાદ મંદિરના મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજી, સ્વા. કૃષ્ણવલ્લભદાસજી, દેવ સ્વામી (નારાયણઘાટ) શા.સ્વા. વિશ્વવિહારીદાસજી, યોગી સ્વામી, મથુરાના ભાનુ સ્વામી અને અત્રેના મહંત શા.સ્વા. લક્ષ્મીનારાયણદાસજી આદિ સંતોએ બામરોલીનો સંપ્રદાયનો ઈતિહાસ અને ગામની ધર્મકુળ પ્રત્યેની નિષ્ઠાને બિરદાવી. છેલ્લે બામરોલી ગામના ભાવિકોને અને યજમાન પરિવારને પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. પાટોત્સવના યજમાન સુરેન્દ્રનગરના સાંખ્યયોગી બાઈઓ રહ્યાં હતાં. (શા. વિશ્વસ્વરૂપદાસજી)

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૧૦૧/- પરમાર મુક્તાબેન બચુલાલ — ધૂળકોટ-વિલેપાર્લા
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પરમાર જગદીશ બચુલાલ — નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પરમાર મીનાબેન જગદીશભાઈ — નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૫૦૦/- પટેલ ચિંતનકુમાર ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — મણીયોર બેંગ્લોર
૨૦૧/- પટેલા જેઠાલાલ લાલદાસ ચિ. મનન, ચિ. સંગીતા — ડાંગરવા
સારાટકાએ પાસ થયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ અંબાલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૧/- પટેલ દિનેશભાઈ પ્રાણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અંબાપુર
૧૦૧/- ભાવસાર ઈશ્વરલાલ અંબાલાલ — મોટપ
ચિ. પૌત્ર હેમિલ, પૌત્રી વિધિની બાબરી નિમિત્તે
૧૦૧/- શ્રી બાલાજી પંપ શ્રીજી પ્રસન્નાર્થે — હુબલી કર્ણાટક
૧૫૧/- પટેલ પ્રિશા તેજસકુમાર જન્મ પ્રસંગે — વિહારવાળા
૧૧૧/- મોદી નટવરલાલ રણછોડલાલ શ્રીહરિ પ્રસન્નાર્થે — મહેસાણાવાળા
૫૦૧/- અ.નિ. લીલાબેન નવનીતલાલ દાણી શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- ભાવસાર મિકીન-રૂચીતા પુત્રીના જન્મ પ્રસંગે — અમદાવાદ
૧૦૧/- પટેલ શંકરભાઈ મણીભાઈ જન્મ દિન નિમિત્તે — અસલાલી
૧૦૧/- પટેલ રમેશભાઈ હેમાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે — કનીપુર
૨૦૧/- પટેલ અલ્પાબેન ચિ. ભાણો નિકના નામકરણ નિમિત્તે — ભગવાનપુરા
૧૦૦/- માવજીભાઈ પરસોત્તમભાઈ દીકરીની સગાઈ નિમિત્તે — રાજકોટ
૧૦૧/- વાઘેલા નરેન્દ્રસિંહ મેરૂભા ચિ. અમરદિપસિંહને
૧૨ સાયન્સમાં ૯૦ ટકા આવ્યા તે નિમિત્તે
૧૦૧/- ચૌહાણ શાંતિલાલની સુપુત્રીના લગ્ન પ્રસંગે — સુરત
૧૦૧/- ચૌહાણ શાંતિલાલ ચિ. સુપુત્રી કાજલના લગ્ન પ્રસંગે — સુરત
૧૦૧/- પરમાર કુવરજીભાઈ હરજીભાઈ ચિ. મનોજના લગ્ન પ્રસંગે — સુરત
૧૦૧/- ખોલીયા કાંતિલાલ મોહન — સુરત
ચિ. મનીષા અને પૂનમના લગ્ન પ્રસંગે
૧૦૧/- ચોટલીયા શાંતિલાલ ખીમજી ચિ. મનીષાબેનના લગ્ન પ્રસંગે — ધૂળકોટ
૧૦૧/- પટેલ કૈલાશબેન વિષ્ણુભાઈ — આનંદપુરા
ચિ. સંજયભાઈ અમેરિકા ગયા તે નિમિત્તે
૧૦૧/- ખેર માવજીભાઈ ગણેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — બળોલ (ભાલ)
૧૦૧/- ભાવસાર કેતન દિશા શુભ લગ્ન પ્રસંગે — વેડા
૨૦૦/- મંડાણી સતીષભાઈ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે — રાજકોટ
૨૫૦/- પોરીયા અશ્વિનભાઈ વેલજીભાઈ લગ્ન પ્રસંગે — ધૂળકોટ
૨૦૨/- રમલાવત ખુમાનસિંહ એમ. — ગાંધીનગર
જન્મ દિન અને લગ્ન તિથિ નિમિત્તે
૧૦૧/- વાઘેલા પારૂલબેન પ્રવિણસિંહ લગ્ન પ્રસંગે — ગોધાવી
૧૦૧/- વાઘેલા મિતલબેન ભરતસિંહ લગ્ન પ્રસંગે — ગોધાવી
૧૦૧/- સાપરીયા સુખાભાઈ નાથાભાઈ ચિ. પિન્ટુના લગ્ન પ્રસંગે — સુરત
૧૦૧/- પટેલ ભૂમિકાબેન ધર્મેન્દ્રકુમાર જન્મ દિન નિમિત્તે લસુન્દ્રા (ઓસ્ટ્રેલીયા)
૧૦૧/- પટેલ સચિનકુમાર દિપકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૦૧/- પટેલ વિરેનકુમાર કનૈયાલાલ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૦૧/- પટેલ હરજીવનદાસ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૦૧/- ચૌહાણ ખુમાનસિંહ હેમાજી — ટાંકીયા
ચિ. સિધ્ધાર્થના જન્મ દિન નિમિત્તે
૧૦૧/- પટેલ જશોદાબેન પ્રવિણચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે — હઠીપુરા
૧૦૧/- પટેલ રમેશચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૦૧/- પટેલ માસુમબેન ગીરીશભાઈ — ઝુલાસણ
ધો-૩ માં પ્રથમ નંબરે પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- પટેલ સોહિલ ગીરીશભાઈ — ઝુલાસણ
ધો-૭ માં પ્રથમ નંબરે પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- પટેલ પ્રવિણચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — રતનપુર
૧૦૦/- પટેલ હાર્દિકકુમાર જગદીશભાઈ જન્મ દિન નિમિત્તે — બાયડ
૧૦૦/- ચૌધરી અનંતિકાબેન ચંદ્રેશકુમાર — આકરૂંદ (બાયડ)
૧૩ મી લગ્ન તિથિ નિમિત્તે
૨૦૧/- મોરી રવિ સુખાભાઈ લગ્ન નિમિત્તે — કાલીયાણા
૧૦૦/- મારવી વ્રજેનકુમાર ભરતકુમાર જન્મદિન નિમિત્તે — મુંબઈ

૧૦૧/- પટેલ કનુભાઈ ભલાભાઈ સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે — ઉવારસદ
૧૦૧/- મણીલાલ અ.સૌ. માણેકબેન ૫૦ મી લગ્ન તિથિ નિમિત્તે — દહેગામ
૧૦૧/- અ.સૌ. કાંતાબેન ડાહ્યાભાઈનાં સ્મરણાર્થે — ગાંધીનગર
૧૦૧/- ડાભી રજુજી શિવાજી ચિ. પ્રિયંકના લગ્ન પ્રસંગે — ડાંગરવા
૧૦૧/- પટેલ શૈલેષભાઈ ગોવિંદભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે — કુહા
૧૫૧/- પટેલ રાજેશભાઈ ભલાભાઈ નવો સ્ટોર કર્યો તે નિમિત્તે — ન્યુયોર્ક
૧૦૦/- અ.નિ. ગજ્જર સવિતાબેન બળદેવભાઈ પુણ્ય તિથિ નિમિત્તે — રાણીપ
૧૦૧/- પટેલ પ્રફુલભાઈ આર. ચિ. વિમલના લગ્ન પ્રસંગે — બોપલ
૧૦૦/- મોરી યોગેશકુમાર ભલાભાઈ મોટર સાયકલ લીધું નિમિત્તે — કાલીયાણા
૨૫૧/- મોદી મુકેશભાઈ પુત્રના લગ્ન પ્રસંગે — પાટણ
૧૦૦/- પરમાર કુલદિપ એલ. ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે — બળોલ-ભાલ
૧૦૧/- ભાવસાર પરેશકુમાર જે. નવું મકાન લીધું તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- ઠક્કર બાબુલાલ ટી. ભાણેજ આર્જવ — વિરમગામ
ધો-૧૨ સાય.માં ૯૬% ટકા આવ્યા તે નિમિત્તે
ભાણેજ આર્જવ ધો-૧૨ સાય.માં ૯૬% ટકા આવ્યા તે નિમિત્તે — વિરમગામ
૧૦૦/- રાધવાણી માહિ દિપક જન્મ દિન નિમિત્તે — મુંબઈ
૮૦૧/- પટેલ હર્ષિલકુમાર રાજેશભાઈ ૮ મી પુણ્ય તિથિ નિમિત્તે — લસુન્દ્રા
૨૦૦/- પટેલ અર્થ સુરેશકુમાર ૧૨ સાયન્સમાં ૯૪ ટકા — જમીયતપુરા
આવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ દિપક વિઠ્ઠલભાઈ નોકરી મળી તે નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- પટેલ સંદિપ વિઠ્ઠલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૦/- ખેર ટ્વિન્કલ ઘનશ્યામભાઈ ધો-૯ માં ૮૯ ટકા — બળોલ (ભાલ)
આવ્યા તે નિમિત્તે
૧૧૧/- પંચાલ ચંદ્રકાન્ત દેવચંદ નવી ૪ વીલ ગાડી લાવ્યા — અમદાવાદ
તે નિમિત્તે
૨૦૨/- પટેલ રાજેન્દ્રકુમાર સોમાભાઈ નવું બાઈક અને — ધનસુરા
એ.સી. લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- રાઠોડ મેઘજીભાઈ માધવજીભાઈ ચિ. વિમલ અને — સુરત
અશ્વિનના લગ્ન પ્રસંગે
૪૦૧/- મેવાડા પ્રહલાદભાઈ ગણપતરામ અ.નિ. ચિ.જયેશભાઈ — કણભા
અને યોગેશભાઈના પુત્રોને યજ્ઞોપવિત પ્રસંગે
અ.નિ. ચિ.જયેશભાઈ અને યોગેશભાઈના પુત્રોને યજ્ઞોપવિત પ્રસંગે — કણભા
૧૦૧/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ બહેનની — બાવળા
પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- પટેલ સુધીરકુમાર જયંતીભાઈ લગ્ન પ્રસંગે — વિહાર
૧૦૧/- પટેલ નિકુંજ સુરેશભાઈ ગોવિંદભાઈ ધો-૧૨ માં — વિહાર
સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે
૫૦૧/- પટેલ મહેશભાઈ મનજીભાઈ નવું ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે — ગોઠીબ
૧૫૧/- ભાવસાર જસવંતલાલ છનાલાલ નવું મકાન લીધું તે નિમિત્તે — અમદાવાદ
૧૦૧/- પટેલ રીટાબેન ચિ. રીટા તથા રાજેન્દ્રના લગ્ન પ્રસંગે — અમદાવાદ
૫૦૧/- સાપરીયા કાંતિલાલ મોહનલાલ — કતરાસગઢ
ચિ. વિશાલના તા. ૨૪-૫-૧૧ ના લગ્ન પ્રસંગે
૧૦૦/- ભાવસાર મંજુલાબેન રમણલાલ શ્રીજી પ્રસન્નાર્થે — અમદાવાદ
૧૦૧/- ભાવસાર પિન્કેશ દેવેન્દ્રભાઈ જન્મ દિન નિમિત્તે — અમદાવાદ
૧૦૦/- ડૉ. ચિરાગ મહેન્દ્રભાઈ કાતરાણી શ્રીજી પ્રસન્નાર્થે — રાજકોટ
૧૦૦/- પટેલ સૂર્યકાંત મફતલાલ નવું બાઈક લીધું તે નિમિત્તે — નરોડા
૧૦૦/- પટેલ જેઠાલાલ લાલદાસ — ડાંગરવા
ચિ. ડિમ્પલ ભરતકુમારના લગ્ન પ્રસંગે
૧૦૦/- પ્રો. કે.આર. પટેલ પી.એચ.ડી. થયા તે નિમિત્તે — બોપલ
૨૦૧/- પટેલ જ્યોત્સનાબેન રમેશચંદ્ર — સોજાવાળા
નારાયણ ટેક્ષટાઈલ શેડ રાખ્યો તે નિમિત્તે
૧૦૧/- પટેલ રણછોડભાઈ દેવજીભાઈ — આણંદપુર-ભાલ
કુ. પ્રિસાના તા. ૧૯-૬ જન્મદિન નિમિત્તે
૧૦૦/- દિનેશચંદ્ર કાંતિલાલ ચિ. ઉર્વેશના લગ્ન પ્રસંગે — અમદાવાદ
૧૧૧/- મોદી તારાબેન નટવરલાલ શ્રીજી પ્રસન્નાર્થે — મહેસાણા
૧૦૧/- પટેલ રજતભાઈ મહેન્દ્રભાઈ — ગવાડા
ધો-૧૨ સાયન્સમાં ફર્સ્ટ કલાસ નિમિત્તે
૧૦૧/- પટેલ વર્ષાબેન મહેન્દ્રભાઈ સગાઈ નિમિત્તે — ગવાડા
૫૦૧/- સેજપાલ પ્રવિણાબેન રાજેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે — નાસિક-મુંબઈ

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ચૈત્ર સુદ-૨ | સ.ગુ.સ્વામી મુકુંદજીવનદાસજી ગુરુ સ્વામી કેશવપ્રિયદાસજી પાટડીવાળા હ. શ્રીજીપ્રકાશ સ્વામી (મગશ) | |
| ચૈત્ર સુદ-૨ | દમુબેન શીવજી વેકરીયા (મગશ) | માધાપર-કચ્છ |
| ચૈત્ર સુદ-૨ | રામજીભાઈ માવજીભાઈ પાદરા (મગશ) | |
| ચૈત્ર સુદ-૩ | રવજી હરજી રાબડીયા (મગશ) | વાડાસર (કચ્છ) |
| ચૈત્ર સુદ-૪ | લલિતભાઈ ભગવાનજી દવે હ. રાજુ સ્વામી (મગશ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૬ | પટેલ રમણભાઈ ભુદરભાઈ (ચુરમાના લાડુ) | સાચોદર |
| ચૈત્ર સુદ-૭ | અ.નિ. ભાવસાર અંબાલાલ શામળદાસ હ. બાબુભાઈ (માલપુવા) | મોટપ |
| ચૈત્ર સુદ-૭ | બાબુભાઈ વલ્લભભાઈ કથેરીયા (મૈસુબ) | બાપુનગર |
| ચૈત્ર સુદ-૭ | અ.નિ. મેઘજી નારણ વેકરીયા (ચુરમાના લાડુ) | નારાણપર-કચ્છ |
| ચૈત્ર સુદ-૭ | કાન્તાબેન કરસનભાઈ હ. હરિચરણ સ્વામી કલોલ (મોહનથાળ) | |
| ચૈત્ર સુદ-૧૦ | હંસાબેન ટી. પટેલ હ. વનરાજ ભગત (મગશ) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૩ | લીલાબેન કનૈયાલાલ ચોકસી હ. જે.પી. સ્વામી (શીખંડ પુરી) | અમદાવાદ |
| ચૈત્ર સુદ-૧૪ | કપિશ કેતનભાઈ પટેલ હ. પ.ભ. રતિભાઈ ટ્રસ્ટીશ્રી (શીખંડ પુરી) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૨ | અ.નિ. નિરુબેન નરેશભાઈ પટેલ હ. નરેશભાઈ (ચુરમાના લાડુ) | લાલોડા |
| ચૈત્ર વદ-૪ | સમીર સિન્થેટીક મિલ્સ હ. સમીરભાઈ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૫ | પટેલ કુબેરભાઈ પ્રભુદાસ હ. ગોવિંદભાઈ (ચુરમાના લાડુ) | વિહાર |
| ચૈત્ર વદ-૬ | પટેલ નટુભાઈ ત્રિકમભાઈ (બુંદીના લાડુ, સાટા) | ગોતા |
| ચૈત્ર વદ-૬ | અંબાલાલ મોહનલાલ સોની હ. ધર્મેન્દ્રભાઈ (રસ પુરી) | સાણંદ |
| ચૈત્ર વદ-૭ | મથુરભાઈ મગનભાઈ પટેલ (ચુરમાના લાડુ) | સોનાસણ |
| ચૈત્ર વદ-૭ | એન. કે. પુજારા (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૭ | દિનેશભાઈ ચોપડા હ. સુરેશભાઈ (મોહનથાળ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૮ | ગણેશભાઈ મગનદાસ (મગશ, રસપુરી) | બામરોલી |
| ચૈત્ર વદ-૧૨ | અ.નિ. પટેલ કનૈયાલાલ મંગળદાસ હ. ભીખાભાઈ જોઈતારામ (મગશ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૨ | સુનિતાબેન દિલીપકુમાર પટેલ (મોહન થાળ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૨ | માતુશ્રી પ્રેમબાઈ વિશ્રામ ડાહ્યા વેકરીયા (મગશ) | બળદીયા-કચ્છ |
| ચૈત્ર વદ-૧૨ | ડાહ્યાભાઈ ચેલાભાઈ બુટીયા (બુંદીના લાડુ) | કાલીયાણા |
| ચૈત્ર વદ-૧૨ | કાંતિભાઈ બબુભાઈ પટેલ (મગશ) | વાવોલ |
| ચૈત્ર વદ-૧૩ | કૃષ્ણ એસ. વેકરીયા હ. હરજીવન સ્વામી (શીખંડ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૩ | ભીમજી વિશ્રામ રાબડીયા | માંડવી (કચ્છ) |
| ચૈત્ર વદ-૧૩ | વેલજી લાલજી સુરજાણી | માંડવી (કચ્છ) |
| ચૈત્ર વદ-૧૩ | અ.નિ. બ્ર.સ્વા. ચંદ્રપ્રકાશાનંદજી (મૈસુબ, સાટા) | ગઢડા |
| ચૈત્ર વદ-૧૩ | તરૂલતાબેન ગીરધરભાઈ પટેલ (મગશ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૩ | હિંમતભાઈ વશરામભાઈ (રસ, ગુલાબજાંબુ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૧૪ | અ.નિ. હંસાબેન શશીકાન્તભાઈ પરીખ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ચૈત્ર વદ-૩૦ | પુરબેન મનજી વેકરીયા (ચુરમાના લાડુ) | કુંદનપુર (કચ્છ) |
| ચૈત્ર વદ-૩૦ | રમણભાઈ જેસંગભાઈ પીથુભાઈ હ. મુકેશ, ઘનશ્યામભાઈ (રસપુરી, મગશ) | બાલવા |
| વૈશાખ સુદ-૧ | બેચરભાઈ હ. રાજુ સ્વામી (રસપુરી) | ઝુંડાલ |
| વૈશાખ સુદ-૩ | અ.નિ. ઘનશ્યામભાઈ રામજીભાઈ ઠક્કર હ. આશિષભાઈ (મોહન થાળ) | ધ્રાંગધ્રા |
| વૈશાખ સુદ-૩ | રેવાબેન રણછોડભાઈ પટેલ (બુંદીના લાડુ) | સુકાટીંબા |
| વૈશાખ સુદ-૫ | બિપીનચંદ્ર મામતોરા (શીખંડ પુરી) | |
| વૈશાખ સુદ-૫ | સૌમ્ય વિનોદચંદ્ર ઠક્કર (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૫ | દિપ્તિ વિરેનકુમાર કારિયા (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૫ | પ્રવિણભાઈ ડાહ્યાભાઈ પટેલ (વકીલ) હ. ધર્મજીવન સ્વામી (બુંદીના લાડુ) | ઓઢવ |
| વૈશાખ સુદ-૫ | પ્રવિણભાઈ શંકરભાઈ પટેલ (શીખંડ પુરી) | કલોલ |
| વૈશાખ સુદ-૫ | સા.યો. રાજકુંવરબા અને સાં.યો. ઉષાબા (શીખંડ પુરી) | મોરબી |
| વૈશાખ સુદ-૬ | લલીતાબેન હરિપ્રસાદ જોષી હ. રાજેશ, સુધાકર, વિશ્વંભર જોષી (બુંદીના લાડુ) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૭ | અશ્વિનભાઈ સોમાભાઈ પટેલ (મગશ) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૯ | નારણભાઈ મનસુખભાઈ પટેલ (ચુરમાના લાડુ) | બારડોલી |
| વૈશાખ સુદ-૯ | પટેલ મમતાબેન દિનેશકુમાર (હાલ યુ.એસ.એ.) (ચુરમાના લાડુ) | પલીયડ |
| વૈશાખ સુદ-૯ | લાલજી પરબત વરસાણી (હાલ કેનીયા) (ચુરમાના લાડુ) | સામત્રા-કચ્છ |
| વૈશાખ સુદ-૧૦/૧૧ | ધીરેનભાઈ અનંતરાય કામદાર (રસ પુરી) | પોરબંદર |
| વૈશાખ સુદ-૧૩ | શાંતાબેન રામાભાઈ પટેલ (ચુરમાના લાડુ) | ગાંધીનગર |

| | | |
|---|---|---|
| વૈશાખ સુદ-૧૩ | રાજેન્દ્રભાઈ સોમેશ્વરભાઈ પટેલ (મોતૈયા લાડુ) | રનેલા |
| વૈશાખ સુદ-૧૩ | માણેકભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૧૩ | દિલિપભાઈ જીવાભાઈ પટેલ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૧૩ | ચોકસી ઉષાબેન ચંદ્રકાન્ત હ. રાજુ સ્વામી (રસ પુરી) | અમદાવાદ |
| વૈશાખ સુદ-૧૪ | રાજેશ મનજી હિરાણી (મોહનથાળ, ચુરમાના લાડુ) | ભુજ-કચ્છ |
| વૈશાખ સુદ-૧૫ | રામબાઈ કેરાઈ (મોહનથાળ) | કુંદનપુર-કચ્છ |
| વૈશાખ વદ-૧ | ભીખાભાઈ મુળજીભાઈ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| વૈશાખ વદ-૧ | કંચનબેન મનસુખરાય પંડ્યા હ. પારસબેન યોગેશભાઈ ભટ્ટ (મોહનથાળ) | અમદાવાદ |
| વૈશાખ વદ-૧ | જીતેન્દ્રકુમાર શાંતિલાલ ઠક્કર હ. ડૉ. પ્રતિક ઠક્કર (બુંદીના લાડુ) | યુ.કે. |
| વૈશાખ વદ-૨ | અ.નિ. શાસ્ત્રી ગોપીનાથદાસજી ગુરુ હરિકૃષ્ણદાસજી હ. દેવનંદન સ્વામી (મોતૈયા લાડુ) | વડતાલ |
| વૈશાખ વદ-૫ | પંકજકુમાર બાબુલાલ પટેલ (અમેરિકા) (ચુરમાના લાડુ, શીખંડ) | ડાંગરવાવાળા |
| વૈશાખ વદ-૫ | ડાહ્યાભાઈ માધવલાલ પટેલ (શીખંડ પુરી) | યુ.એસ.એ. |
| વૈશાખ વદ-૫ | નટવરભાઈ સોમદાસ પટેલ (અમેરિકા) (શીખંડપુરી, સાટા) | વડુ |
| વૈશાખ વદ-૬ | દિનેશ માલી (ચુરમાના લાડુ) | વાલી (રાજ.) |
| વૈશાખ વદ-૭ | અ.નિ. લાલબાઈ મંનજી હાલાઈ હ. નિરવ જયંતી હાલાઈ (મોહનથાળ) | માંડવી (કચ્છ) |
| વૈશાખ વદ-૮ | દાળમાં મહિલા મંડળ (મગશ) | |
| વૈશાખ વદ-૯ | રણછોડભાઈ એલ. પટેલ હે. દેવ સ્વામી (નારાયણઘાટ) (રસ પુરી) | નારણપુરા |
| વૈશાખ વદ-૧૦ | જે.પી. પટેલ હ. હરિસ્વરૂપ સ્વામી (મોતૈયા લાડુ) | જાનવડ |
| વૈશાખ વદ-૧૨ | રણછોડભાઈ માધાભાઈ પટેલ (મોહનથાળ) | ઘાટલોડીયા |
| વૈશાખ વદ-૧૨ | પ્રહલાદભાઈ નારણભાઈ પટેલ હ. પ્રવિણભાઈ મંગળદાસ (ચુરમાના લાડુ, મોહનથાળ) | |
| વૈશાખ વદ-૧૨ | વિજયભાઈ બી. પટેલ (મોહનથાળ) | અમદાવાદ |
| વૈશાખ વદ-૧૨ | વિશ્રામ માવજી ભંડેરી, ગં.સ્વ.ધ.પ. વાલબાઈ વિશ્રામ ભંડેરી (મગશ) | દહિંસરા (કચ્છ) |
| વૈશાખ વદ-૧૩ | જયાબેન નારણદાસ (મોતીયા લાડુ, મોહનથાળ) | અમદાવાદ |

## અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ :** સ્વામી બળદેવપ્રસાદદાસ ગુરુ સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી તા. ૨૨-૬-૨૦૧૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા મૂળી મંદિરમાં અક્ષરનિવાસી થયા છે.

**કાલીયાણા (તા. વિરમગામ) :** પ.ભ. ભીખુભાઈ જેઠુભાઈ મોરીના માતુશ્રી પ.ભ. પુરીબેન જેઠુભાઈ મોરી જેઠ સુદ-૧૪ ને તા. ૧૪-૬-૨૦૧૧ને મંગળવારના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. ડૉ. ગોવિંદભાઈ (આનંદપુરાવાળા)ના સુપુત્ર શ્રી રાજેશભાઈ તા. ૮-૫-૨૦૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બાલાસિનોર :** કાછીયા શારદાબેન મણીલાલ તા. ૨૫-૫-૨૦૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. દયાળભાઈ મથુરભાઈ પટેલ તા. ૨૦-૫-૨૦૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સીડની (ઓસ્ટ્રેલીયા) :** આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર (**I.S.S.O.** સીડની **BLCK TOWN**) ના ટ્રસ્ટી તથા ખજાનચી શ્રી મહેન્દ્રભાઈ અમીન (મુકેશભાઈ) તથા શ્રી વિમલભાઈના પૂ. પિતાશ્રી કે જેમણે ફીજીમાં પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીને સત્સંગ અર્થે પધરામણી કરાવી ખૂબજ સેવા કરી રાજીપો મેળવ્યો હતો તથા તેમનો સમગ્ર પરિવાર આજે પણ સીડની મંદિરમાં સેવા રત છે. એવા આપણા પ.ભ. ચંદ્રકાંતભાઈ અમીન (શ્રી બચુભાઈ) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા કરતા અક્ષરનિવાસી થયા છે. શ્રીહરિ તેમને નિજ સેવાનું સુખ આપે તેવી પ્રાર્થના.

**ઓકલેન્ડ ન્યુઝીલેન્ડ :** આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર (**I.S.S.O.** ઓકલેન્ડ ન્યુઝીલેન્ડ)ના પ્રમુખશ્રી તથા શ્રી નરનારાયણદેવના અતિ નિષ્ઠાવાન તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના કૃપાપાત્ર તથા તન, મન, ધનથી સમર્પિત એવા પ.ભ. ડૉ. કાંતિભાઈ તથા પ.ભ. જયંતીભાઈના માતુશ્રી પ.ભ. ગજરાબેન નારણભાઈ પટેલ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા કરતા અક્ષરનિવાસી થયા છે. શ્રીહરિ તેમને પોતાના ધામના ધામે સુખીયા કરે એવી પ્રાર્થના.

**મોરબી :** પ.ભ. ગોદાવરીબેન ભગવાનદાસ રાણપુરા (ઉ. ૭૨ વર્ષ) તા. ૧૪-૫-૨૦૧૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બાવળા :** પ.ભ. સોની હીરાભાઈ કેશવલાલ (કચ્છી)ના ધર્મ પત્નિ અ.સૌ. જસુમતીબેન તા. ૧-૫-૨૦૧૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**હળવદ (મયુરનગર) :** શ્રી નરનારાયણદેવ અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના ખૂબજ નિષ્ઠાવાન યુવક મંડળના સક્રિય કાર્યકર પ.ભ. ચિરાગભાઈ ઈશ્વરભાઈ જોબનપુત્રા તા. ૨૮-૬-૨૦૧૧ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

# ગુરુપૂર્ણિમા ગુરુપૂજન મહોત્સવ

સમસ્ત સત્સંગને અતિ આનંદ સહ જણાવવાનું કે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્થાને પોતાનું જ દિવ્યકુળ ધર્મવંશી પરિવારના આચાર્ય મહારાજશ્રીને પ્રસ્થાપિત કરેલા છે. જે આપણા સંપ્રદાયની અલૌકિક અને દિવ્ય પરંપરા છે. જેથી અષાઢ સુદ-૧૫ ગુરુપૂર્ણિમાના શુભ દિને સમસ્ત સંત-હરિભક્તોને આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગુરુ પૂજનના આયોજીત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આગ્રહ ભર્યુ નિમંત્રણ છે.

ધર્મકુળ પૂજનના યજમાનશ્રી
શ્રીમતિ ક્રિષ્ણાબેન નવિનભાઈ માંડલીયા (મોરબી)
હ. પ્રતિકભાઈ એન. માંડલીયા
તથા
કૃષ્ણા ડાયમંડ (દુબઈ) હ. દર્શન કૌશીકભાઈ

લિ.
મહંત સ્વામી
શાસ્ત્રી હરિકૃષ્ણદાસજીના
જય શ્રી સ્વામિનારાયણ

**શુભ સ્થળઃ શ્રી સ્વામિનારાયણ મંદિર- કાલુપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧**

મંગલ કાર્યક્રમઃ
અષાઢ સુદ-૧૫ ગુરુપૂર્ણિમા તા. ૧૫/૦૭/૨૦૧૧ ને શુક્રવાર
ગુરુપૂજન સમય : સવારે ૭:૦૦ કલાકથી શરૂ થશે.



## નિમંત્રણ

# પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૪મો પ્રાક્ટ્યોત્સવ



ધર્મકુળ આશ્રિત શ્રી,

આપ સૌને સહર્ષ આનંદ ઉલ્લાસ સાથે જણાવવાનું જે સર્વાવતારી પૂર્ણ પુરૂષોત્તમ પરાત્પર પરબ્રહ્મ પરમાત્મા આપણા ઈષ્ટ દેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્થાને સ્વયં પ્રસ્થાપિત કરેલ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પુત્રરત્ન અને સંપ્રદાયના ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૪ મો પ્રાકટ્ય મહોત્સવ શ્રીનગર શહેરમાં બિરાજમાન ભરતખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવના રૂડા શુભ સાનિધ્યમાં તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં દેશોદેશના પૂ.સંતો મહંતો અને ધર્મકુળ પ્રેમી હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં ધામધૂમથી સંપન્ન થશે. આવા શુભ મંગળ અવસરે સર્વે સંત હરિભક્તોને પધારવા અમારું ભાવભીનું નિમંત્રણ છે.

લિ. મહંત શાસ્ત્રી સ્વામી
હરિકૃષ્ણદાસજીના શ્રીહરિ સ્મૃતિ સહ
જયશ્રી સ્વામિનારાયણ

**મંગલ કાર્યક્રમ :**

**અષાઢ વદ -૧૦ તા. ૨૫-૦૭-૨૦૧૧ને સોમવાર સવારે ૭:૩૦ કલાકે**

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧**

Registered under RNI-GUJGUJ/2007/20221"Permitted to post at
Ahd PSO on 11th every month under postal REG. NO. GAMC.-003/9-11 issued SSP Ahd Valid
up to 31-12-2011 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/07-08 valid up to 31/12/2011



















૧.આપણા ક્લીવલેન્ડ-અમેરિકા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨. સીનેમીન્સન -અમેરિકા મંદિરમાં ઠાકોરજીને ફૂલોના વાઘા. ૩. રતનપર પારાયણ પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૪. પ્રાંતિજ મંદિના પાટોત્સવ પ્રસંગે યજમાનશ્રીનું અભિવાદન કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૫-૬. રામોલ - જમફળવાડી (મહાદેવનગર) આપણા મંદિરમાં ૪થા પાટોત્સવ પ્રસંગે અન્નકૂટની આરતી ઉતારતા અને સભામાં દર્શન આપતા પ.પૂ. લાલજી મહારાશ્રી.

Praful Kharsani